CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ અષાઢ વદ - ૧ | ગુરૂવાર તા.૩૦-૦૭-૨૦૨૬ | અંક : ૩૪ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# એકસાથે ૪ સિસ્ટમ સક્રિય, ગુજરાત માટે ૬ દિવસ ભારે

### સુરત સહિત ૭ જિલ્લામાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ; તમામ વિભાગોને સાધનો-ટીમો સાથે એલર્ટ રહેવા આદેશ



ગાંધીનગર,તા.૩૦

ગુજરાતમાં એક સાથે વરસાદની ચાર સિસ્ટમ સક્રિય થતા આજરોજ ૩૦ જુલાઈથી ફરી વરસાદી માહોલ જામશે. આગામી ૬ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ધોધમાર વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગ દ્વારા આજરોજ સુરત સહિત ૭ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. તો ૩૧ જુલાઈએ અમદાવાદ, વડોદરા, સુરત સહિત ૮ જિલ્લામાં અત્યંત ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરાયું છે.છેલ્લા ૨૪ કલાકમાં ૫૦ તાલુકામાં ૧ મિમીથી લઈને દોઢ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે. સૌથી વધુ દાહોદના સંજેલીમાં ૧.૩૮ ઈંચ, સિંગવડમાં ૧.૦૬ અને મહીસાગરના લુણાવાડામાં પણ એક ઈંચ વરસાદ નોંધાયો છે. ધોલેરા પંથકમાં ઉપરવાસમાં પડેલા ભારે વરસાદથી ચારે તરફ માત્ર પાણી જ પાણી જોવા મળી રહ્યું છે.

ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે રાહત કમિશનર ગૌરાંગ મકવાણાના અગ્રસ્થાને 'વેધર વૉચ ગ્રુપ'ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યમાં વરસાદી પરિસ્થિતિ અને આપત્તિ વ્યવસ્થાપન માટે વહીવટી તંત્રની તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. રાહત કમિશનરે તમામ સંકલિત વિભાગોને સાધનો તથા ટીમોનું મેપિંગ કરી તુરંત એક્શન મોડમાં રહેવા, માર્ગ-મકાન વિભાગને જર્જરિત મકાનો અને હૉર્ડિંગ્સ હટાવવા તેમજ કાચા મકાનો અને ઝૂંપડપટ્ટીમાં રહેતા નીચલા સ્તરના લોકો સુધી આપત્તિના સંદેશા સમયસર પહોંચાડી એક્સ્ટ્રા કેર લેવા આદેશ આપ્યા હતા.

બેઠક દરમિયાન રાહત કમિશનરે જણાવ્યું હતું કે રાજ્યમાં વિષમ વરસાદી પેટર્ન જોવા મળી રહી છે, હાલ રાજ્યમાં એકસાથે ચાર વરસાદી સિસ્ટમ સક્રિય છે, જેમાં ૧. ડીપ ડિપ્રેશન, ૨. મોનસૂન ટ્રફ, ૩. અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન અને ૪. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છે. આ સિસ્ટમને કારણે આજથી વરસાદનું જોર વધશે. ડીપ ડિપ્રેશનની અસરના કારણે પણ વરસાદી સિસ્ટમ મજબૂત બની છે.

## ઈજિપ્તના ડામિએટા પોર્ટ પર US ગેસ ટેન્કર પર ડ્રોન એટેક

### જહાજમાંથી તમામ નાવિકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા, કોઈ જાનહાની નહિ

વોશિંગટન,

મિડલ ઈસ્ટમાં ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે એક નવો અને અત્યંત ખતરનાક વળાંક લઈ રહ્યું છે. અત્યાર સુધી ફારસની ખાડી સુધી સીમિત રહેલો આ સંઘર્ષ હવે ભૂમધ્ય સાગર અને ઈજિપ્તના મુખ્ય ઊર્જા કેન્દ્રો સુધી વિસ્તરી રહ્યો છે. બુધવારે ઈજિપ્તના વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ડામિએટા પોર્ટ પર ઊભેલા એક અમેરિકન ગેસ ટેન્કર પર ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો હતો, જેના પછી ત્યાં ભયાનક વિસ્ફોટ થયો હતો અને વિકરાળ આગ ફાટી નીકળી હતી.

બ્રિટિશ મરીન સિક્યુરિટી ફર્મ 'એમ્બ્રે' અનુસાર, આ હુમલો અમેરિકન માલિકીના 'એનર્જોસ વિન્ટર' નામના ફ્લોટિંગ સ્ટોરેજ ટેન્કર પર થયો હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે આગ નજીકમાં જ ઊભેલા અન્ય ન્દ્વર વાહક 'ગેસલાગ સેલમ' અને એક ટગબોટ સુધી ફેલાઈ ગઈ હતી. ફાયર ફાઈટરોએ ભારે જહમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો અને જહાજમાંથી તમામ નાવિકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનામાં સદ્નસીબે કોઈ જાનહાની થઈ નથી.

## PoKને પાકિસ્તાનનું કાશમીર ગણાવતા ન્યૂયોર્ક ટાઈમ્સ સામે ભારતનો ઉગ્ર વિરોધ

### જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશો પહેલા,આજે અને હંમેશા ભારતનો અભિન્ન અંગ


નવીદિલ્હી,

અમેરિકન સમાચાર પત્ર 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ' (The New Yrok Times) દ્વારા પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીર (PoK) ને "પાકિસ્તાની કાશ્મીર" તરીકે દર્શાવતા અહેવાલ સામે ભારતે ભારે વિરોધ નોંધાવ્યો છે. વોશિંગ્ટન સ્થિત ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આકરો પ્રહાર કરતા સ્પષ્ટ કર્યું છે કે, "કોઈ 'પાકિસ્તાની કાશ્મીર' નથી, તે માત્ર પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર કબ્જે કરાયેલું કાશ્મીર (PoK) છે."

ભારતીય દૂતાવાસે ન્યૂયોર્ક ટાઈમ્સના હેડલાઈન અને શબ્દપ્રયોગને ભ્રામક અને ગલત ગણાવતા ફરી એકવાર ભારતનું વલણ દોહરાવ્યું છે. નવી દિલ્હીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશો પહેલા પણ, આજે પણ અને હંમેશા ભારતનો અવિભાજ્ય અને અખંડ ભાગ રહેશે. આ સાથે જ ભારતે ઉમેર્યું કે પાકિસ્તાને આ વિસ્તારો પર ગેરકાયદે કબ્જો જમાવ્યો છે અને ત્યાંના સ્થાનિક લોકો સામે સતત હિંસાનો ઉપયોગ કરી રહ્યું છે.અમેરિકન અખબારે PoK ના મીરપુર વિસ્તારમાં હાલમાં જ નાગરિક અધિકારો માટે લડતા 'જોઈન્ટ આવામી એક્શન કમિટી'ના સભ્યો અને પાકિસ્તાની સુરક્ષા દળો વચ્ચે થયેલી હિંસક ઝડપ પર એક રિપોર્ટ પ્રકાશિત કર્યો હતો. આ અહેવાલમાં હિંસા દરમિયાન બે લોકોના મોત અને ચૂંટણી પ્રક્રિયા ખોરવાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જોકે, રિર્પોટિંગ દરમિયાન PoK ને "પાકિસ્તાની કાશ્મીર" લખાતાં જ ભારતે તેને સખત શબ્દોમાં સુધારીને કડક પ્રતિક્રિયા આપી છે.

## અમદાવાદના બાવળા પાસે વહેલી સવારે ૨.૬ની તીવ્રતાનો ભૂકંપના આંચકાથી ભયનો માહોલ

### કેન્દ્ર બિંદુ અમદાવાદથી ૨૯ કિમી દૂર અને જમીનમાં ૨૦ કિમીની ઉંડાઈએ, કોઈ જાનહાનિ કે માલ-મિલકતને નુકસાન નહિ



અમદાવાદ,

અમદાવાદમાં ગુરુવારે વહેલી સવારે ભૂકંપનો હળવો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજિકલ રિસર્ચ દ્વારા જાહેર કરાયેલા અહેવાલ અનુસાર આજે ૩૦ જુલાઈના રોજ સવારે ૪:૩૯ વાગ્યે રિક્ટર સ્કેલ પર ૨.૬ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્ર અમદાવાદ શહેરથી અંદાજે ૨૯ કિલોમીટર દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ વિસ્તારમાં હતું.

ISRના જણાવ્યા મુજબ ભૂકંપની ઊંડાઈ જમીનની સપાટીથી આશરે ૨૦ કિલોમીટર નોંધાઈ હતી. તીવ્રતા ઓછી હોવાથી ભૂકંપની અસર મર્યાદિત રહી હતી અને શહેરના મોટાભાગના વિસ્તારોમાં તેની ખાસ અસર જોવા મળી નહોતી. પ્રાથમિક માહિતી અનુસાર, કોઈ જાનહાનિ કે માલ-મિલકતને નુકસાન થયું હોવાના અહેવાલ નથી.

જોકે, વહેલી સવારનો સમય અને આસપાસનું વાતાવરણ શાંત હોવાથી શહેરના કેટલાક વિસ્તારોમાં રહેતા લોકોને હળવી ધ્રુજારીનો અનુભવ થયો હોવાનું જાણવા મળ્યું છે.

નિષ્ણાતોના જણાવ્યા મુજબ, ૨.૬ની તીવ્રતાનો ભૂકંપ સામાન્ય રીતે હળવી શ્રેણીમાં આવે છે, જેના કારણે મોટા ભાગે કોઈ ગંભીર નુકસાન થતું નથી. તેમ છતાં, ભૂકંપ જેવી કુદરતી ઘટનાને ધ્યાનમાં રાખીને સત્તાવાળાઓ સતત સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

અમદાવાદ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભૂકંપની ગતિવિધિઓ પર ISR સતત મોનિટરિંગ કરી રહ્યું છે અને હાલની સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય હોવાનું જણાવાયું છે.

### મહારાષ્ટ્રના નાસિકમાં પણ ૩.૮ની તીવ્રતાનો ભૂકંપ

ગુરુવારે વહેલી સવારે મહારાષ્ટ્રના નાસિકમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૮ નોંધાઈ હતી. આ આંચકો સવારે ૨:૩૭:૪૧ વાગ્યે (IST) અનુભવાયો હતો. દ્રઝજીએ જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્રબિંદુ ૨૦.૪૪૮ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૩.૭૦૮ ડિગ્રી પૂર્વ રેખાંશ પર હતું અને તેની ઊંડાઈ સપાટીથી ૫ કિલોમીટર નીચે હતી. NCSએ 'X' પરની એક પોસ્ટમાં આ વિગતોની પુષ્ટિ કરી હતી.

## ૭ વર્ષથી અમેરિકામાં રહેનારાઓને ગ્રીન કાર્ડ આપવાનું બિલ રજૂ થશે

### ડેમોક્રેટ સેનેટર એલેક્સ પેડિલાનું બિલ પસાર થાય તો ભારતીયો સહિત ૮૦ લાખ લોકોને ફાયદો થશે, ટ્રમ્પ શાસનમાં બિલ પાસ થવું મુશ્કેલ

વોશિંગ્ટન,

અમેરિકામાં રહેતા લાખો ભારતીયો માટે નવું બિલ આશાનું કિરણ લઈ આવ્યું છે. ડેમોક્રેટ સેનેટર એલેક્સ પેડિલાના બિલ મુજબ અમેરિકામાં સાત વર્ષથી કાયદેસર રહેનારાને ગ્રીન કાર્ડ આપવું જોઈએ. જો આ બિલ પસાર થાય તો અમેરિકામાં રહેતા લાખો ભારતીયો સહિત કુલ ૮૦ લાખ જેટલા લોકોને ફાયદો થશે. તેના લીધે આટલા બધા લોકોનો અમેરિકન નાગરિક બનવાનો માર્ગ મોકળો બનશે.

કેલિફોર્નિયાના સેનેટર એલેક્સ પેડિલાનું કહેવું છે કે આ પ્રસ્તાવ ઈમિગ્રેશન સાથે જોડાયેલા તે નિયમને બદલશે જેને ૧૯૮૬થી અપડેટ કરવામાં આવ્યો નથી. પેડિલાની ઓફિસે જણાવ્યું હતું કે એક વર્ષ પહેલાં મેં ટ્રમ્પ તંત્ર દ્વારા મહેનતુ વસાહતીઓ સાથે કરવામાં આવતા ક્રૂર વ્યવહારનો વિરોધ કરવા માટે આ બિલ રજૂ કર્યુ હતુ. પેડિલાનું કહેવું છે કે કોંગ્રેસ દેશમાં લાંબા સમયથી રહેતા આપણા અર્થતંત્ર અને સમાજમાં ફાળો આપતા લાખો લોકોની અવગણના ન કરી શકે, પરંતુ હાલમાં તો આ બિલ પસાર થવાનું સપલું લાગે છે કેમકે રિપબ્લિકન તેનાથી ઉલટી દિશામાં કામ કરી રહ્યા છે.જોકે હાલમાં ડોનાલ્ડ ટ્રમ્પના શાસનમાં આ બિલ પાસ થવું મુશ્કેલ ભર્યું છે.

ઈમિગ્રેશન એક્ટ ઓફ ૧૯૨૯ની જોગવાઈઓનું નવીનીકરણ કાયદો તે વસાહતીઓને સ્થાનિક રહેવાસીનો દરજ્જો આપવાની મંજૂરી આપશે, જે દેશમાં કમસેકમ સાત વર્ષથી કાયદેસર રીતે વસવાટ કરતો હોય. અરજદારનો કોઈ ક્રિમિનલ રેકોર્ડ ન હોવો જોઈએ અને તેણે ગ્રીન કાર્ડ માટે જરૂરી બધી શરતોને પૂરી કરેલી હોવી જોઈએ. આ બિલમાં ડ્રીમર્સ, ટેમ્પરરી પ્રોટેક્ટેડ સ્ટેટ્સ ધારક, જરૂરી સેવાઓમાં કામ કરનારા લોકો અને લાંબા સમયથી વિઝાધારક લોકોના બાળકો સામેલ છે.

## કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય બોક્સરોએ ૧૦ મેડલ પાકા કરીને બનાવ્યો ઐતિહાસિક રેકોર્ડ

### ૨૦૨૨ ના બર્મિંગહામ ગેમ્સનો રેકોર્ડ તૂટ્યો; રિંગમાં ક્વાર્ટર ફાઇનલ જીતીને ભારતનાં ૧૦ ધુરંધરો સેમિફાઇનલમાં : બ્રોન્ઝ નક્કી : ગોલ્ડ પર નજર

ગ્લાસગો,

અંકુશ પંઘાલ, સાક્ષી ચૌધરી, જેસ્મિન લાંબોરિયા, અરૂંધતિ ચૌધરી, સચિન સિવાચ અને નરેન્દર બેરવાલે કોમનવેલ્થ ગેમ્સની બોકિંસગ ઈવેન્ટમાં ભારતનું ઉત્કૃષ્ટ પ્રદર્શન જાળવી રાખતાં પોતપોતાનાં વજન જૂથની સેમિફાઇનલમાં પહોંચીને વધુ છ મેડલ પાકા કરી લીધાં છે.બુધવારે મળેલી છ જીત સાથે ૧૦ ભારતીય બોક્સર સેમિફાઇનલમાં પહોંચી ગયાં છે. આ સિદ્ધિએ બર્મિંગહામ ૨૦૨૨માં ભારતનાં બોક્સિંગના કુલ મેડલોની સંખ્યાને પણ પાછળ છોડી દીધી છે, જેમાં દેશે ત્રણ ગોલ્ડ, એક સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ એમ સાત મેડલ જીત્યાં હતાં.આ પહેલા લવલીના બોરગોહેન (૭૫ કિલો), પ્રિયા ધંધાસ (૬૦ કિલો), પ્રીતિ પવાર (૫૪ કિલો) અને જાદુમણિ સિંહ (પુરુષ ૫૫ કિલો) બોક્સિંગમાં ભારતનો મેડલ પાકો કરી ચૂક્યાં છે. હવે બોક્સિંગમાં ભારતનાં કુલ ૧૦ મેડલ થઈ ગયાં છે.છવ્વીસ વર્ષની સાક્ષીએ ૫૧ કિલોગ્રામમાં નોર્ધર્ન આયર્લેન્ડની કૈટલિન ફ્રાયર્સને ૫-૦થી હરાવી. જ્યારે અરૂંધતિએ ૭૦ કિલોગ્રામના અત્યંત મુશ્કેલ મુકાબલામાં ન્યુઝીલેન્ડની મોર્ગન હેન્ડરસનને ૩-૧થી માત આપી. પૂર્વ વર્લ્ડ યુથ ચેમ્પિયન સિવાચે પુરુષોના ૬૦ કિલોગ્રામની સેમિફાઇનલમાં પહોંચીને ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ પાકો કરી લીધો. તેમણે બોત્સ્વાનાના ટ્રેઝર મોરેમીને સર્વસંમતિથી લેવાયેલા નિર્ણયમાં ૫-૦થી હરાવ્યા.વિમેન્સ ૫૭ કિગ્રા ક્વાર્ટર ફાઇનલમાં જેસ્મિન લાંબોરિયાએ ઈંગ્લેન્ડની એલિસ ગિલનને ૪-૧થી હરાવી. અંકુશે પુરુષોની ૮૦ કિલો સેમિફાઇનલમાં સેશેલ્સના જેડ મિકોકને ૫-૦થી હરાવ્યાં. અંકુશે શાનદાર ડિફેન્સ અને ચુસ્ત આક્રમણથી પહેલાં જ રાઉન્ડથી દબદબો બનાવી લીધો.

## ઈરાક પર સાઉદી-અમેરિકાનો હુમલો : ૨૦નાં મોત

### હુમલામાં ઈરાનના છ સલાહકારોના પણ મોત, સાઉદીના ક્રાઉન પ્રિન્સ અને ઈરાકના વડાપ્રધાન અલ જેદી વચ્ચે આજે યોજાનારી બેઠક રદ

તહેરાન,

અમેરિકા -ઈરાન વચ્ચેના યુદ્ધનો વ્યાપ વધતો જાય છે. તેમા હુથીઓ તો જોડાયા જ છે. હવે સાઉદી અરેબિયા પણ જોડાયું છે. અમેરિકા અનેસાઉદીએ ઈરાકમાં ઈરાન સમર્થિત આતંકી જૂથ પર કરેલી એરસ્ટ્રાઇકમાં ઈરાનના છ સલાહકાર સહિત ૨૦ના મોત થયા છે અને ૩૨થી વધુ ઈજા પામ્યા છે. આથી ઈરાને પણ પશ્ચિમ એશિયામાં અમેરિકાના લશ્કરી થાણા પર ફરીથી હુમલા શરૂ કરતાં યુદ્ધ વધુ ઘેરું થયું છે.

અમેરિકા અને સાઉદીના લડાકુ વિમાનોએ પૂર્વી ઈરાકમાં કેટલાય સ્થળો પર આતંકવાદીઓના લોજિસ્ટિક્સ અને શસ્ત્રોના ઠેકાણા પર હુમલા કર્યા. અમેરિકન કમાન્ડે જણાવ્યું હતું કે રિવોલ્યુશનરી ગાર્ડ અને તેના આતંકી સહયોગીઓના હુમલા બંધ કરવા પડશ, તો જ અમેરિકા લશ્કરી કાર્યવાહી નહી કરે.સાઉદીના સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પર પોસ્ટમાં ચેતવણી આપી છે કે સાઉદી અરેબિયા આ ક્ષેત્રમાં તણાવ વધારવા માંગતુ નથી, પરંતુ જો તેના પર હુમલો થાય છે તો તે તેનો જવાબ ચોક્કસ આપશે. અમેરિકા અને સાઉદીએ ઈરાકના સાત પ્રાંતમાં હુમલા કર્યા હતા, આ તનાવના પગલે ગુરુવારે જેદ્દાહમાં ઈરાકના વડાપ્રધાન અને સાઉદી ક્રાઉન પ્રિન્સ વચ્ચે યોજાનારી બેઠક રદ કરી દેવામાં આવી છે.

## અદાણી પોર્ટ્સનો નફો 10% વધીને ૩,૬૪૯.૫૦ કરોડ થયો, આવકમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો

### ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં તેની કુલ આવક વધીને ૧૧,૬૭૩.૭૧ કરોડ થઈ

નવીદિલ્હી,

અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડએ બુધવારે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ક્વાર્ટર માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા. અદાણી ગ્રુપ કંપનીએ સ્ટોક એક્સચેન્જને આપેલી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં તેનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૧૦.૨૩ ટકા વધીને ૩,૬૪૯.૫૦ કરોડ થયો છે. એ નોંધવું જોઈએ કે ગયા નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં કંપનીનો ચોખ્ખો નફો ૩,૩૧૦.૬૦ કરોડ હતો.

બુધવારે એક્સચેન્જ ફાઈલિંગમાં, કંપનીએ જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં તેની કુલ આવક વધીને ૧૧,૬૭૩.૭૧ કરોડ થઈ છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૯,૪૨૨.૧૮ કરોડ હતી. આ જ સમયગાળા દરમિયાન તેનો કુલ ખર્ચ પણ વધીને ૭,૦૭૮.૬૪ કરોડ થયો છે, જે ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં ૫,૭૩૧.૮૮ કરોડ હતો.

અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના સીઈઓ અશ્વની ગુપ્તાએ જણાવ્યું હતું કે, "તમામ વ્યવસાયિક ક્ષેત્રોમાં સંતુલિત વૃદ્ધિએ અમારા મહત્વાકાંક્ષી ૨૦૩૧ ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં અમારા વિશ્વાસને વધુ મજબૂત બનાવ્યો છે."

અશ્વની ગુપ્તાએ જણાવ્યું હતું કે ૨૦૩૦ સુધીમાં એક અબજ ટન (૧,૦૦૦ એમએમટી) ક્ષમતા પ્રાપ્ત કરવાના લક્ષ્ય સાથે, ચાલુ સ્થાનિક ક્ષમતા વિસ્તરણ કાર્યક્રમ, વધતો આંતરરાષ્ટ્રીય વ્યવસાય અને ઝડપથી વિસ્તરતા લોજિસ્ટિક્સ નેટવર્ક સાથે,એપીએસઈઝેડ વધુ વૈવિધ્યસભર, મજબૂત અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક પરિવહન પ્લેટફોર્મ બનાવી રહ્યું છે જે લાંબા ગાળાના મૂલ્ય સર્જન માટે સક્ષમ હશે.

# ગુજરાત પોલીસના એવોર્ડ ફ્રેમવર્કનો ઐતિહાસિક વિસ્તાર કરાયો

## રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા ડીજીપી કમેન્ડેશન ડિસ્કની સંખ્યા વધારીને ૧૪૮ કરાઈ : સિવિલિયન સ્ટાફ માટે પ્રથમવાર નવી સન્માન પ્રણાલી જાહેર

ગાંધીનગર,

ગુજરાત પોલીસ દળની સતત વિસ્તરતી ભૂમિકા અને કર્મચારીઓના અથાક સમર્પણને યોગ્ય બિરદાંજલિ આપવાના એક મોટા પગલા રૂપે, રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા વાર્ષિક રિવોર્ડ સિસ્ટમમાં વ્યાપક સુધારા અને વિસ્તરણની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યમાં પોલીસ દળની વધતી સંખ્યા અને નવા ઉભરતા પડકારોને ધ્યાનમાં રાખીને વાર્ષિક 'ડ્ઢૅ કમેન્ડેશન ડિસ્ક'ની સંખ્યા વર્તમાન ૧૧૦ થી વધારીને ૧૪૮ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે.




ઉત્કૃષ્ટ અને અસાધારણ સેવાઓને સન્માનિત કરવા માટે સૌપ્રથમ વર્ષ ૨૦૨૦ માં ડ્ઢૅ કમેન્ડેશન ડિસ્કની શરૂઆત કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૬ના સમયગાળા દરમિયાન ગુજરાત પોલીસમાં ૩૦,૦૦૦ થી વધુ નવા પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓની ભરતી કરવામાં આવી છે. છેલ્લા છ વર્ષમાં નવી રેન્જ અને નવા જિલ્લાઓની રચના સાથે સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ અને એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ જેવા વિશિષ્ટ તથા હાઇ-ટેક યુનિટ્સ પણ અસ્તિત્વમાં આવ્યા છે, તેમજ પોલીસ કમિશનરેટોના અધિકારક્ષેત્રમાં વધારો થયો છે.

ગુજરાત પોલીસ આ તમામ ઉભરતા પડકારોને અત્યંત સક્ષમતા અને સાતત્યપૂર્ણ રીતે સંભાળી રહી છે. આ પૃષ્ઠભૂમિમાં રાત-દિવસ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા મહેનતુ પોલીસ કર્મચારીઓનું મનોબળ વધે અને તેમની સેવાઓની યોગ્ય કદર થાય તે હેતુથી રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા આ રિવોર્ડ સિસ્ટમનો વ્યાપ વધારવાની જરૂરિયાત મુકવામાં આવી હતી.

સુધારેલી રિવોર્ડ સિસ્ટમના મુખ્ય આકર્ષણો:

એવોર્ડની સંખ્યામાં વધારો અને સર્વસમાવેશક માપદંડ: એવોર્ડ પ્રણાલીને વધુ વ્યાપક બનાવવા માટે પાત્રતાના માપદંડો હળવા અને વિસ્તૃત કરાયા છે. હવેથી માત્ર ગુના નિવારણ જ નહીં, પરંતુ વહીવટી ફરજો, ટ્રાફિક વ્યવસ્થાપન, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમતગમતમાં ઉત્કૃષ્ટતા તેમજ ચૂંટણી દરમિયાન દર્શાવેલી ઉત્કૃષ્ટ કામગીરીને પણ સક્રિયપણે ધ્યાનમાં લેવાશે.

# છોટાઉદેપુર-દાહોદના જંગલમાં ૧૭ મહિનાથી વાઘની હાજરી હોવાની વન વિભાગે કરી પુષ્ટિ

## વન વિભાગ દ્વારા કેમેરા ટ્રેપિંગ ટેક્નોલોજીની મદદથી વાઘની દરેક ગતિવિધિ પર નજર

છોટાઉદેપુર,

ગુજરાતના છોટાઉદેપુર અને દાહોદ જિલ્લાના જંગલ વિસ્તારોમાં છેલ્લા ૧૭ મહિનાથી એક નર વાઘની હાજરી હોવાની વન વિભાગે પુષ્ટિ કરી છે. વન વિભાગના જણાવ્યા મુજબ વાઘ બંને જિલ્લાની સરહદી જંગલ પટ્ટીમાં સતત મુવમેન્ટ કરી રહ્યો છે અને તેની ગતિવિધિઓ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

વન વિભાગના અહેવાલ પ્રમાણે દાહોદથી લઈને છોટાઉદેપુર સુધીના આશરે ૧૨૦ કિલોમીટરના વિસ્તારમાં આ નર વાઘની અવરજવર નોંધાઈ છે. છોટાઉદેપુર જિલ્લાના ઝોઝ, રતનમહાલ, કેવડી



અને કુંડલ સહિતના જંગલ વિસ્તારોમાં તેની હાજરી જોવા મળી છે.

છોટાઉદેપુરના રતનમહાલ વિસ્તારમાં ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ આ વાઘ પ્રત્યક્ષ રીતે જોવા મળ્યો હતો. ત્યારબાદ વન વિભાગે તેની હિલચાલ પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને અલગ અલગ વિસ્તારોમાં તેની હાજરીને ટ્રેક કરવામાં આવી રહી છે.

ચોમાસાની ઋતુ દરમિયાન ગાઢ જંગલોમાં વાઘનું મોનિટરિંગ કરવું પડકારજનક બની રહ્યું છે.

# બનાસકાંઠાના પાલનપુરમાં ખરોડિયા પાસે બસ-રીક્ષા વચ્ચે અકસ્માતમાં ૩નાં મોત



પાલનપુર,

જીલ્લાના પાલનપુરમાં ખરોડીયા ગામ નજીક એક એસટી બસ અને રીક્ષા વચ્ચે ભયંકર માર્ગ અકસ્માત થયો હતો જેમાં ત્રણ લોકોના મોત થયા હતા અને ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

બનાસકાંઠાના પાલનપુર તાલુકાના ખરોડિયા ગામ નજીક આજે વહેલી સવારે બસ અને રીક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં રીક્ષામાં સવાર ત્રણ લોકોના ઘટના સ્થળે જ મોત થયા છે. જ્યારે ૪ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

બસ અને રિક્ષા વચ્ચે થયેલ માર્ગ અકસ્માત અંગે વિગતો આપતા પાલનપુર તાલુકા પોલીસ મથકના પીઆઈએ ટેલીફોનિક માહિતી આપતા જણાવ્યું કે, "રીક્ષા અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર ત્રણ લોકોના મોત થયા છે. જ્યારે ચાર લોકોને સારવાર માટે સિવિલ હોસ્પિટલ પાલનપુરમાં ખસેડવામાં આવ્યા છે.

# ગુજરાતમાં સરેરાશ દર બે દિવસે ત્રણ વિદ્યાર્થીઓએ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું

## છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં ૧૮૯૯ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી : કોંગ્રેસ

અમદાવાદ,

વિદ્યાર્થીઓ પુસ્તકો સામે નહીં, પરંતુ ભ્રષ્ટ અને નિષ્ફળ શિક્ષણ વ્યવસ્થા સામે હારી રહ્યા છે ત્યારે, અતિ બેફામ ખર્ચાળ શિક્ષણ વ્યવસ્થા, પેપરલીક, પરીક્ષા ગેરરીતિ અને ભરતી કૌભાંડ સામે માત્ર ‘‘એક્ટ નહિ એક્શન’’ની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૮૯૯ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી, વર્ષ ૨૦૨૪માં ૫૬૮ વિદ્યાર્થીઓએ જીવન ટૂંકાવ્યું. એટલે ગુજરાતમાં સરેરાશ દર બે દિવસે ત્રણ વિદ્યાર્થીઓ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું છે. પરીક્ષામાં નાપાસ થવાના ડરથી ૧૦૮ માસૂમ વિદ્યાર્થીઓએ જીવન ટૂંકાવ્યું જ્યારે બેરોજગારીના લીધે ૧૫૯ યુવાનોએ આપઘાત કરી જીવન ટુંકાવ્યું.



તેમણે કહ્યું હતું કે તાજેતરમાં નીટની પરીક્ષાનાં પેપર લીકના કારણે હતાશ – નિરાશ થઈને ૨૧ જેટલા આશાસ્પદ બાળકોએ આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું હતું જેમાંથી એક આશાસ્પદ વિદ્યાર્થી ગુજરાતનો છે. રાજ્યમાં વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય, શિક્ષણ વ્યવસ્થા અને રોજગારની આશાઓ ગંભીર સંકટમાંથી પસાર થઈ રહી છે. વર્ષ ૨૦૨૪માં દેશમાં ૧૪,૪૮૮ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી, દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪૧૪૨૪ જેટલા વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. છેલ્લા એક દાયકામાં વિદ્યાર્થી આત્મહત્યાના કેસોમાં ૮૦ ટકા વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન ૧.૨૩ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી,જ્યારે ૨૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ માત્ર પરીક્ષામાં નિષ્ફળતાના કારણે જીવન ટૂંકાવ્યું. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ૬૩,૯૧૫ બાળકો અને કિશોરોએ આત્મહત્યા કરી એટલે કે દેશમાં દરરોજ સરેરાશ ૪૦થી વધુ બાળકો અને કિશોરો આત્મહત્યા કરે છે. ભારત અને ગુજરાતમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાઓ હવે વ્યક્તિગત દુઃખદ ઘટનાઓ નથી રહી, પરંતુ દેશની શિક્ષણ, રોજગાર અને માનસિક આરોગ્ય વ્યવસ્થાની ગંભીર નિષ્ફળતાનું પ્રતિબિંબ છે.

# મહેસાણામાં ચાંદીપુરા વાયરસે વધુ એક માસૂમનો ભોગ લીધો

## ૪ વર્ષની બાળકીનું સારવાર દરમિયાન વડનગર સિવિલ હોસ્પિટલમાં મોત થયું

મહેસાણા,

જિલ્લામાં ચાંદીપુરા વાયરસથી અત્યાર સુધીમાં કુલ બે બાળકીઓનાં મોત નીપજ્યાં છે જેમાં તાજેતરની ઘટનામાં બહુચરાજી તાલુકાના દેલવાડા ગામની માત્ર ૪ વર્ષની માસુમ બાળકીનું સારવાર દરમિયાન વડનગર સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું છે.

આ મામલે મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તા. ૨૬ જુલાઈ ના રોજ ૪ વર્ષની એક બાળકીને બેભાન અવસ્થામાં મહેસાણાની એક ખાનગી હોસ્પિટલના ICUમાં દાખલ કરવામાં આવી હતી. ૨૭ જુલાઈએ તેનો ચાંદીપુરા વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બાળકીની સ્થિતિ વધુ નાજુક જણાતાં ગત રોજ તેને વડનગર સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી, જ્યાં ગત રાત્રે સારવાર દરમિયાન આ માસૂમે અંતિમ શ્વાસ લીધા.

આ અગાઉ આશરે ૧૦ દિવસ પહેલાં વડનગરના શાહપુરની ૭ વર્ષની બાળકીનું પણ ચાંદીપુરા વાયરસના કારણે અવસાન થયું હતું. આ સાથે મહેસાણા જિલ્લામાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસના કુલ ૮ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૩ બાળકોમાં વાયરસ પોઝિટિવ હોવાની પુષ્ટિ થઈ છે, જ્યારે ૫ કેસ નેગેટિવ આવ્યા છે.

# અમદાવાદમાં ઉછીના આપેલા પૈસા પરત માગતા વકીલે સોપારી આપી વેપારી ઉપર હુમલો કરાવ્યો

## પોલીસે ગુનામાં સામેલ એડવોકેટ સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી

અમદાવાદ,

અમદાવાદ જિલ્લાના વિવેકાનંદ નગર પોલીસ સ્ટેશન હદમાં કરિયાણાની દુકાન ચલાવતા વેપારી પર જીવલેણ હુમલો થયો હતો, જે મામલે પોલીસે ગુનામાં સામેલ એડવોકેટ સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી છે, પોલીસની તપાસમાં સામે આવ્યું કે વેપારી એક આરોપીને આપેલા ઉછીના રૂપિયા પરત માંગતા આ હુમલો થયો હતો, અને હુમલા માટે સોપારી પણ આપવામાં આવી હતી. કોણ છે આરોપીઓ અને શું છે સમગ્ર મામલો?

આ આરોપીઓના નામ




ઈમ્તિયાઝ શેખ, અઝરૂદ્દીન ઉર્ફે મામા શેખ, રાજેશ મહિડા અને સરો ઉર્ફે બટમ અન્સારી છે. ગુનાની વિગતે વાત કરીએ તો મૂળ તમિલનાડુના રહેવાસી હાને હાલ વિવેકાનંદ નગરમાં રહી કરિયાણાની દુકાન ચલાવતા નંદલાલ મુદલીયાર ૯ જુલાઈના રોજ પોતાની દુકાને હતા, તે સમયે ત્રણ આરોપીઓએ તેમની દુકાને આવ્યા હતા અને ઈમ્તિયાઝ શેખ નામના આરોપીએ છરીના ૬ જેટલા ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જે મામલે વિવેકાનંદ પોલીસને જાણ થતા જ પોલીસે વેપારીની પૂછપરછ કરતા તેણે વકીલાત કરતા રાજેશ મહિડા સામે શંકા વ્યક્ત કરી હતી.

# છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખનું સભ્યપદ જિલ્લા કલેક્ટરે રદ કરી દીધું



છોટાઉદેપુર,

છોટાઉદેપુરના રાજકારણમાં મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે. છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ મંજુલાબેન કિશનભાઈ કોલીનું સભ્યપદ જિલ્લા કલેક્ટરે રદ કરી દીધું છે. વડોદરા વિભાગીય વિશ્લેષણ સમિતિએ જાતિ પ્રમાણપત્રની તપાસ બાદ તેને અમાન્ય જાહેર કરતાં કલેક્ટરે કાર્યવાહી કરી છે. હવે પ્રમુખપદ પણ ખાલી થતાં વોર્ડ નંબર-૪માં કોણ ચૂંટાશે અને નગરપાલિકાનો નવો પ્રમુખ કોણ બનશે તે ચર્ચાનો વિષય બન્યો છે.

છોટાઉદેપુર નગરપાલિકાની દોઢ વર્ષ અગાઉ યોજાયેલી ચૂંટણી બાદ કોઈપણ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નહોતી. ત્યારબાદ અન્ય પક્ષોના સભ્યોને ભાજપમાં સામેલ કરીને ભાજપે અનુસૂચિત જનજાતિ માટે અનામત પ્રમુખપદ પર વોર્ડ નંબર-૪માંથી ચૂંટાયેલા મંજુલાબેન કિશનભાઈ કોલીની પસંદગી કરી હતી. તેઓ મામલતદારમાંથી પ્રમાણપત્ર મેળવી ચૂંટણી લડ્યા અને જીતીને પ્રમુખ પણ બન્યા. પરંતુ તેમના જાતિ પ્રમાણપત્ર અંગે નગરના વિજયભાઈ નાયકાએ વડોદરા વિભાગીય વિશ્લેષણ સમિતિ સમક્ષ અરજી કરતાં સમગ્ર મામલાની તપાસ શરૂ કરવામાં આવી હતી. વિભાગીય વિશ્લેષણ સમિતિએ જરૂરી દસ્તાવેજો અને પુરાવાઓની તટસ્થ તપાસ કર્યા બાદ મંજુલાબેન કિશનભાઈ કોલીનું જાતિ પ્રમાણપત્ર અમાન્ય જાહેર કર્યું હતું.

# ગુજરાત રાજ્યમાં ૩૧ જુલાઈએ ૮ જિલ્લામાં ભારે વરસાદનું એલર્ટ

## હવામાન વિભાગે આપી ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી

ગાંધીનગર,

ગુજરાતમાં વરસાદનો વધુ એક શક્તિશાળી રાઉન્ડ શરૂ થવા જઈ રહ્યો છે. હવામાન વિભાગે આગામી ૩૧ જુલાઈએ ગુજરાતના ૮ જિલ્લામાં અત્યંત ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. અતિભારે વરસાદની શક્યતાને લઈને સ્થાનિક તંત્રને સાવચેત રહેવા કડક સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજે ૩૦ જુલાઈ દરમિયાન પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરુચ, સુરત અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. જ્યારે રાજકોટ, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, પંચમહાલ, મહિસાગર, વડોદરા, સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓમાં ભરાવદાર વરસાદની આગાહી સાથે 'યલો એલર્ટ' અપાયું છે.

આવતીકાલે તા. ૩૧ જુલાઈના રોજ અમદાવાદ, આણંદ, વડોદરા, ભરુચ, નર્મદા, સુરત, તાપી અને ડાંગમાં રેડ એલર્ટ, જ્યારે સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ઑરેન્જ એલર્ટ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે સાથેજ છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં અતિભારે વરસાદની શક્યતાને કારણે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પંચમહાલ, દાહોદ અને વડોદરા માટે ઓરેન્જ એલર્ટ છે, જ્યારે અમદાવાદ, ગાંધીનગર સહિત અનેક જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

જ્યારે આગામી ૧ ઑગસ્ટના રોજ ઉત્તર ગુજરાતમાં ઑરેન્જ એલર્ટ સાથે છૂટા છવાયા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસવાની સંભાવના છે. રાજ્યમાં ચોમાસાની ઋતુમાં આગામી દિવસોમાં વરસાદની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને બુધવારે(૨૯ જુલાઈ) ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર(SEOC) ખાતે રાહત કમિશનર ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને 'વેધર વૉચ ગ્રૂપ'ની બેઠક યોજાઈ હતી.

# આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ નિમિત્તે વડોદરા વર્તુળ અને વડોદરા વન્યજીવ વર્તુળ દ્વારા સંયુક્ત કાર્યક્રમનું આયોજન

## ફ્રન્ટલાઈન સ્ટાફની ક્ષમતા વર્ધન, ખોરાક-આધાર યવસ્થાપન અને નિવાસસ્થાન સંરક્ષણ પર ભાર મુકાયો

વડોદરા,

આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ (International Tiger Day) નિમિત્તે વડોદરા વર્તુળ અને વડોદરા વન્યજીવ વર્તુળના સંયુક્ત ઉપક્રમે મધ્ય ગુજરાતના વાઘની અવરજવર ધરાવતા વિસ્તારોમાં કાર્યરત ફ્રન્ટલાઈન વન કર્મચારીઓ માટે એક વિશેષ સંવેદનીકરણ અને ક્ષમતા વર્ધન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બીટ ગાર્ડ, ફોરેસ્ટર અને આર.એફ.ઓ. (RFO) સહિતના ફ્રન્ટલાઈન સ્ટાફને વાઘનું વર્તન, નિવાસસ્થાનનું સંરક્ષણ, તૃણાહારી પ્રાણીઓની સંખ્યા (Prey-base) અને માનવ-વન્યજીવ સંઘર્ષ ઘટાડવાના ઉપાયો અંગે માહિતગાર કરવાનો હતો. સ્થાનિક સ્ટાફને દીપડા સાથે કામ કરવાનો બહોળો અનુભવ છે, પરંતુ વાઘ જેવી મુખ્ય પ્રજાતિ (Umbrella Species) ના વર્તન વિશે તેઓને પૂરતી સમજ ન હોય વાઘ ના વર્તન અને તેની નિવસનતંત્રમાં ભૂમિકા અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય અંશ અને માર્ગદર્શન

વન્યજીવ કોરિડોર અંગે તજજ્ઞનું વક્તવ્ય: એમ. એસ. યુનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર અને જાણીતા પ્રાણીશાસ્ત્રી ડૉ. ગીતા એસ. પડતે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જંબુઘોડા અને રતનમહાલ અભયારણ્યમાં પોતાના સંશોધન અનુભવના આધારે તેમણે વન્યજીવોની અવરજવર અને જંબુઘોડા-રતનમહાલ વચ્ચેના પ્રસ્તાવિત કોરિડોરના પર્યાવરણીય મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

નેતૃત્વ અને અનુભવનું આદાન-પ્રદાન: વડોદરા વન્યજીવ વર્તુળના વન સંરક્ષક અને વડોદરા વર્તુળના નાયબ વન સંરક્ષક શ્રી નિશા રાજ, IFS ના અધ્યક્ષસ્થાને તથા નાયબ વન સંરક્ષક શ્રી મહેન્દ્રસિંહ રાઠવા, IFS ના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વરિષ્ઠ અધિકારીઓએ ગુજરાતમાં વાઘની હાજરી અને તેના નિરીક્ષણ અંગેના પોતાના અનુભવો સ્ટાફ સાથે શેર કર્યા હતા.

# ગુજરાતમાં ચાલુ ખરીફ સિઝનમાં ૭૦% એટલે કે ૫૯.૨૬ લાખ હેક્ટરમાં વાવેતર સંપન્ન

## રાજ્યમાં કપાસનું સૌથી વધુ ૨૦ લાખ હેક્ટર, મગફળીનું ૧૭.૫૦ લાખ હેક્ટરમાં વાવેતર

ગાંધીનગર,

ગુજરાત રાજ્યમાં ચાલુ ખરીફ સિઝન-૨૦૨૬ દરમિયાન સાર્વત્રિક વરસાદ બાદ વાવેતરની કામગીરીએ ઝડપ પકડી છે. કૃષિ વિભાગ તરફથી પ્રાપ્ત થયેલા આંકડા મુજબ રાજ્યના સામાન્ય સરેરાશ વાવેતર વિસ્તાર સામે અત્યાર સુધીમાં ૫૯.૨૬ લાખ હેક્ટર એટલે કે આશરે ૭૦ ટકા જેટલા વિસ્તારમાં વાવેતર થઈ ચૂક્યું છે. જેમાં ગુજરાતના કૃષિ અર્થતંત્રના બે મુખ્ય સ્તંભ સમાન કપાસ અને મગફળીનું કુલ વાવેતરમાં ૬૩ ટકાથી વધુ યોગદાન રહ્યું છે.

રાજ્યમાં કપાસનું સૌથી વધુ ૨૦ લાખ હેક્ટરમાં અને ત્યારબાદ બીજા ક્રમે મગફળીનું ૧૭.૫૦ લાખ



હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે. જેના પરથી અંદાજ લગાવી શકાય કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેડૂતોનો તેલીબિયાં અને રોકડિયા પાકો તરફ ઝુકાવ વધારે જોવા મળ્યો છે.

ચાલુ ખરીફ સિઝનમાં સોયાબીનના વાવેતરમાં પણ અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો છે. રાજ્યમાં સોયાબીનના સામાન્ય વાવેતર વિસ્તારની સામે અત્યાર સુધીમાં ૯૯ ટકા એટલે કે ૨.૭૯ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર પૂર્ણ થઈ ગયું છે. સોયાબીન બાદ સામાન્ય વાવેતર વિસ્તારની સરખામણીએ મગફળીનું ૯૧ ટકા, મકાઈનું ૯૦ ટકા, અડદનું ૮૬ ટકા અને કપાસનું ૮૪ ટકા વાવેતર થઈ ચૂક્યું છે.

રાજ્યમાં કઠોળ પાકોના વાવેતરમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન કઠોળ પાકોનું વાવેતર ૨.૫૨ લાખ હેક્ટર હતું, જે ચાલુ વર્ષે વધીને ૨.૮૫ લાખ હેક્ટર થયું છે; જે સામાન્ય વાવેતર વિસ્તારની સાપેક્ષે ૬૮ ટકા થાય છે. કઠોળ પાકોમાં મુખ્યત્વે તુવેરનું ૧.૯૪ લાખ હેક્ટર (૭૬ ટકા) અને અડદનું ૭૦,૭૭૨ હેક્ટર (૮૬ ટકા) વિસ્તારમાં વાવેતર થયું છે.

# રાજકોટઃ યુવતીને મહિલા મિત્રનું ઉપરાણું લઈ ત્રિપુટીએ માર માર્યો

## 'તું કેમ ખોટી વાતો ફેલાવે છે' કહી યુવતી પર હુમલો કરી સંબંધીને પણ ફટકાર્યા

રાજકોટ:રાજકોટની ગુંદાવાડી વિસ્તારમાં રહેતી યુવતી અને તેના સંબંધીને ત્રણ શખ્સોએ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બહેનપણીનું ઉપરાણું લઈ ક્રેટા કારમાં ધસી આવેલા ત્રણ શખ્સોએ હુમલો કરી ધમાલ મચાવી હતી.જે મામલે મહિલા સહીત ચાર શખ્સો સામે આજીડેમ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

બનાવ અંગે રાજકોટના ગુંદાવાડી સોસાયટી શેરી નં.૧૩ માં રહેતી ૨૨ વર્ષીય યુવતી રિંકલબેન મુરલીધરભાઈ ભાવનાણીએ આરોપી તરીકે વિજયગીરી, અજય, ધર્મેશ વાઘેલા અને જાહન્વી મકવાણાનું નામ આપી જણાવ્યું હતું કે, ગઈ તા. ૨૭ ના રાત્રીના અઢી વાગ્યે તેમની મિત્ર જાન્હવી મકવાણાએ ફોન કરી કહેલ કે, તુ મારી ખોટી વાતો કેમ ફેલાવે છે. જેથી તેને સમજાવેલ કે, મે તારી કોઈને વાત કરેલ નથી. તો જાન્હવી કહેવા લાગેલ કે, મારી પાસે પ્રુફ આવશે એટલે તને જોઈ લઈશ તેમ કહી ફોન રાખી દીધેલ હતો.

બાદ ગઈકાલે રાત્રીના આશરે ૧૧ વાગ્યે તેણી તથા સંબંધી નીખીલભાઈ તેમની મિત્ર પાયલબેન જેઓ રણુજામંદીરની પાસે ભુમેશ્વરી સોસાયટી શેરી નં.૩ માં રહે છે તેમના ઘરે જમવા ગયેલ હતા. જમીને ત્યાં જ બેસી વાતો કરતા હતા. દરમિયાન રાત્રીના આશરે દોઢ વાગ્યે એક કાર પાયલબેનના ઘરની સામે શેરીમાં આવી ઉભી રહેલ હતી. જેમાંથી ત્રણ શખ્સો ઉતર્યા હતા. જેમાંથી એક શખ્સ જોરજોરથી બોલવા લાગતા તેણી અને નીખીલભાઈ ચંદારાણા, પાયલ અગ્રાવત તથા મિત્ર અંજલી અગ્રાવતે શેરીમાં જઈ જોતા ક્રેટા કાર પડેલ હતી અને સામે વિજયગીરી, અજયભાઈ અને ધર્મેશ વાઘેલા ઉભેલ હતા. તુ કેમ જાન્હવીની ખોટી વાતો ફેલાવે છે તેમ કહીં વિજયગીરી ગાળો આપવા લાગેલ હતો. જેથી સગા નીખીલભાઈ તેમને ગાળો બોલવાની ના પાડતા વીજયગીરીએ નીખીલભાઈને બે-ત્રણ ફડાકા મારી દીધેલ હતા.જેથી તેણીને ડર લાગતા પાયલબેનના ઘરમાં જવા જતા વીજયગીરીની સાથે આવેલ અજયએ ઘરનો દરવાજો બંધ કરી તેને પકડી ઢીંકા-પાટુનો માર મારવા લાગેલ હતા. જયારે નીખીલભાઈને વિજયગીરી તથા ધર્મેશ વાઘેલા ઢીંકાપાટુનો માર મારવા લાગેલ હતા. નીખીલભાઈ મારથી બચવા તેમની સાથે ઝપાઝપી કરતા હતા.

દરમિયાન ધર્મેશ વાઘેલાએ તેના નેફામાંથી છરી કાઢીને નીખીલભાઈને મારવા દોડેલ હતો પણ શેરીમાં લોકો ભેગા થઈ જતા વિજયગીરી તથા અજયએ ધમકી આપેલ કે, તુ ગમે ત્યાં રસ્તામાં ભેગી થઈશ ત્યાં જ તને પતાવી દઈશ, જીવતી નહીં જાવા દઉં કહી કાર લઈ જતા રહેલ હતા. બનાવને પગલે યુવતીની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે મહિલા સહીત ચાર શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજકોટના વાવડી પાસેના રેસ્ટોરન્ટમાં ચાલતાં જુગાર પર દરોડો : સંચાલક સહિત છ ઝડપાયા

## પટેલ નગર સદભાવના સોસાયટી શેરી નંબર ૧ સિલ્વર શેડમાં ત્રીજા માળે જુગાર રમતા ૭ પકડાયા

રાજકોટઃ

રાજકોટના વાવડી કણકોટ રોડ પાસે આવેલ સ્વાદ ફેમિલી રેસ્ટોરન્ટમાં જુગાર રમતા માલિક સહિત છ વેપારીને પીસીબીની ટીમે રૂ.૫૧,૫૦૦ની રોકડ સાથે જ્યારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે પટેલનગર સદભાવના સોસાયટી પાસે આવેલા સિલ્વર શેડમાં જુગાર રમતા માલિક સહિત સાત કારખાનેદાર રૂ.૨૪,૭૫૦ ની રોકડ સાથે પકડી પાડ્યા હતા.

દરોડાની વિગત મુજબ, પીસીબી પોલીસ પેટ્રોલિંગમાં હોય દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે,વાવડી કણકોટ રોડ પર આવેલ સ્વાદ ફેમિલિ રેસ્ટોરન્ટની અંદર અમુક શખસો જુગાર રમી રહ્યા છે.

પોલીસે બાતમીના આધારે દરોડો પાડતા જુગાર રમતા રેસ્ટોરન્ટ માલિક ચિરાગ ગોપાલભાઈ વાછાણી(રહે ડ્રીમ એવન્યુ એપાર્ટમેન્ટ), રાહુલ કિરીટ વડાલીયા(રહે સિલ્વર વુડ એપારમેન્ટ), એવન સંજયભાઈ ભાલોડીયા(રહે નાના મવા પાસે અક્ષર વિલા ફ્લેટ), પાર્થ ઉદયભાઈ હાંસલીયા(રહે જીવરાજ પાર્ક), જસ્મીન હંસરાજભાઈ મણવર (રહે સિદ્ધિ ગોલ્ડ એપાર્ટમેન્ટ), નિકુંજ ઉર્ફે લાલો અશોકભાઈ વાછાણી (રહે સ્વાદ રેસ્ટોરન્ટ સામે) ને પકડી રૂ.૫૧૫૦૦ની રોકડ કબજે કરી જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

બીજા દરોડામાં, ક્રાઈમ બ્રાન્ચની ટીમે પટેલ નગર સદભાવના સોસાયટી શેરી નંબર ૧ સિલ્વર શેડમાં ત્રીજા માળે જુગાર રમતા કારખાનાના માલિક પંકજ બાબુભાઈ લીમ્બાસિયા(રહે નહેરુ નગર), રાજેશ પ્રેમજીભાઈ સોરઠીયા (રહે ગોંડલ હાઈવે રોડ સરદાર હાઈટ્સ), અમિત ભગવાનજીભાઈ ઘેલાણી (રહે હરિધવા મેઈન રોડ), વિપુલ જાદવભાઈ વાડોદરિયા(રહે નેહરુનગર), પ્રશાંત ભગવાનજીભાઈ મોલીયા(રહે ગુંદાવાડી), ચંદ્રેશ જ્ઞાનચંદભાઈ જાનીયાણી(રહે કોઠારીયા રોડ), હરદેવસિંહ રામદેવસિંહ જાડેજા (રહે ઢેબર રોડ) ને પકડી રૂ.૨૪૭૫૦ની રોકડ કબજે કરી જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# જૂનાગઢમાં મહિલા પીએસઆઈ સાથે ઝપાઝપી કરી ચશ્મા - સોનાનો ચેન તોડી નાખી ધમકી આપી

જૂનાગઢઃ જુનાગઢ કડિયાવાળ શાક માર્કેટ માં શાકભાજી ખરીદવા ગયેલા મહિલા પીએસઆઈ સાથે ઝપાઝપી કરી પીએસઆઈના ચશ્મા, સોનાનો ચેન તોડી નાખી ધમકી આપ્યાની ફરિયાદ એ ડિવિઝન પોલીસમાં નોંધાઈ હતી.

આ બનાવની એ ડિવિઝન પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ જુનાગઢ બિલખા રોડ એફએમ પોલીસ લાઈનમાં રહેતા અને ડી આઈ જી કચેરીમાં પીએસઆઇ તરીકે ફરજ બજાવતા મૂળ જામનગરના મઢુલી પાસે રહેતા હાલ જુનાગઢ પીએસઆઇ તરીકે ફરજ બજાવતા ફરિયાદી ઉષાબા પ્રવિણસિંહ લાલુભા પરમાર ઉમર ૪૪ ગઈ કાલે બપોરના બારના સુમારે વડીયાવાડમાં આવેલી શાક માર્કેટમાં શાકભાજી ખરીદવા ગયેલ હતા ત્યારે તેમણે સાત કિલો બટેટા ખરીદેલા હતા બાદ ઘરે આવી વજન કરતા એક કિલો બટેટા ઓછા નીકળતા આ અંગે તેઓએ શાક માર્કેટમાં આવી બટેટા માં વજન ઓછો નીકળ્યો હોવાનું જણાવેલ.

જેમાં આરોપી મહિલા નિશાબેન રવિભાઈ દેવીપુજક એ બોલાચાલી કરી ઉશ્કેરાઈ ગઈ હતી અને ગાળો બોલવા લાગી હતી દરમિયાન તેની સાથે અન્ય એક મહિલા આવી તેમજ એક પુરુષ પણ ત્યાં આવી ગયો હતો. આ ત્રણેય મહિલા પીએસઆઇ ઉષા બા સાથે ઝપાઝપી કરી તેમના ચશ્મા તોડી નાખી અને ગળામાં પહેરેલ સોનાનો ચેન પણ તોડી નાખ્યો હતો અને હવે અને હવે પછી બટેટા લેવા આવીશ તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આ ત્રણે આપી હતી.

આ બનાવની જાણ પોલીસ કંટ્રોલને કરવામાં આવતા તાત્કાલિક પોલીસ ઘટના સ્થળે પહોંચી જઈ આરોપી મહિલાઓ નિશાબેન રવિ દેવીપુજક, સોનલબેન પ્રકાશ સોલંકી અને અમરા અમન મકવાણા ને દબોચી લીધા હતા. બનાવની તપાસ ડિવિઝન પોલીસે હાથ ધરી કલમ બીએનએસ ૧૧૫(૨) ૩૫૧(૩) ૩૨૪(૨)૨૯૬(બી) ૫૪ મુજબ વધુ તપાસ કરી છે

# રેલવે સ્ટેશને આત્મહત્યાનો પ્રયાસ કરવા જતાં પરિણીતાને બચાવતી અભયમ ટીમ

રાજકોટઃ

રેલવે સ્ટેશને ગત રોજ એક મહિલા પ્લેટફોર્મ પર ઉભા રહી વારંવાર ટ્રેનના પાટા તરફ જોઈ રહી હતી. મહિલા દુઃખી ચહેરે ટ્રેન શરુ થાય તેની સતત રાહ જોઈ રહી હોવાનું રેલવે સ્ટેશન પરના પોલીસ જવાને જોતા તેને અજુગતું લાગ્યું. તેણે મહિલાની પૂછપરછ કરતા મહિલાએ રડતા રડતા જણાવ્યું કે, તે ખુબ દુઃખી છે અને ટ્રેનના પાટા નીચે આવીને આત્મહત્યા કરવી છે. આ જાણી આર.પી.એફ. જવાને તરતજ મહિલાની મદદ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર કોલ કરી મદદ માંગી હતી. કોલ મળતા જ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમ તાત્કાલિક સક્રિય બની હતી. કાઉન્સેલરશ્રી બીનાબેન ગોહિલ તથા પાયલોટ સાગરસિંહ પરમાર રેલવે સ્ટેશને દોડી ગયા હતા.

સ્થળ પર પહોંચ્યા બાદ ટીમે મહિલાને શાંતિથી વિશ્વાસમાં લઈને વિસ્તૃત કાઉન્સેલિંગ કર્યું હતું. મહિલાએ જણાવ્યું હતું કે, તેના લગ્નને અંદાજે ૨૬ વર્ષ થયા છે. પ્રેમલગ્ન કરેલા છે અને બે સંતાનો છે. છેલ્લા ઘણા સમયથી સાસુ-સસરા દ્વારા મહેણાં-ટોણાં મારવામાં આવે છે. પતિ દ્વારા મારપીટ કરવામાં આવે છે અને તેના ચારિત્ર્ય પર શંકા કરવામાં આવે છે. સતત ચાલતા ગૃહ કલેશ અને માનસિક ત્રાસથી કંટાળી તેણે જીવન ટૂંકાવવાનો નિર્ણય લીધો હોવાનું પરિણીતાએ જણાવ્યું હતું. ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમે મહિલાને આત્મહત્યાના ગંભીર પરિણામો અંગે સમજાવી, કાનૂની તેમજ સામાજિક માર્ગદર્શન આપી જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ અપનાવવા પ્રેરિત કર્યા હતાં. ત્યારબાદ મહિલાના પતિનો સંપર્ક કરી તેમને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. પતિને પણ પરિવારજનો સાથે સન્માનપૂર્ણ વર્તન રાખવા અને પત્નીને માનસિક ત્રાસ ન આપવા સમજાવવામાં આવ્યાં હતાં.

કાઉન્સેલિંગ દરમિયાન મહિલાએ જણાવ્યું હતું કે, તે હાલ પોતાના પતિ સાથે રહેવા માંગતા નથી. અને હવે આત્મહત્યાનો વિચાર હવે નહીં કરે તેવી ખાતરી આપી હતી. મહિલાએ સાસરી પક્ષ અથવા પતિ વિરુદ્ધ હાલ કોઈ કાનૂની કાર્યવાહી ન કરવા જણાવ્યું હતું.

હાલ મહિલાને લાંબા ગાળાના કાઉન્સેલિંગ અને સુરક્ષિત આશ્રયની જરૂરિયાત જણાતાં, તેમની સંમતિથી ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા તેમને 'સખી વન સ્ટોપ' સેન્ટર ખાતે વધુ સહાય અને પુનર્વસન માટે રિફર કરવામાં આવી છે.

# શ્રી ઘેલાસોમનાથ મંદિર નજીક શ્રાવણ માસ દરમિયાન લોકમેળાનું આયોજન

## પરિસર, ૩ પાર્કિંગ, ૧૦૩ સ્ટોલ અને ૩૩ દુકાનો ભાડે આપવા ઓનલાઈન હરાજી કરાશે

રાજકોટ : શ્રી ઘેલાસોમનાથ મંદિર ખાતે આગામી પવિત્ર શ્રાવણ માસ દરમિયાન લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે શ્રી ઘેલાસોમનાથ મંદિર હસ્તકની વિવિધ જગ્યાઓ તા. ૧૩ ઓગસ્ટથી તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ભાડે આપવામાં આવશે.

એક મહિનાના સમયગાળા માટે લોકમેળા પરિસરની હરાજીની અપસેટ કિંમત રૂ. ૨૧ લાખ છે. મંદિર હસ્તકના તમામ પાર્કિંગ જેવા કે ગોડલાધાર રોડ પરનું પાર્કિંગ, મોઢુકા રોડ પરનું પાર્કિંગ અને નવાગામ રોડ પરના પાર્કિંગ માટે એક મહિનાના સમયગાળાની અપસેટ કિંમત રૂ. ૦૫ લાખ છે. તેમજ એક મહિના માટે મંદિર પરિસર આસપાસના કુલ ૧૦૩ સ્ટોલ તથા ૧૧ માસના સમયગાળા માટે કુલ ૩૩ પાકી દુકાનો માટેની અપસેટ કિંમત રૂ. ૨૮ લાખ છે.

આ જગ્યાઓની હરાજી ઓનલાઈન પોર્ટલ (www.nprocure.com) પર કરવામાં આવશે. તા. ૦૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સાંજે ૦૬ કલાક સુધીમાં ડોક્યુમેન્ટ્સ અપલોડ કરી શકાશે. જેમાં ભાગ લેનારે અગાઉથી સ્થળ પર જઈને તમામ જગ્યાનું નિરીક્ષણ કરી લેવાનું રહેશે અને આ જગ્યા જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં ઉપયોગ કરીને મંદિર ટ્રસ્ટને પરત સોંપવાની રહેશે. જે જગ્યાએ વીજ કનેક્શનની જરૂરિયાત હશે તે જગ્યાએ લાઈટ કનેક્શન જે-તે પાર્ટીએ મેળવવાનું રહેશે, જેમાં મંદિર ટ્રસ્ટ તરફથી સહયોગ આપવામાં આવશે. તમામ સ્થળોની હરાજી અલગ-અલગ કરવામાં આવશે.

આ ઉપરાંત, હરાજીમાં ભાગ લેવા ઈચ્છુકે ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવ્યા મુજબ ટેન્ડર ફી તથા ડિપોઝિટ અગાઉ જમા કરાવવાની રહેશે, ત્યારબાદ જ હરાજીમાં ભાગ લઈ શકાશે. ટેન્ડર ડોક્યુમેન્ટમાં દર્શાવેલ તમામ શરતો ભાગ લેનારને બંધનકર્તા રહેશે. આ કામગીરી માટે સરકારના નિયમો અનુસારના જરૂરી પરવાના કે લાયસન્સ મેળવવાની જવાબદારી પણ ઈજારો રાખનારની રહેશે. આ અંગેનો આખરી નિર્ણય સભ્ય સચિવ, ઘેલાસોમનાથ મંદિર ટ્રસ્ટ અને મામલતદાર, જસદણનો રહેશે.

હરાજી સંબંધિત વધુ વિગતો માટે શ્રી ઘેલાસોમનાથ મંદિર ટ્રસ્ટના વહીવટદાર શ્રી હિરેનભાઈ મકાણીનો મો.નં. ૯૭૨૪૬ ૦૬૧૦૧ પર સંપર્ક કરી શકાશે, તેમ શ્રી ઘેલાસોમનાથ મંદિર ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ ડિવિઝનલ રેલવે હોસ્પિટલમાં આધુનિક નેત્ર ચિકિત્સા સેવાઓનો પ્રારંભ

## ફેકો ટેકનોલોજીથી મોતિયાની આધુનિક સારવાર, અત્યાધુનિક ઉપકરણોથી ચોક્કસ, સુરક્ષિત અને બહેતર સર્જરી

રાજકોટ:પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનલ રેલવે હોસ્પિટલે નેત્ર ચિકિત્સા સેવાઓના આધુનિકીકરણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા મોતિયાના ઓપરેશન માટે ફેકોઈમલ્સિફિકેશન ટેકનોલોજીની શરૂઆત કરી છે. અગાઉ અહીં સ્મોલ ઈન્સિઝન કેટરેક્ટ સર્જરી ની સુવિધા ઉપલબ્ધ હતી. હવે આ આધુનિક ટેકનોલોજીના માધ્યમથી રેલવે કર્મચારીઓ, પેન્શનરો અને તેમના આશ્રિતોને વધુ સુરક્ષિત, અસરકારક અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત નેત્ર ચિકિત્સા સેવાઓનો લાભ સ્થાનિક સ્તરે મળી શકશે.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ નવી સુવિધા અંતર્ગત નેત્ર રોગ વિભાગમાં ઓર્ટલી કેટેરેક્સ ફેકોઈમલ્સિફિકેશન સિસ્ટમ, તકાગી 'સ-૯ ઓપરેટિંગ માઈક્રોસ્કોપ અને હાઈ-ડેફિનેશન ડિસ્પ્લે મોનિટર જેવી અત્યાધુનિક તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપકરણોની મદદથી સર્જરી વધુ ચોકસાઈ અને સલામતી સાથે કરવામાં આવી રહી છે, જેનાથી સર્જરીની ગુણવત્તા અને સચોટતામાં નોંધપાત્ર સુધારો થયો છે. સાથે જ, ઓપરેશન દરમિયાન બહેતર વિઝ્યુઅલાઈઝેશનની સુવિધા મળવાથી તાલીમ અને શસ્ત્રક્રિયાની ગુણવત્તામાં પણ સુધારો થયો છે.



રાજકોટ ડિવિઝનના મુખ્ય તબીબી અધિક્ષક ડો. રાજકુમારના જણાવ્યા અનુસાર, હાલમાં વિભાગમાં સામાન્ય અને જટિલ બંને પ્રકારના મોતિયાના ઓપરેશનની સાથે-સાથે ટેરીજિયમની સર્જરી પણ નિયમિતપણે કરવામાં આવી રહી છે. હોસ્પિટલમાં દર મહિને આશરે ૧૨ થી ૧૪ આંખની શસ્ત્રક્રિયાઓ કરવામાં આવે છે. ૧ એપ્રિલ ૨૦૨૬ થી અત્યાર સુધીમાં હોસ્પિટલમાં ફેકોઈમલ્સિફિકેશન ટેકનોલોજીથી મોતિયાના ૩૯ સફળ ઓપરેશન અને ટેરીજિયમના ૫ સફળ ઓપરેશન કરવામાં આવ્યા છે. આ સર્જરીઓથી દર્દીઓને ઉત્કૃષ્ટ દ્રષ્ટિ પરિણામો પ્રાપ્ત થઈ રહ્યા છે અને દર્દીઓનો સંતોષ પણ સતત વધી રહ્યો છે.

રાજકોટ ડિવિઝનલ રેલવે હોસ્પિટલના નેત્ર રોગ બાહ્ય દર્દી વિભાગ માં દરરોજ લગભગ ૩૦ થી ૪૦ દર્દીઓની તપાસ કરવામાં આવે છે. વિભાગમાં તકાગી સ્લિટ લેમ્પ અને આઈવિસ ઓટોરેફ્રેક્ટોમીટર વિથ કેરાટોમીટર જેવી આધુનિક તપાસ સુવિધાઓ ઉપલબ્ધ છે, જેની મદદથી આંખોની વિગતવાર તપાસ, સચોટ દ્રષ્ટિ પરીક્ષણ અને નેત્ર રોગોનું સાચું નિદાન કરવામાં આવે છે.

રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, "રાજકોટ ડિવિઝન પોતાના કર્મચારીઓ, પેન્શનરો અને તેમના પરિવારજનોને આધુનિક અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રયત્નશીલ છે. રાજકોટ ડિવિઝન રેલવે હોસ્પિટલમાં ફેકો ટેકનોલોજીની શરૂઆત આપણી આરોગ્ય સેવાઓના આધુનિકીકરણની દિશામાં એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. અત્યાધુનિક ઉપકરણો અને નિષ્ણાત તબીબોના લીધે હવે દર્દીઓને વિશ્વસનીય, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત નેત્ર સારવાર સ્થાનિક સ્તરે ઉપલબ્ધ થઈ રહી છે. ભવિષ્યમાં પણ અમે આરોગ્ય સેવાઓને વધુ મજબૂત અને આધુનિક બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહીશું."

રાજકોટ ડિવિઝનલ રેલવે હોસ્પિટલમાં ઉપલબ્ધ આધુનિક નેત્ર ચિકિત્સા સુવિધાઓ પશ્ચિમ રેલવેની દર્દી-કેન્દ્રિત, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પ્રદાન કરવાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરે છે. આધુનિક તબીબી માળખાકીય સુવિધાઓ અને નિષ્ણાત તબીબી સેવાઓ દ્વારા રાજકોટ ડિવિઝનલ રેલવે હોસ્પિટલ રેલવે લાભાર્થીઓને બહેતર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં સતત આગળ વધી રહી છે.

# વેરાવળમાં પરિણીત યુવતીને દહેજ બાબતે મરવા મજબુર કર્યાની ફરિયાદ

વેરાવળઃ

વેરાવળમાં પરિણીતા પાસે દહેજ માંગતા મહિલાએ આપઘાત કર્યાની ભાઈ એ પોલીસમાં ફરિયાદ નોંધાવેલ છે. ફરીયાદમાં બે લાખનું દહેજ માંગતા મહીલાનો આપધાત કર્યાનું અને ૧૪ માસ પહેલા લગ્ન થયેલ હોવાનું જણાવેલ છે.

વેરાવળ માં ૮૦ ફુટ રોડ ઉપર ભાવના સોસાયટી માં રહેતા પરપ્રાંતીય પરીવાર અને રેલ્વે માં નોકરી કરતા કર્મચારીના ૧૪ માસ પહેલા લગ્ન થયેલ હતા તેને બે લાખ રૂપિયાનું દહેજ માંગી મારઝૂડ કરી માનસિક શારીરિક ત્રાસ આપતા હોય જેથી મહિલાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરેલ છે. જે બાબતે પરિણીતાના ભાઈ એ બનેવી સામે મરવા મજબુર કર્યાની ફરિયાદ કરી છે.

રેલવે વિભાગમાં નોકરી કરતા મોન્ટુન કુમાર ઉમેરાય યાદવ રહે.પટના હાલ.વેરાવળ તા.૧૦/૫/૨૦૨૫ ના રોજ પટનાની સાક્ષી સિન્હા સાથે લગ્ન થયેલ હતા થોડા સમય માં તેના પતિએ રોકડા રૂા.૨ લાખ નું દહેજ લાવવા માથાકૂટ કરતો હોય વારંવાર મારઝૂડ, માનસિક, શારીરિક ત્રાસ આપતા હોય વધુ માનસિક ત્રાસ આપવા માટે અન્ય મહિલા સાથે લફરૂ કરતા પરણીત મહીલા સાક્ષી સિન્હા એ તા.૨૫/૭/૨૬ ના રોજ રાત્રે ૯ વાગ્યા ના અરસામાં ગળાફાંસો ખાઈ ઘરે આત્મહત્યા કરી લેતા મૃત્યુ પામેલ છે. આ બનાવ અંગે મૃતકના ભાઈ વિકાસ કુમાર યાદવ એ પોલીસ ફરિયાદ નોધાવતા ગુનો નોધી વધુ તપાસ હાથ ધરેલ છે.

# જૂનાગઢનાં સગવડા ગામે જુગાર રમતા ચાર પકડાયા

જૂનાગઢ:જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ એ બાતમી આધારે જુનાગઢ તાલુકાના સરગવાડા ગામે મકાનમાં ચાલતા જુગાર ધામ પર રેડ કરતા મકાન માલિક સહિત ચાર શખ્સોને જુગાર રમતા પકડી ગુનો નોધ્યો હાતો રોકડ, મોબાઈલ,

જુનાગઢ તાલુકાના સરગવાળા ગામે ઓઈલ મીલ પાસે રહેતો ભનુસિંહ ઉર્ફે ભલો પોપટ સોલંકી રે સરગવાળા, વાળો પોતાના અંગત ફાયદા માટે બહારથી માણસો બોલાવી જુગારધામ ચલાવતા હોવાની પાંચમી ને આધારે એલસીબી એ રેડ કરતા મકાન માલિક ભનુસિંહ ઉર્ફે ભલો સોલંકી ર સરગવાડહ, ભરત કાના સોલંકી રે મજેવડી, દીપક ભનુ પરમાર રે મજેવડી અને રમેશ કરસન સોલંકી રે મજેવડી દરવાજા વાળાને રોકડ રૂપિયા ૩૩.૩૪૦ નાલના રૂપિયા ૨૫૦૦ સહિત રૂા. ૩૫,૮૪૦, મોબાઈલ બે રૂપિયા ૧૫૦૦૦, મોટર સાયકલ બે રૂપિયા એક લાખ મળી કુલ રૂપિયા ૧.૫૦ ૮૦૦ નો મુદ્દા માલ કબજે કરી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ તપાસ હાથ છે.

# વેરાવળ-પ્રભાસપાટણ પ્રો.હી. ગુનામાં ફરાર આરોપી પકડાયો

વેરાવળઃ વેરાવળના પ્રભાસપાટણઃ ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી જયદીપસિંહ જાડેજા ના માર્ગદર્શન હેઠળ પ્ર.પાટણ પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર વી.બી.પીઠીયા ની રાહબરી હેઠળ પ્રભાસ પાટણ પો.સ્ટે. મા પ્રોહી કલમ-૬૫,(એ),(એ),૮૧ મુજબના ગુન્હાના કામે છેલ્લા ચારેક માસથી નાસતા-ફરતા આરોપી-રમેશભાઈ નોંધનભાઈ ઝાલા ઉ વર્ષ ૪૦ રહે.રાખેજ ગામ તા.સુત્રાપાડા જી.ગીર સોમનાથ વાળાને પ્ર.પાટણ પો.સ્ટે.ના સર્વલન્સ સ્કવોડ પો.સ્ટાફએ સુત્રાપાડા ફાટક ખાતેથી બાતમી હકીકત આધારે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# રાજકોટ ડિવિઝનમાં ચાલી રહેલા ડબલિંગકાર્યને કારણે કેટલીક ટ્રેનોના શોર્ટ ટર્મિનેશન અને શોર્ટ ઓરિજિનેશન સ્ટેશનમાં ફેરફાર

રાજકોટ:પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના આલિયાબાડા-હાપા-જામનગર રેલખંડમાં ચાલી રહેલા બમણાંકરણ કાર્ય અંગે અગાઉ બહાર પાડવામાં આવેલી પ્રેસ વિજ્ઞપ્તિના ક્રમમાં કેટલીક ટ્રેનોની અસ્થાયી સંચાલન વ્યવસ્થામાં આંશિક સુધારો કરવામાં આવ્યો છે.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, સંચાલકીય કારણોસર અગાઉ પસંદ કરેલી ટ્રેનોના શોર્ટ ટર્મિનેશન અને શોર્ટ ઓરિજિનેશન માટે નિર્ધારિત વાંકાનેરના સ્થાને હવે સુરેન્દ્રનગરને અસ્થાયી શોર્ટ ટર્મિનેશન અને શોર્ટ ઓરિજિનેશન સ્ટેશન નક્કી કરવામાં આવ્યું છે. ડબલિંગ કાર્ય દરમિયાન ટ્રેન સંચાલન અંગે અગાઉ બહાર પાડવામાં આવેલા અન્ય તમામ નિર્દેશો યથાવત લાગુ રહેશે.

સુધારેલી વ્યવસ્થા મુજબ સુરેન્દ્રનગરમાં શોર્ટ ટર્મિનેશન (વાંકાનેરના સ્થાને):



૧) ગાડી સંખ્યા ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસને ૧ ઓગસ્ટ ૨૦૨૬ થી ૭ ઓગસ્ટ ૨૦૨૬ સુધીની મુસાફરી માટે વાંકાનેરના સ્થાને સુરેન્દ્રનગરમાં શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે.

૨) ગાડી સંખ્યા ૨૨૯૨૩ બાંદ્રા ટર્મિનસ-જામનગર હમસફર એક્સપ્રેસને ૧ ઓગસ્ટ, ૩ ઓગસ્ટ અને ૬ ઓગસ્ટ ૨૦૨૬ ની મુસાફરી માટે વાંકાનેરના સ્થાને સુરેન્દ્રનગરમાં શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે.

સુરેન્દ્રનગરથી શોર્ટ ઓરિજિનેશન (વાંકાનેરના સ્થાને):

૧) ગાડી સંખ્યા ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ૨ ઓગસ્ટ ૨૦૨૬ થી ૮ ઓગસ્ટ ૨૦૨૬ સુધીની મુસાફરી માટે વાંકાનેરના સ્થાને સુરેન્દ્રનગરથી શોર્ટ ઓરિજિનેટ થશે.

૨) ગાડી સંખ્યા ૨૨૯૨૪ જામનગર-બાંદ્રા ટર્મિનસ હમસફર એક્સપ્રેસ ૨ ઓગસ્ટ, ૪ ઓગસ્ટ અને ૭ ઓગસ્ટ ૨૦૨૬ ની મુસાફરી માટે વાંકાનેરના સ્થાને સુરેન્દ્રનગરથી શોર્ટ ઓરિજિનેટ થશે. મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપર દર્શાવેલ સુધારેલી વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધી વિસ્તૃત માહિતી માટે મુસાફરો કૃપા વેબસાઇટની મુલાકાત લઈ શકે છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## પેપરલીક સામે કડક કાયદા પછી હવે અમલની કસોટી

ભારતનું ભવિષ્ય તેના યુવાનોના હાથમાં છે અને યુવાનોનું ભવિષ્ય તેની પરીક્ષાઓની પારદર્શિતા પર ટકેલું છે. જ્યારે વર્ષોની મહેનત પછી એક વિદ્યાર્થી પરીક્ષા કેન્દ્ર પર પહોંચે અને ખબર પડે કે પેપર તો આગલી રાતે જ લીક થઈ ગયું હતું, ત્યારે તે માત્ર એક પેપર ફૂટતું નથી, હજારો સપનાઓ પણ વેરવિખેર થઈ જાય છે. નીટ સહિતની અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સામે આવેલી ગેરરીતિઓએ દેશના યુવાનોમાં ભારે રોષ અને નિરાશા જન્માવી હતી. આ રોષ સ્વાભાવિક હતો અને તે જંતરમંતરના શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનોમાં પરિવર્તિત થયો. આખરે યુવાનોની સતત માંગણી બાદ કેન્દ્ર સરકાર શિક્ષણ ક્ષેત્રે સુધારા માટે પૂરેપૂરા એક્શન મોડમાં આવી છે, જે આવકારદાયક પગલું છે.સરકારે આ મામલે માત્ર આશ્વાસન નથી આપ્યું, પણ નક્કર કાયદાકીય પગલું ભર્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા યુવાનોને કડકમાં કડક સજાની ખાતરી આપવામાં આવી હતી અને તે દિશામાં સંસદમાં એક અત્યંત કડક કાયદો રજૂ કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ પેપર લીક કરનાર અને તેમના મળતિયાઓને દસ વર્ષ સુધીની કઠોર કેદ અને દસ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. કાયદો પસાર થયા પછી હવે તેનું સાચા અર્થમાં સ્વરૂપ બહાર આવશે, પરંતુ માત્ર કાયદો બનાવવો પૂરતો નથી, તેનો કડક અમલ એ જ સાચી કસોટી છે. જો આ કાયદાનો દાખલારૂપ અમલ થશે તો ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ યુવાનોના ભવિષ્ય સાથે ચેડા કરતા પહેલા સો વાર વિચારશે.

કાયદા ઉપરાંત વ્યવસ્થામાં ધરમૂળથી સુધારા માટે સરકારે નંદન નિલેકણીના વડપણ હેઠળ નિષ્ણાતોની ટાસ્ક ફોર્સની રચના કરી છે. આ ટાસ્ક ફોર્સ પરીક્ષા પ્રણાલીમાં જ્યાં જ્યાં છીંડા છે તેને શોધીને પૂરવાની કામગીરી કરી રહી છે. પ્રધાનમંત્રીએ પોતે આગળ આવીને શિક્ષણ ક્ષેત્રે સુધારાની ખાતરી આપતા ત્રણ વીડિયો સંદેશ જારી કર્યા છે અને સોશિયલ મીડિયા દ્વારા જન-ઝી સાથે સીધો સંવાદ કરવાનો માર્ગ અપનાવ્યો છે. બદલાતા સમયમાં શિક્ષણ ક્ષેત્રે સુધારા એ સમયનો તકાદો છે. જો આમાં સહેજ પણ ઢીલ થશે તો નિરાશ થયેલી આ નવી પેઢીને ગેરમાર્ગે દોરવી ખૂબ સરળ બની જાય છે. નેપાળ, બાંગ્લાદેશ અને મ્યાનમાર જેવા પડોશી દેશોમાં જે અશાંતિ જોવા મળી, તેની પાછળ પણ યુવાનોની ઉપેક્ષા જવાબદાર હતી. ભારતે તેમાંથી બોધપાઠ લેવો પડશે.આ આંદોલન દરમિયાન એક ચિંતાજનક બાબત એ પણ સામે આવી હતી કે કેટલાક અરાજક તત્વો અને કહેવાતા કોકરોચ જનતા પાર્ટી જેવા સંગઠનોએ યુવાનોના શુદ્ધ આંદોલનને હાઈજેક કરીને દેશમાં ગૃહ યુદ્ધ અને અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. વિદેશી તાકાતોની ઉશ્કેરણીથી પોલીસ અને પ્રદર્શનકારીઓ સામસામે આવી ગયા હતા, જેમાં કેટલાક પોલીસ જવાનોને ગંભીર ઈજાઓ પણ થઈ હતી. આવું થવું જોઈતું ન હતું. લોકશાહીમાં વિરોધનો અધિકાર સૌને છે, પરંતુ હિંસાનો કોઈ સ્થાન નથી. આ આંદોલનમાં વિદ્યાર્થીઓની સાથો સાથ રાજકીય પક્ષોના ગુંડાઓ પણ ભળી ગયા હતા અને વધુમાં વધુ અરાજકતા ફેલાય હિંસા થાય તેવા પ્રયાસો વિદેશી તાકાતો તેના આધારે કરવામાં આવ્યા હતા. આ તમામને ઓળખીને તેને કડકમાં કડક સજા કરવી જોઈએ અને જડમૂળથી રોકવાના છે તેને કડકાઈથી નાબૂદ કરવા જોઈએ વિદ્યાર્થીઓ સામેના કેસ પાછા ખેંચવા જોઈએ પણ ગુંડા તત્વોને કોઈ સંજોગોમાં છોડવા ન જોઈએ. તેને કડક સજા થવી જોઈએ તેવી વિદ્યાર્થીઓ માનવું છે.આ સંદર્ભમાં એક સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે ભવિષ્યમાં ડિજિટલ યુગમાં પરીક્ષાઓને કેવી રીતે સંપૂર્ણપણે સુરક્ષિત બનાવવી. આ માટે સરકારે હવે માત્ર કાગળ પર નહીં પણ ટેક્નોલોજીના સ્તરે સુરક્ષા કવચ ઊભું કરવું પડશે.

# જૈન પરંપરાના આનંદમય ચાતુર્માસનું આગમન

જૈન ધર્મનું મૂળ સૂત્ર છે અહિંસા પરમો ધર્મ. વર્ષાઋતુમાં પૃથ્વી પર સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ અતિ માત્રામાં થાય છે. વરસાદના પાણીથી લીલોતરી ફૂટે છે અને માર્ગમાં અસંખ્ય જીવોનું અસ્તિત્વ હોય છે. તેથી આ કાળમાં સાધુ સાધ્વીજી ભગવંતો માટે વિહારનો નિષેધ કરવામાં આવ્યો છે. એક જ સ્થાને સ્થિર રહેવાથી અસંખ્ય જીવોની હિંસા ટળે છે અને જીવદયાના મહાન સિદ્ધાંતનું પાલન થાય છે. આ જ તેનું પ્રથમ અને સૌથી મોટું મહત્વ છે.

બીજું મહત્વ સાધકને મળતી સ્થિરતા છે. આખું વર્ષ પગપાળા વિહાર કરતા મુનિરાજોને જ્યારે એક સ્થાને સ્થિરતાનો લાભ મળે છે ત્યારે શ્રાવક વર્ગને સતત અને નિયમિત ધર્મલાભ મળી રહે છે. ચાતુર્માસ એટલે જ્ઞાન,

**જૈન ધર્મમાં ચાતુર્માસનું સ્થાન અત્યંત પવિત્ર અને કેન્દ્રીય છે. વર્ષના બાર માસમાં આ ચાર માસનો સમયગાળો આત્મા માટે વસંતઋતુ સમાન ગણાય છે. ચાતુર્માસ એટલે ચાર મહિના સુધી એક જ સ્થાને સ્થિર રહીને સાધના કરવાનો કાળ. જૈન શાસનમાં તેનું મહત્વ અનેક દૃષ્ટિએ અસાધારણ છે**

દર્શન, ચારિત્ર્યની ત્રિવેણી. આ સમયમાં શ્રવણ, મનન અને નિધ્યાસનની ગંગા વહે છે. ઉપવાસ, એકાસણા, આયંબિલ જેવા તપ અને સ્વાધ્યાય, ધ્યાન જેવી આંતરિક આરાધનાઓ દ્વારા આત્મા કર્મની કાળાશને ધોવાનો પ્રયત્ન કરે છે. તેથી ચાતુર્માસને આત્મશુદ્ધિનો અવસર કહેવામાં આવે છે.

જૈન પરંપરામાં ચાતુર્માસનો આધ્યાત્મિક પાયો અતિ મહત્વનો છે.

જેમ ગગનમાં મેઘનું આગમન થાય અને મોર આનંદથી થનગનાટ કરે, તેવી જ અનુભૂતિ સાધકના જીવનમાં ચાતુર્માસના આગમનથી થાય છે. સાધના તો બારેમાસ થઈ શકે છે, પરંતુ ચાતુર્માસમાં તેની ઉત્કૃષ્ટતા વધી જાય છે. કારણ સ્પષ્ટ છે. સર્વ સાધુ સાધ્વીજી ભગવંતો એક જ સ્થાને બિરાજમાન હોય અને તેમના સાંનિધ્યમાં અખંડ આરાધના ચાલતી હોય, ત્યારે વાતાવરણ જ અલગ બની જાય છે. એક કવિએ ખૂબ સુંદર ભાવ વ્યક્ત કર્યો છે કે આજ મેઘલિયો આવ્યો છે અને મનનો મોરલિયો નાચી રહ્યો છે. આ પંક્તિ ચાતુર્માસના સ્વાગત માટે સર્વથા યોગ્ય છે. આ અવસર આંતરિક આનંદને નિરંતર જગાડનારો છે.

ભારતવર્ષમાં અનેક એવા પાવન સ્થાનો છે જ્યાં વર્ષો પછી ગુરુ ભગવંતોનું પદાર્પણ થાય છે. જ્યારે ગુરુવરનું આગમન થાય ત્યારે શ્રાવકોના હૃદયમાં એક જ ભાવના હોય છે કે પોતાનું સર્વસ્વ ગુરુચરણે સમર્પિત કરી દેવું. આ ભાવના સાથે અનેક ભાવિકો માસક્ષમણ તપ, સિદ્ધિતપ અને બીજા અઘરા તપ કરવાનો સંકલ્પ લે છે. ઠેર ઠેર તપના તોરણો બંધાય છે. ચાતુર્માસ દરમિયાન જીવદયાનો સંદેશ માત્ર સૂત્ર ન રહેતા જીવન બની જાય છે. કોઈપણ વ્યક્તિને શારીરિક કે માનસિક દુઃખ ન પહોંચે તેનું ધ્યાન રાખવું એ પણ મોટી જીવદયા છે.

ગુરુ સાંનિધ્યનો અપૂર્વ લાભદાયી સમયનો સદુપયોગ કરવો જરૂરી છે.

આ ચાતુર્માસનો સૌથી મોટો લાભ જો કોઈ હોય તો તે છે ગુરુવરના સદ્ગુરુ પાસે રહીને જ્ઞાનના ભંડારને પામવો. સોમશી ચોવીસીમાં તા. ૨૮-૭-૨૦૨૬ થી ચાતુર્માસ પ્રારંભ થઈ રહ્યો છે તે નિમિત્તે વિશાળ મુનિ મંડળ સાથે ગુરુવરનું આગમન થયું છે. ધર્મની ધજા લહેરાવતા આ મુનિવૃંદ સાથે ગુરુવર પધાર્યા છે તેથી તેમના લાભથી વંચિત ન રહી જવાય તેનું ખાસ ધ્યાન રાખવાનું છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે જે ગુરુ મળ્યા છે તે પરમ સૌભાગ્ય છે. સાક્ષાત પ્રભુની છાયા જ્યાં પરકાશે ત્યાં જ સમજવું કે ગુરુમાં સાક્ષાત પ્રભુના દર્શન થાય છે. ચોક્કસપણે શિષ્યને મોક્ષની પ્રાપ્તિ થવાની છે. આવી શ્રેષ્ઠ ઉપલબ્ધિ મેળવીને જ માનવભવને સાર્થક કરવાનો છે.

જ્યાં સુધી ગુરુવર ન મળે ત્યાં સુધી મોક્ષના દ્વાર બંધ રહે છે.

ભવ ભ્રમણનો અંત લાવનાર જો કોઈ હોય તો તે છે ગુરુકૃપા

મેરુ પર્વત જેવા ગુરુ પર મેરુ સમાન ગુરુની છાયા છે

ગુરુ ભગવંતની પ્રાપ્તિ એટલે સમજી લેવું કે હવે મોક્ષની પ્રાપ્તિ થઈ જ છે. તેનું દ્વાર અવશ્ય ખુલી જવાનું છે. તો પછી અનંત ભવોથી ચાલતા ભ્રમણનો ભય શા માટે રાખવો? ગુરુવરની પ્રાપ્તિથી સૌથી મોટો લાભ એ છે કે ભવ્યાત્માઓને મોક્ષનું સુખ જ્યારે મળશે ત્યારે જ મળશે, પણ તેની આંશિક અનુભૂતિ તો તેમના સાંનિધ્યમાં અહીં જ થઈ જાય છે અને એટલે જ અંતિમ પંક્તિમાં કહ્યું છે કે અહીં જ કરી લેવાનું છે.જ્ઞાન અને વાણીની અમીવર્ષા આ સમય દરમિયાન થાય છે જેનો દરેકે ધર્મલાભ લેવો જરૂરી છે.ચાતુર્માસિક આરાધના સાધના કરાવવા માટે ગુરુવર પધાર્યા છે, ત્યાં પ્રતિદિન પ્રવચન અને

**પ્રાંસગિક**
**સુરેશ ભટ્ટ**


સત્સંગનો લાભ મળશે. ચાતુર્માસમાં પાણી અને વાણી બંનેનો વરસાદ થતો હોય છે. ગગનથી પાણીનો વરસાદ થાય છે, તો ગુરુદેવથી વાણીનો વરસાદ થાય છે. ગુરુવરના મુખેથી થતા વરસાદ દ્વારા વિષય અને કષાયની ગરમી દૂર થશે અને હૃદયની ધરા વિશાળ બનશે. હૃદયમાં ભાવના રૂપી કુમળી ફૂલો ખીલશે, જેથી વિશ્વ સુંદર થઈ જશે.

જ્ઞાનનો ખજાનો લૂંટવવા માટે જ્યારે ગુરુવર પધાર્યા હોય, ત્યારે ચોક્કસપણે શાન લઈને આપણે પાવન થઈએ છીએ. પૂર્વે કહ્યું તેમ ગુરુવર જ્ઞાનનો સાગર લઈને આવ્યા છે, તો ગુરુવર રૂપી હિમાલય દ્વારા જ્ઞાનની ગંગામાં સ્નાન કરીને પાવન થવાનું છે. માત્ર જ્ઞાનના વરસાદમાં જ નહાવાનું નથી, ચાતુર્માસ પ્રવેશના ગીતના આલંબને અધ્યાત્મધારામાં આગળ વધીને પરમપદને પ્રાપ્ત કરવાનું છે. એક સુંદર પંક્તિ યાદ આવે છે - હોગી વીર વાણી કી વૃષ્ટિ, સુંદર હોગી સારી સૃષ્ટિ, તપ સે હી આત્મા કી દૃષ્ટિ, પરમ પુણ્ય કી હી પુષ્ટિ, ધર્મધ્વજ લહરાને મુનિવૃંદ આયા હૈ.

તપ, ભક્તિ અને આરાધનાનો ઉત્સવ આનંદથી માણવો જરૂરી છે જેથી જીવનમાં સુખ અને સંપત્તિ સાથે વિનમ્રતાનો પણ સમન્વય થાય

ગુરુ ભગવંતની પ્રેરણાથી અનેક જીવો નાની મોટી તપ સાધનામાં જોડાશે. કેટલાક જીવો આભ્યંતર તપમાં પણ વિશેષ રૂપે જોડાશે. પ્રભુ ભક્તિ વધશે અને અનુષ્ઠાનો થશે, જેથી પરમ પૂજ્યની પુષ્ટિ પણ થશે. બસ, સર્વત્ર ભક્તિમય વાતાવરણ સર્જાશે.

"તપ કે રંગ રંગાયેંગે, દયા કા દીપક જલાયેંગે




જ્ઞાન કી ગંગા મેં નહાયેંગે, દાન કી બારિશ બહાયેંગે."ભક્તિભાવથી ભક્તોને આ ગીત ગાવાનું છે. અલ્પ દિવસોમાં ચાતુર્માસનું આગમન થઈ રહ્યું છે, તો તેનો પૂરો આનંદ લઈએ.અંતમાં એક પુણ્ય સૌરભની પંક્તિ સાથે વિરમીએ - આવી રહ્યું છે વર્ષાવાસ, મોક્ષ તરફ થશે પ્રવાસ.

# રામને રાવણમાં પણ ગુણ દેખાય છે

**વિશેષ**

શ્રીરામ અને રાવણ વચ્ચે રાત દિવસ અવિરત યુધ્ધ ચાલતું હતું. શ્રીરામ રાવણની છાતી પર બાણોનો વરસાદ વરસાવતા હતા. પણ રાવણને કશી અસર થતી નહોતી. છેવટે દેવરાજના સારથિ માતલિએ શ્રીરામને બ્રહ્માસ્ત્રની યાદ અપાવી. બ્રહ્માસ્ત્ર એટલે રામબાણ. એ બાણમાં વાયુની ઝડપ, સૂર્યની તેજ અગનઝાળ, આકાશ જેટલી વિશાળતા, મેરૂ અને મંદરાચલ પર્વત જેટલો ભાર-આરોપિત થયેલો હતો. શ્રીરામે બ્રહ્માસ્ત્ર છોડતાં જ રાવણની છાતી વીંધાઈ ગઈ. તે રથ પરથી ગબડીને નીચે પડયો. (રામચરિત-માનસ મુજબ વિભીષણ શ્રીરામને યાદ અપાવે છે. હે પ્રભુ રાવણની નાભિમાં અમૃત છે. તે અમૃતના બળના આધારે જીવે છે. તમે નાભિમાં બાણ મારો. 'શ્રીરામે નાભિમાં બાણ માર્યું. અમૃત સૂકાઈ ગયું. અને રાવણ ઢળી પડયો.) ધરતી પર પડેલા છેલ્લા શ્વાસો લેતા રાવણને જોઈને શ્રીરામે કહ્યું,' (નાયં વિનષ્ટેપ પતિતો યમશંક્તિઃ) વા.રામાયણ વિભીષણ, તારો ભાઈ સમરાંગણમાં શક્તિહીન-અસમર્થ થઈને નથી મર્યો. તે શૂરવીર છે, ખંતીલો છે. તેણે પ્રચંડ પરાક્રમ કરી બતાવ્યું છે. તેને મૃત્યુનો સહેજેય ભય નહોતો. તે દેવવશ રણભૂમિ પર ધરાશાયી થઈને મર્યો છે.

શ્રીરામને રાવણના ચરિત્રની જાણ હતી. તેના ગુણ-અવગુણથી વાકેફ હતા. ભલે ગમે તેટલી ઊણપ, ખામી કે ખરાબી હતી પણ શ્રીરામને તેના ગુણ દેખાતા હતા. તે વિભીષણની સામે રાવણની બદગોઈ કે નિંદા નથી કરતા, પણ તેની વીરતાના વખાણ કરતા હતા.

રાવણ પૂર્વજન્મમાં શિવજીનો 'ગણ' હતો. આ જન્મમાં શિવજીની ઉગ્ર તપસ્યા કરી હતી. એક મસ્તક અને એક હાથની વીણા બનાવી કમળપૂજા કરી શિવ સ્ત્રોતોનું ગાન કર્યું હતું. તેણે બનાવેલી વીણા આજેય'રાવણ હથ્થા' તરીકે ઓળખાય છે. વરૂણ, કુબેર, પવન, યમરાજ જેવા દિક્પાલો તેણે જીતી લીધા હતા. કિન્નર, સિધ્ધ, સુર, નાગ, દેવતા, દાનવ કે માનવ તેના વશમાં હતા. તે નીડર હતો. બહાદુર હતો. તે મહાતપસ્વી, વેદોની-વેદપુરૂષ અને યક્ષ-કર્મોમાં શ્રેષ્ઠ હતો. તેને આજે ઉત્તમ ગતિ પ્રાપ્ત થઈ હતી. આવી ગતિ ઘણા ઓછાને મળે છે.

કોઈ માણસ પરિપૂર્ણ નથી હોતો. દરેકમાં ગુણ-અવગુણ સમાયેલા હોય છે. આપણે ખુદને પૂર્ણ સમજી બીજાને અપૂર્ણ-નકામા ખોડ કે ઉણપ વાળા સમજીએ છીએ. બીજાની દૃષ્ટિએ માણસ ગમે એટલો ખરાબ લાગતો હોય પણ તેની ભીતર પણ સ્નેહની સરવાણી વહેતી હોય છે. હિટલર તેની માતાને અગાધ પ્રેમ કરતો હતો. અહીં કંસ, રાવણ, દુર્યોધન, હિટલર કે ચંગેઝખાન જેવા આતંકીઓનો પક્ષ લેવાની વાત નથી. તેમને ચારિત્ર્યશીલ ગણી સારા કહેવડાવવાની વાત નથી. વાત છે ખરાબમાં ખરાબ લાગતા માણસમાંથી પણ સારૂં તત્ત્વ તારવી, જરૂર પડે જીવનમાં ઊતારવાની. દરિયાને ખારો ગણી તેનાથી દૂર ભાગનાર એની અંદર પડેલી અપાર સંપત્તિથી વંચિત રહી જાય છે, ચાણક્યસૂત્રમાં કહ્યું છે (નાલ્યદોષાદ બહુગુણાસત્યન્યન્તે) કોઈનો સાધારણ દોષ જોઈને તેનો તિરસ્કાર ના કરવો. તેનામાં રહેલા મહત્ત્વપૂર્ણ ગુણોનો અસ્વીકાર ના કરવો. દુશ્મનમાં પણ ગુણ હોઈ શકે છે એ વાત કોઈને ગળે ઉતરતી નથી.

જોધપુરના મહારાજા જશવંતસિંહના મૃત્યુ બાદ તેમનો પુત્ર અજીતસિંહ ગાદી પર આવ્યો. ઔરંગઝેબ કોઈપણ રીતે જોધપુર જીતવા માંગતો હતો. ઘણા પ્રયાસો કર્યા પણ મંત્રી દુર્ગાદાસ રાઠોડે ઔરંગઝેબની એકપણ ચાલ સફળ ના થવા દીધી. છેલ્લી વાર યુધ્ધના મેદાનમાં દુર્ગાદાસે જોરદાર ટક્કર આપી. સેનાને ભગાડી દીધી. આ યુધ્ધ વખતે ઔરંગઝેબના પૌત્ર-પૌત્રી દુર્ગાદાસના કબજામાં આવી ગયાં. ઔરંગઝેબને ફાળ પડી. તેણે તેમને પાછા માંગ્યા. દુર્ગાદાસે આકરી શરત રાખી. હવે પછી કદી જોધપુરના સિંહાસન તરફ આંખ ઉઠાવી જોવું નહિ. ઔરંગઝેબે શરત મંજૂર રાખી. પૌત્ર-પૌત્રી દિલ્હી પાછા ફર્યા. પણ તેઓ વિધર્મીના ઘરમાં રહેલા એટલે શુદ્ધિ માટે ઔરંગઝેબે તેમને કુર્રાનના પાઠ કરવા જણાવ્યું ત્યારે તેમની પૌત્રીએ કહ્યું, 'દાદા, દુર્ગાદાસે સગા દીકરા દીકરીની માફક અમારૂં ધ્યાન રાખ્યું હતું. અમારા માટે એક મુસલમાન મહિલા રાખી હતી જે દરરોજ અમને કુર્રાન પઢાવતી હતી. 'ઔરંગઝેબ આ સાંભળી દુર્ગાદાસના આ સંસ્કારી વર્તન આગળ મનોમન ઝૂકી ગયો. તેણે સૌ દરબારીઓને કહ્યું, 'સુબ્હાન અલ્લાહ, મને દુશ્મન પણ કેવો કદરદાન મળ્યો. જેને ઝૂકી ઝૂકીને સલામ કરવાનું મન થાય.'

જે બીજામાં દોષ શોધનાર છિન્દ્રાન્વેષી હશે તેને દોષ જ દેખાશે. પ્રભુ મહાવીરના જમાઈને તેમનામાં ખામી જ દેખાતી. દુર્યોધનની સામે શ્રીકૃષ્ણ સાક્ષાત જીવંત હતા છતાં તેને ક્યારેય શ્રીકૃષ્ણની અચ્છાઈનો અહેસાસ ના થયો. પારખુ નજરવાળા જ બીજામાં છુપાયેલા ચૈતસિક ગુણો જોઈ શકે છે. તેના માટે આંખની અંદર અંતઃકરણની આંખ જોઈએ. જે ન દેખાતા ગુણોને પણ જોઈ શકે.વિવેકાનંદ શ્રીરામકૃષ્ણ પરમહંસને મળ્યા તે પહેલાં હોશિયાર વિદ્યાર્થી નહોતા. શિક્ષક તરીકે મળેલી નોકરી પણ ટકાવી શક્યા નહોતા. વ્યસની હતા. નોનવેજ ખાતા. હુક્કો ગડગડાવતા, એકવાર સ્ટીમરમાં મુસાફરી કરતા હતા. સ્ટીમર એડન બંદરે થોભીને આગળ વધવાની હતી. વિવેકાનંદે કિનારેથી દૂર એક પાનવાળાને હુક્કો પીતાં જોયો. બસ, ઘણા વખતથી દબાયેલી તલબ જાગી ઉઠી. કાબૂ ના રહ્યો. ત્યાં ગયા હુક્કો ગડગડાવ્યો. ત્યારે શાંતિ વળી. આ બેફિકર વ્યસની વિવેકાનંદ પર પરમહંસની નજર પડી. પરમહંસ તેમનામાં રહેલા ગુણિયલ આત્મતત્ત્વને પારખી ગયા. ત્યારપછી પરમહંસના સાન્નિધ્યમાં વિવેકાનંદમાં રહેલા અવગુણો એક પછી એક દૂર થઈ ગયા. અને આપણને જગતમાં ભારતનું નામ રોશન કરનાર સ્વામીજી મળ્યા.

# ઈપીએફ ૯૫ યોજનાના પેન્સરોની વ્યથા કોણ સાંભળશે ?

એક તરફ અખબારના પ્રથમ પાને આપણા લોકપ્રતિનિધિઓની સંપત્તિના આંકડા ચમકે છે અને બીજી તરફ એ જ અખબારના કોઈ ખૂણામાં વૃદ્ધાશ્રમની કતારમાં ઉભેલા એક નિવૃત્ત કર્મચારીની આંખનું પાણી સુકાઈ જાય છે. આજે જ પ્રગટ થયેલા એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સના અહેવાલ મુજબ દેશના ૩૧ મુખ્યમંત્રીઓની કુલ સંપત્તિ રૂ. ૩૬૬૦ કરોડ છે, સરેરાશ સંપત્તિ રૂ. ૧૧૮ કરોડ છે. ચાર મુખ્યમંત્રીઓ અબજોપતિ છે. કર્ણાટકના ડી.કે. શિવકુમાર એકલા રૂ. ૧૪૧૩ કરોડની સંપત્તિ ધરાવે છે. આ આંકડા દેશની સમૃદ્ધિ અને લોકશાહીની સફળતાનું પ્રતીક છે એમ કહીને આપણે ગર્વ લઈ શકીએ. પરંતુ આ જ લોકશાહીનો એક બીજો હિસાબ પણ છે, જે દાયકાઓથી અનબોલ્યો રહી ગયો છે. તે હિસાબ છે ઈપીએફ ૯૫ યોજનાના સિનિયર સિટીઝનનો.

દેશના વિકાસની ઈમારતના પાયામાં જે લાખો કામદારોએ પોતાનો પરસેવો રેડ્યો, ફેક્ટરીઓમાં, કારખાનાઓમાં, ખાનગી સંસ્થાઓમાં પોતાની જવાની ગાળી નાખી, તેઓ આજે નિવૃત્તિ પછી દર મહિને માત્ર ?૩૦૦ અને ૮૫૧ રૂપિયાના પેન્શન પર જીવવા મજબૂર છે. આ પંક્તિના લખનારે વરતેજ ખાતે આવેલી ગુજરાત સ્ટેટ મશીનમાં ૨૧ વર્ષ સુધી નિષ્ઠા પૂર્વક કાળી મજૂરી કરી છે તેના બદલામાં માત્ર ૮૫૧ રૂપિયા દર મહિને પેન્શન મળે છે ચાર વ્યક્તિના પરિવારનો નિભાવ કેમ કરવો? તે આજે સૌથી મોટી સમસ્યા છે. આજે અમારા જેવા અનેક કર્મચારીઓ સમાજસેવી સંસ્થાઓએ આપેલી અનાજની કીટ પર જીવન ગુજારે છે. અમારા જેવા અનેક કર્મચારીઓ પેન્શન વધશે એવી આશા સ્વર્ગીય સિધાવી ગયા.!

**ઈપીએફ ૯૫ની આ પેન્શન યોજના ૧૯૯૫માં શરૂ થઈ ત્યારે ઉદ્દેશ ઉમદા હતો. પરંતુ આજે ત્રણ દાયકા પછી મોંઘવારી આસમાને પહોંચી છે, દવાના ખર્ચા વધ્યા છે, પરંતુ લઘુતમ પેન્શન આજે પણ હજાર રૂપિયાની આસપાસ અટકેલું**

ઈપીએફ ૯૫ ની આ પેન્શન યોજના ૧૯૯૫ માં શરૂ થઈ ત્યારે ઉદ્દેશ ઉમદા હતો. પરંતુ આજે ત્રણ દાયકા પછી મોંઘવારી આસમાને પહોંચી છે, દવાના ખર્ચા વધ્યા છે, પરંતુ લઘુતમ પેન્શન આજે પણ હજાર રૂપિયાની આસપાસ અટકેલું છે. ઘણા કિસ્સાઓમાં તો ફોર્મ્યુલાને કારણે આઠસો રૂપિયાથી પણ ઓછું પેન્શન મળે છે.

એટલે કે ૩૫૦ રૂપિયા પેન્શન મળે છે. કરોડપતિ સાંસદો અને ધારાસભ્યો ને સિનિયર સિટીઝન ની મજબૂરી પરીવેદના કેમ સમજાતી નથી?

શું આ વ્યાજબી ગણાય? એક સાંસદ કે ધારાસભ્ય એક ટર્મ પૂરી કરે તો તેમને આજીવન હજારો રૂપિયાનું પેન્શન, અનેક ભથ્થાં અને સુવિધાઓ મળે છે, જ્યારે જીવનભર ઈપીએફમાં ફાળો આપનાર કર્મચારીને જીવન નિર્વાહ માટે પણ તરસવું પડે, એ લોકકલ્યાણના સિદ્ધાંત સાથે કેટલો સુસંગત છે, તે સવાલ સહજ રીતે થાય છે.

અહીં મુદ્દો કોઈની સંપત્તિની ઈર્ષ્યા કરવાનો નથી. આપણા પ્રતિનિધિઓ સમૃદ્ધ હોય, સક્ષમ હોય એ સારી વાત છે. મુદ્દો સંવેદનશીલતા અને પ્રાથમિકતાનો છે. વર્ષોથી

**આસપાસ ચોપાસ**
**સુરેશ ભટ્ટ**

ઈપીએફ ૯૫ ના પેન્શનરો દિલ્હીના જંતરમંતરથી લઈને દેશના દરેક જિલ્લા કલેક્ટર કચેરી સુધી લડત ચલાવી રહ્યા છે. સફેદ વાળ અને ધ્રૂજતા હાથે તેઓ આવેદનપત્રો આપે છે, તેમની માંગ ખૂબ જ નાની છે, માત્ર સન્માનજનક જીવન જીવી શકાય એટલું પેન્શન. સુપ્રીમ કોર્ટે પણ હાયર પેન્શનના મુદ્દે તેમની તરફેણમાં અવલોકન આપ્યું છે, સંસદીય સમિતિઓએ લઘુતમ પેન્શન વધારીને સાત હજાર પાંચસો રૂપિયા કરવા ભલામણ કરી છે, છતાં ફાઈલો ક્યાંક અટવાયેલી પડી છે. કેન્દ્ર સરકાર આ વેદનાને સમજતી નથી એવી લાગણી આ વડીલોમાં ઘર કરી રહી છે, જે લોકશાહી માટે સારી નથી.

આ પરિસ્થિતિને માત્ર નિરાશાથી જોવાને બદલે આપણે સકારાત્મક ઉકેલ તરફ દ્રષ્ટિ કરવી જોઈએ. ભારત આજે વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે. આપણી પાસે સાધનો છે, ઈચ્છાશક્તિની જરૂર છે. ઈપીએફઓ પાસે હજારો કરોડનું ભંડોળ છે, તેના વ્યાજમાંથી પણ આ વડીલોને રાહત આપી શકાય છે. સરકારે આ મુદ્દાને ખર્ચ તરીકે નહીં પરંતુ રોકાણ તરીકે જોવો જોઈએ. જે નાગરિકે દેશની ઉત્પાદકતામાં ફાળો આપ્યો છે, તેને વૃદ્ધાવસ્થામાં સાચવવો એ રાજ્યની નૈતિક જવાબદારી છે. આનાથી બજારમાં ખરીદશક્તિ વધશે અને અર્થતંત્રને જ વેગ મળશે.



એક સકારાત્મક અભિગમ એ હોઈ શકે કે લોકપ્રતિનિધિઓ પોતે આ મુદ્દાને પોતાનો મુદ્દો બનાવે. જે સદનમાં કરોડોની સંપત્તિના એફિડેવિટ રજૂ થાય છે, એ જ સદન જો આઠસો રૂપિયાના પેન્શનરના હિતમાં એક સર્વસંમત ઠરાવ પસાર કરે તો તે લોકશાહીની સૌથી સુંદર તસવીર બનશે. અબજોપતિ મુખ્યમંત્રીઓ અને કરોડપતિ સાંસદો જો એક મહિનાનું પેન્શન કે ભથ્થું આ ફંડમાં સ્વેચ્છાએ આપવાનું આહવાન કરે તો તેનાથી મોટો સંદેશ જશે. પરંતુ કાયમી ઉકેલ તો નીતિગત જ હોવો જોઈએ. લઘુતમ પેન્શનને મોંઘવારી ભથ્થા સાથે જોડવું, મેડિકલ સુવિધા મજબૂત કરવી અને હાયર પેન્શનના સુપ્રીમ કોર્ટના આદેશનો ઝડપી અમલ કરવો, આ ત્રણ પગલાંથી વર્ષોની વેદના પર મલમ લગાવી શકાય છે.

આપણે એ ન ભૂલવું જોઈએ કે આ સિનિયર સિટીઝન આપણી જ સંયુક્ત કુટુંબ વ્યવસ્થાનો આધાર છે. તેમના હાથમાં જો સન્માનજનક રકમ હશે તો તેઓ કોઈની દયા પર નહીં જીવે, તેમનું સ્વાભિમાન જળવાઈ રહેશે. આ પોઝિટિવ ભારતનું નિર્માણ છે, જ્યાં વિકાસની સાથે કરુણા પણ ચાલે છે. સરકાર સૌને સાથ, સૌનો વિકાસની વાત કરે છે, ત્યારે આ વર્ગને સૌથી પહેલા સાથની જરૂર છે. અબજોની સંપત્તિના આંકડા અને આઠસો રૂપિયાના પેન્શન વચ્ચેની ખાઈને પૂરવી એ જ સાચી આર્થિક સમાનતા છે. આશા રાખીએ કે આવનારા બજેટમાં કે નીતિમાં આ વડીલોના ચહેરા પર સ્મિત લાવે એવો નિર્ણય લેવાશે, કારણ કે વડીલોના આશીર્વાદથી મોટી કોઈ સમૃદ્ધિ નથી.

# યુરોપમાં એક નવી ટી૨૦ લીગમાં સ્મિથ અને મેક્સવેલ જેવા સ્ટાર્સ તેમની તાકાત દર્શાવશે

નવીદિલ્હી,

યુરોપિયન ક્રિકેટમાં એક નવો યુગ શરૂ થવાનો છે. પ્રથમ વખત યુરોપિયન ટી ૨૦ પ્રીમિયર લીગ (ઈટીપીએલ) ૨૬ ઓગસ્ટથી શરૂ થશે. ફાઈનલ ૨૦ સપ્ટેમ્બરના રોજ રમાશે. છ ટીમોની આ ટુર્નામેન્ટમાં વિશ્વના ઘણા પ્રખ્યાત ક્રિકેટરો મેદાનમાં ઉતરશે. રોટરડેમ ડોકર્સ અને એમ્સ્ટરડેમ ફ્લેમ્સ ઓપનિંગ મેચમાં આમને-સામને થશે.ઈટીપીએલની પહેલી સીઝન ૨૬ દિવસની હશે, જેમાં નેધરલેન્ડ્સના વૂરબર્ગ ક્રિકેટ ક્લબ અને આયર્લેન્ડના માલાહાઈડ ખાતે મેચો રમાશે. લીગ સ્ટેજમાં કુલ ૩૦ મેચો રમાશે, જેમાં બધી છ ટીમો ડબલ



રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં બે વાર એકબીજા સામે ટકરાશે.

લીગ સ્ટેજના અંતે પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહેનારી ટીમ સીધી ફાઈનલમાં પહોંચશે. બીજા અને ત્રીજા સ્થાને રહેનારી ટીમો ક્વોલિફાયરમાં રમશે, જેમાં વિજેતા ફાઈનલમાં બીજો સ્થાન મેળવશે. પ્રથમ ૧૫ લીગ મેચો નેધરલેન્ડ્સના વૂરબર્ગ ક્રિકેટ ક્લબ ખાતે રમાશે. ત્યારબાદ ટુર્નામેન્ટ આયર્લેન્ડના માલાહાઈડમાં શિફ્ટ થશે, જ્યાં બાકીની લીગ મેચો, ક્વોલિફાયર અને ફાઈનલ યોજાશે.

ટીમ ટ્રાવેલ ડે ૭ અને ૮ સપ્ટેમ્બરના રોજ સુનિશ્ચિત થયેલ છે. લીગ સ્ટેજમાં ઘણા ડબલ-હેડર પણ હશે, જેમાં પ્રથમ મેચ સ્થાનિક સમય મુજબ સવારે ૧૧:૩૦ વાગ્યે અને બીજી બપોરે ૩:૧૫ વાગ્યે શરૂ થશે. લીગમાં ઘણા દિગ્ગજ ખેલાડીઓ ભાગ લેશે.ઈટીપીએલની પહેલી સીઝનમાં અસંખ્ય આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ ભાગ લેશે. આમાં સ્ટીવ સ્મિથ, રવિચંદ્રન અશ્વિન, ફાફ ડુ પ્લેસિસ, ગ્લેન મેક્સવેલ, હેનરિક ક્લાસેન, મિશેલ માર્શ, લુંગી ન્ગીડી અને ટ્રેન્ટ બોલ્ટ જેવા મોટા નામોનો સમાવેશ થાય છે. આ ખેલાડીઓની હાજરી ટુર્નામેન્ટને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવશે તેવી અપેક્ષા છે.રોટરડેમ ડોકર્સના સહ-માલિક જોન્ટી રોડ્સે કહ્યું કે તેમને ઈટીપીએલની પહેલી સીઝન શરૂ કરવાનો ગર્વ છે. તેમણે આશા વ્યક્ત કરી કે ટીમ તેમના ઘરઆંગણાના ચાહકો સામે યાદગાર પ્રદર્શન કરશે. દરમિયાન, એમ્સ્ટરડેમ ફ્લેમ્સના સહ-માલિક સ્ટીવ વોએ કહ્યું કે શરૂઆતની મેચ તેમની ટીમ માટે વિશ્વ સમક્ષ તેમની ક્રિકેટ શૈલી દર્શાવવાની એક શ્રેષ્ઠ તક હશે. તેમણે તેને યુરોપિયન ક્રિકેટમાં એક નવા અધ્યાયની શરૂઆત તરીકે વર્ણવી.ડબલિન ગાર્ડિયન્સના સહ-માલિક રાહુલ દ્રવિડે કહ્યું કે યુરોપની નવી ફ્રેન્ચાઇઝ ટી ૨૦ લીગમાં ડબલિનનું પ્રતિનિધિત્વ કરવું ખૂબ જ રોમાંચક છે.

# વેસ્ટ ઈન્ડિઝની જીતથી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ પોઈન્ટ ટેબલમાં પાકિસ્તાન નીચે ધકેલાયું

નવીદિલ્હી,

વેસ્ટ ઈન્ડિઝ સામે બે મેચની ટેસ્ટ શ્રેણીની પહેલી મેચમાં ૯૦ રનથી હાર બાદ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ માં પાકિસ્તાનની સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. પાકિસ્તાને સતત આઠમી વિદેશ ટેસ્ટ હારનો સામનો કરવો પડ્યો છે અને તે ડબ્લ્યુસી ૨૦૨૫-૨૭ પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે છે, આ મેચ પહેલા તેમના પોઈન્ટ ટકાવારી ૮.૩૩ થી ઘટીને ૬.૬૬ થઈ ગઈ છે. અગાઉ આઠમા ક્રમે રહેનાર વેસ્ટ ઈન્ડિઝનો પોઈન્ટ ટકાવારી હવે ૨૨.૭૩ છે. ભારત WTC 2025-૨૭ પોઈન્ટ ટેબલમાં ૪૮.૧૫ પોઈન્ટ સાથે પાંચમા ક્રમે છે.



વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ચોથી આવૃત્તિમાં પાકિસ્તાનનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું છે, તેણે ડબ્લ્યુટીસી ૨૦૨૫-૨૭ માં અત્યાર સુધી રમાયેલી પાંચ ટેસ્ટમાંથી ચાર ટેસ્ટ હારી છે. જ્યારે પાકિસ્તાની ટીમ પાસે ફક્ત ચાર પોઈન્ટ છે, તેમના પોઈન્ટ ટકાવારી ૬.૬૬ છે. આવી સ્થિતિમાં, તેમના માટે ફાઈનલમાં પહોંચવું લગભગ અશક્ય બની ગયું છે. વેસ્ટ ઈન્ડિઝ ટીમની વાત કરીએ તો, WTC 2025-27 માં ૧૧ ટેસ્ટ મેચોમાં આ તેમની બીજી જીત છે, અને તેમના પોઈન્ટ ટકાવારી ૨૨.૭૩ પર પહોંચી ગઈ છે, જે તેમને ૮મા ક્રમે રાખે છે.

# ભારતીય ટીમમાં કોચનુંપદ છોડ્યા પછી રાયન ટેન ડોશેટ પોતાની ભૂતપૂર્વ ટીમમાં જોડાયા





નવીદિલ્હી,

ભારતીય ક્રિકેટ ટીમના સહાયક કોચ પદેથી રાજીનામું આપ્યાના માત્ર ૨૪ કલાક પછી, નેધરલેન્ડ્સના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર રાયન ટેન ડોશેટ કોલકાતા નાઈટ રાઈડર્સ પરિવારમાં પાછા ફર્યા છે. નાઈટ રાઈડર્સ સ્પોર્ટ્સે બુધવારે તેમને ક્રિકેટ સ્ટ્રેટેજીના વડા તરીકે નિયુક્ત કર્યા. આ નવી ભૂમિકામાં, તેઓ નાઈટ રાઈડર્સની વૈશ્વિક ફ્રેન્ચાઈઝી માટે ક્રિકેટ સ્ટ્રેટેજી, સ્કાઉટિંગ, ખેલાડીઓના વિકાસ અને ટીમ નિર્માણનું નિરીક્ષણ કરશે.

નાઈટ રાઈડર્સ સ્પોર્ટ્સના સીઈઓ વેંકી મૈસૂરએ ટેન ડોશેટના વાપસી પર ખુશી વ્યક્ત કરી. તેમણે કહ્યું, "અમે ટેન ડોશેટને નાઈટ રાઈડર્સ પરિવારમાં પાછા આવકારતા ખુશ છીએ. અમારી કાર્યશૈલી અને ફ્રેન્ચાઈઝી અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સાથેના તેમના અનુભવ તેમને આ ભૂમિકા માટે આદર્શ બનાવે છે. તે નાઈટ રાઈડર્સ ઈકોસિસ્ટમ માટે વિકાસના આગામી તબક્કાને માર્ગદર્શન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવશે."

પોતાની નવી જવાબદારી સ્વીકારતા, ટેન ડોશેટે કહ્યું, "હું નાઈટ રાઈડર્સમાં ફરીથી જોડાવા માટે ખૂબ જ ઉત્સાહિત છું. સ્કાઉટિંગ, ખેલાડી વિકાસ પ્રણાલીઓને મજબૂત કરવા અને અમારી વૈશ્વિક ફ્રેન્ચાઈઝીની કોચિંગ અને એનાલિટિક્સ ટીમો સાથે સહયોગમાં લાંબા ગાળાની ક્રિકેટ વ્યૂહરચના વિકસાવવાની આ એક અનોખી તક છે.

૪૫ વર્ષીય ટેન ડોશેટે હવે નાઈટ રાઈડર્સની તમામ વૈશ્વિક ટીમોમાં સ્કાઉટિંગ, ખેલાડીઓની ભરતી, ટીમ પ્લાનિંગ અને પ્રદર્શન મૂલ્યાંકન માટે જવાબદાર રહેશે. તે ટ્રિનબાગો નાઈટ રાઈડર્સ,અબુ ધાબી નાઈટ રાઈડર્સ અને લોસ એન્જલસ નાઈટ રાઈડર્સ માટે સહાયક કોચ તરીકે પણ સેવા આપશે.ટેન ડોશેટે ૨૦૧૧ થી કેકેઆર સાથે છે.

# સાક્ષી ચૌધરીએ ૨૦૨૬ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનો પાંચમો બોક્સિંગ મેડલ નિશ્ચિત કર્યો

નવીદિલ્હી,

ભારતીય બોક્સર સાક્ષી ચૌધરીએ ૨૯ જુલાઈ, બુધવારે ગ્લાસગોમાં મહિલા ૫૧ કિગ્રા ક્વાર્ટર ફાઈનલમાં ઉત્તરી આયર્લેન્ડની કેટલીન ફાયર્સને સર્વસંમતિથી ૫-૦ના નિર્ણયથી હરાવીને ૨૦૨૬ કોમનવેલ્થ ગેમ્સમાં ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ મેળવ્યો.



આ વિજયથી ૨૬ વર્ષીય બોક્સર સેમિફાઈનલમાં પહોંચી ગઈ અને ગેમ્સમાં ભારતની વધતી જતી બોક્સિંગ યાદીમાં વધુ એક મેડલ ઉમેર્યો. સાક્ષી પોડિયમ ફિનિશિંગની ખાતરી મેળવનારી પાંચમી ભારતીય બોક્સર બની, જેમાં તેણી લોવલીના બોર્ગોહેન (૭૫ કિગ્રા), પ્રીતિ પવાર (૫૪ કિગ્રા), પ્રિયા ઘંઘાસ (૬૦ કિગ્રા) અને જદુમણી સિંહ (પુરુષોના ૫૫ કિગ્રા) સાથે જોડાઈ.

ખાસ કરીને, સાક્ષીએ શરૂઆતના ઘંટડીથી જ સ્પર્ધાને નિયંત્રિત કરી, જેમાં પાંચેય નિર્ણાયકોએ ત્રણ રાઉન્ડના મુકાબલામાં ભારતીય બોક્સરની તરફેણ કરી. પરિણામ બોક્સિંગ સ્પર્ધામાં ભારતના મજબૂત અભિયાનને રેખાંકિત કરે છે, જ્યાં સેમિફાઈનલમાં પહોંચવાથી ટુર્નામેન્ટ ફોર્મેટ હેઠળ મેડલની ખાતરી મળે છે.

તાજેતરની સફળતા સાક્ષીની કારકિર્દીમાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ પણ બની. આ બોક્સર વર્ષો સુધી થયેલી ઈજાના કારણે થયેલી મુશ્કેલીઓને દૂર કરીને ગ્લાસગો પહોંચી હતી, જેના કારણે તેણીને અગાઉના કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લેવાની તક મળી ન હતી. આખરે ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યા પછી, તેણીએ હવે તે તકને ગેરંટીકૃત મેડલમાં રૂપાંતરિત કરી છે.

# દેવ આનંદના પુત્ર સુનિલ આનંદનું ૭૦ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અવસાન

મુંબઈ,

હિન્દી સિનેમાના દિગ્ગજ દિગ્ગજ દેવ આનંદના પુત્ર સુનિલ આનંદનું લંડનમાં હૃદયરોગના હુમલાથી અવસાન થયું છે. તેમના પરિવારે તેમના મૃત્યુની પુષ્ટિ કરી છે. પરિવારના જણાવ્યા અનુસાર, સુનિલ આનંદનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું. એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સુનિલ આનંદને હૃદયરોગના હુમલા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. સમગ્ર ફિલ્મ ઉદ્યોગ અને અભિનેતાના ચાહકો શોકમાં છે.

દેવ આનંદની પૌત્રી અને સુનીલ આનંદની ભત્રીજી ઝીના



નારંગે સુનીલ આનંદના અવસાનની પુષ્ટિ કરતું એક સત્તાવાર નિવેદન બહાર પાડ્યું. ઝીનાએ પોતાના નિવેદનમાં કહ્યું, "ભારે હૃદયથી, અમારું પરિવાર સુનીલ આનંદના અવસાનની પુષ્ટિ કરે છે અને તેમની શોક વ્યક્ત કરે છે. અમને મળેલા પ્રેમ, પ્રાર્થના અને સમર્થન માટે અમે ખરેખર આભારી છીએ. આ મુશ્કેલ સમયમાં અમે ગોપનીયતાની વિનંતી કરીએ છીએ."

સુનીલ આનંદ હિન્દી સિનેમાના પીઢ અભિનેતા અને ફિલ્મ નિર્માતા દેવ આનંદ અને અભિનેત્રી કલ્પના કાર્તિકના પુત્ર હતા. તેમનો જન્મ સ્વિટ્ઝર્લેન્ડના ઝ્યુરિચમાં થયો હતો. તેમણે ૧૯૮૪ માં આવેલી ફિલ્મ "આનંદ ઔર આનંદ" થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો, જેમાં તેમના પિતા અને સુપ્રસિદ્ધ અભિનેતા દેવ આનંદ અભિનિત હતા. આ ફિલ્મમાં તેમના પિતા પણ હતા અને તેમનો પ્રથમ ઓન-સ્ક્રીન સહયોગ હતો. જોકે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી શકી નહીં. ત્યારબાદ તેઓ "કાર થીફ" અને "મૈં તેરે લિયે" જેવી ફિલ્મોમાં દેખાયા.

# પ્રિયા દત્ત સંજય દત્ત માટે ભાવુક થઈ,ક્યારેય તેના માતાપિતાની ગેરહાજરી અનુભવવા દીધી નહીં

મુંબઈ,

સંજય દત્તના ૬૭મા જન્મદિવસ પર, તેના બાળકોથી લઈને તેની બહેનો અને ચાહકો સુધી દરેક વ્યક્તિ તેના પર પ્રેમ વરસાવી રહ્યા છે. તેની બહેન પ્રિયા દત્ત અભિનેતા માટે જન્મદિવસની શુભેચ્છા લખતી વખતે ખૂબ જ ભાવુક થઈ ગઈ. તેણે સંજય દત્ત વિશે એક લાંબી પોસ્ટ લખી, અને ચાહકો પણ ભાવુક થઈ રહ્યા છે.

સંજય દત્ત બુધવારે ૬૭ વર્ષના થયા અને સોશિયલ મીડિયા પર પરિવાર, મિત્રો અને ચાહકો તરફથી તેમને અનેક શુભેચ્છાઓ મળી. સૌથી હૃદયસ્પર્શી સંદેશ તેમની બહેન પ્રિયા દત્ત તરફથી આવ્યો, જેમણે ભાવનાત્મક નોંધ શેર કરીને અને યાદ કરીને ખાસ દિવસની ઉજવણી કરી કે કેવી રીતે તેનો ભાઈ મુશ્કેલ સમયમાં પરિવારનો સૌથી મજબૂત ટેકો બન્યો.

ઈન્સ્ટાગ્રામ પર, પ્રિયા દત્તે એક હૃદયસ્પર્શી જન્મદિવસનો સંદેશ અને એક યાદગાર વિડિઓ શેર કર્યો. તેમાં, તેણીએ યાદ કર્યું કે સંજયે તેના જીવનમાં માતા અને પિતા બંનેની ખાલી જગ્યા કેવી રીતે ભરી હતી. આ વિડિઓમાં સંજય અને પ્રિયા સાથે વિતાવેલા ખાસ ક્ષણો તેમજ રિયાલિટી શોમાં તેમની ભાગીદારીની ક્લિપ્સ દર્શાવવામાં આવી છે.

ક્લિપમાં, પ્રિયાને કહેતા સાંભળી શકાય છે કે, "તેણે માતા અને પિતાની ખાલી જગ્યા સુંદર રીતે ભરી દીધી. અમે બધા નાની બહેનો હતા, ભૈયા પરિવારમાં પ્રથમ કમાનાર સભ્ય હતા અને તે બધું સંભાળતો હતો. અને અમે રાખી આવવાની રાહ જોતા હતા." અને હું વિચારતી હતી કે મારો ભાઈ મને આ રાખી શું આપશે?

પ્રેમાળ બહેને કેપ્શનમાં લખ્યું, "કેટલાક સંબંધો સમય સાથે મજબૂત બને છે, અને આપણા પણ. જીવન આપણને ગમે ત્યાં લઈ જાય, પરિવાર હંમેશા આપણી સૌથી મોટી તાકાત રહ્યો છે, અને હું આભારી છું કે આપણે આ સફર સાથે પસાર કરી છે. આવા ભાઈ બનવા બદલ આભાર. મજબૂત, સંભાળ રાખનાર અને હંમેશા પોતાના પ્રત્યે સાચા. મને આશા છે કે આ વર્ષ તમારા માટે સારું સ્વાસ્થ્ય, ઘણી બધી ખુશીઓ, નવી યાદો અને તમે લાયક છો તેવો પ્રેમ લાવશે. તમારો જન્મદિવસ ખૂબ જ સુંદર રહે."

સંજય દત્તના જોડિયા બાળકો, પુત્ર શહરાન દત્ત અને પુત્રી ઈકરા દત્ત અને તેમની મોટી પુત્રી ત્રિશલા દત્તે, અભિનેતાને તેમના ૬૭મા જન્મદિવસ પર હાર્દિક શુભેચ્છાઓ પાઠવી.



## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગી | રી | ભા | પ્ર | મ | ઊ | ર | ણ | ભો | ભ | બા | સા |
| પ્ર | ળ | તી | ણિ | મા | આ | ળ | આ | અ | ર | મ | ત |
| ઉ | લ | ગ | ક | સા | દ | ત | તુ | ણ | મ | લ | રો |
| ખ | દ | ળ | ણિ | સા | ચી | બા | ર | ળ | કા | દ | ક |
| ફ | ર | જ | વા | મ | ળ | કુ | દ | ક્ષ | ત | ત | બ |
| ર | મો | ર | ધ | પ્રા | કી | કા | શિ | બા | મા | ર | આ |
| સ | ર | પ્ર | સા | દ | મા | કા | કુ | લ | કી | સા | કા |
| પ્ર | સ | ગ | બિ | ત | ડી | ણિ | ન | મ | ગં | ર | ઐ |
| ળો | તુ | ત | મ | સા | આ | ચા | ક | બ | ધ | અ | દ |
| પ્ર | ર | ડો | રા | બં | ળ | ચી | બં | ણે | ક | લ | મ |
| બ | રા | બ | ર | કી | બા | અઃ | રી | લા | બૂ | હિ | ગ |
| વિ | ઊ | વા | મ | ગં | ણ | અં | અં | ળ | મા | અઃ | ર |

શબ્દ શોધો: પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# ખતરોં કે ખિલાડી સીઝન ૧૫ના નવા પ્રોમોમાં મોર્ને મોર્કેલ રોહિત શેટ્ટી સાથે દેખાયો



મુંબઈ,

'ખતરોં કે ખિલાડી ૧૫'નો નવો પ્રોમો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં રોહિત શેટ્ટી બધાને સરપ્રાઈઝ આપે છે. સ્પર્ધકો આ સરપ્રાઈઝથી દંગ રહી ગયા છે. ખતરોં કે ખિલાડી સીઝન ૧૫ ના આ લોકપ્રિય પ્રોમોમાં મોર્ને મોર્કેલ દેખાય છે. તેની એન્ટ્રી બધાને સ્તબ્ધ કરી દે છે. તે સ્પર્ધકોને પડકાર ફેંકે છે, જેનાથી બધાને આશ્ચર્ય થાય છે કે તેઓ કેવી રીતે જીતશે. આ લોકપ્રિય સ્ટંટ-આધારિત રિયાલિટી શો "ડર કા નયા દૌર" થીમ સાથે પાછો ફરી રહ્યો છે, જેમાં ગૌરવ ખન્ના, અવિનાશ મિશ્રા અને ફરહાના ભટ્ટ જેવા સ્પર્ધકો છે.

રોહિત શેટ્ટી દ્વારા હોસ્ટ કરાયેલ શોની આ સીઝન પહેલા કરતા વધુ વિસ્ફોટક અને ખતરનાક બનવાની તૈયારીમાં છે. દક્ષિણ આફ્રિકાના ક્રિકેટર મોર્ને મોર્કેલ પણ શોમાં જોવા મળશે. પોતાની ભયાનક બોલિંગ માટે જાણીતો આ ફાસ્ટ બોલર "ખતરોં કે ખિલાડી" સાથે ભારતીય રિયાલિટી ડેબ્યૂ કરી રહ્યો છે. રસપ્રદ વાત એ છે કે તે ભારતીય ક્રિકેટ ટીમનો બોલિંગ કોચ પણ છે.

એક ટાસ્કમાં, સ્પર્ધકોએ મોર્ને મોર્કેલ દ્વારા ફેંકવામાં આવેલ બોલ પકડવાનો રહેશે, પરંતુ આ ટાસ્ક સરળ રહેશે નહીં. સ્ટંટ પૂર્ણ કરવા માટે, સ્પર્ધકો ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરની ફાસ્ટ બોલિંગનો સામનો કરશે. મોર્કલે રમતના કેટલાક શ્રેષ્ઠ બેટ્સમેન સામે મેદાન પર સમય વિતાવ્યો છે, અને 'ખતરોં કે ખિલાડી'માં તેનું પ્રદર્શન સ્ટંટ ચેલેન્જના ઉત્સાહમાં વધારો કરશે અને રમતમાં એક નવું પરિમાણ ઉમેરશે.

# ગુરુ પૂર્ણિમાના દિવસે કરિશ્મા તન્ના અને તેના પતિ વરુણ બાંગેરાએ પુત્રનું સ્વાગત કર્યું

મુંબઈ,

કરિશ્મા તન્નાએ, પતિ વરુણ બાંગેરા સાથે તેની ગર્ભાવસ્થા ડાયરીના ફોટા પોસ્ટ કરતી હતી, તેણીએ તેના પહેલા બાળક - એક બાળકનું સ્વાગત કર્યું છે. ગુરુ પૂર્ણિમાના શુભ પ્રસંગે 'સારા સમાચાર' આવ્યા. આ કપલના ઉદ્યોગના સાથીઓએ કપલને અભિનંદન આપ્યા.

કરિશ્મા તન્નાએ એપ્રિલમાં તેની ગર્ભાવસ્થાની જાહેરાત કરી હતી. તેના છેલ્લા ત્રિમાસિક ગાળા દરમિયાન, અભિનેત્રીએ પતિ વરુણ સાથેના તેના પ્રેગ્નન્સી શૂટિંગના ફોટા પોસ્ટ કરતી રહી. તેણી ઘણીવાર પપ્પા દ્વારા ક્લિક કરવામાં આવતી હતી, જે મુખ્ય ગર્ભાવસ્થા ફેશન લક્ષ્યો પૂરા કરતી હતી.

૩૦ જુલાઈના રોજ, તેણીએ એક બાળકનું સ્વાગત કર્યું. નાના બાળકના પગનો ફોટો શેર કરતી વખતે, જરૂરી નથી કે તે તેના પોતાના બાળકનો નહીં, સંજુ અભિનેત્રીએ લખ્યું, "ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે જન્મ... અમારો સૌથી મોટો આશીર્વાદ અહીં છે. ૨૯ જુલાઈ ૨૦૨૬ આપણી દુનિયામાં આપનું સ્વાગત છે, નાનું બાળક. કરિશ્મા અને વરુણ (જૈષ્ઠ)", આ દંપતીએ ચાહકો સાથે સમાચાર શેર કરતા લખ્યું.ર્

કરિશ્મા તન્ના અને વરુણ બંગેરાએ તેમના પુત્રના જન્મની જાહેરાત કર્યા પછી ઘણી સેલિબ્રિટીઓએ અભિનંદન પાઠવ્યા. સોનુ સૂદ, રકુલ પ્રીત સિંહ, જાસ્મીન ભસીન, વામિકા ગબ્બી, ખુશી કપૂર, અંજલી દિનેશાનંદ, ધનશ્રી વર્મા, અનિતા હસનંદાની, ભારતી સિંહ, મહિપ કપૂર, રિચા ચઢ્ઢા, આસીમ રિયાઝ, નેહા ધૂપિયા, નિમરત કૌર, એકતા કપૂર અને રાજ કુંદ્રાએ આ દંપતી માટે હૃદયસ્પર્શી સંદેશા છોડ્યા. જ્યારે મોટાભાગના લોકોએ તેમને "અભિનંદન" ની શુભેચ્છા પાઠવી, ત્યારે અન્ય લોકોએ પ્રેમથી ભરેલી ટિપ્પણીઓ શેર કરી, જેમાં એકતા કપૂરે લખ્યું, "મમ્મીય્ય અભિનેતા મલ્હોત્રા સાથે ઉજવણીમાં હાજરી આપી હતી અને ત્યાં વરુણને પહેલી વાર મળ્યો હતો. જે કેઝ્યુઅલ વાતચીત તરીકે શરૂ થયું હતું તે ટૂંક સમયમાં ગાઢ મિત્રતામાં ફેરવાઈ ગયું, જે આખરે સંબંધમાં ખીલ્યું.

# પૂ.રણછોડદાસજી બાપુના આશ્રમમાં કૃતજ્ઞતા તથા સમર્પણ ભાવનાં દર્શનઃ હજારો લોકો ઉમટયા





રાજકોટ

ગુરૂ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય, બલિહારી ગુરૂ દેવ કી, જીસને ગોવિંદ દિયો મિલાય' ભારતીય પરંપરામાં ભગવાનથી વિશેષ સ્થાન ગુરૂનું દર્શાવેલ છે. આજે ગુરૂદેવ પ્રત્યે કૃતજ્ઞતા તથા સમર્પણ ભાવ દર્શાવવાનો દિવ્ય અવસર છે. આજે ઠેર ઠેર મંદિરો, ગાદીસ્થાનો તથા આધ્યાત્મિક કેન્દ્રોમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી થઈ રહી છે. ભકતો ગુરૂજીના ચરણોમાં શીશ ઝુકાવીને શ્રધ્ધા અને ભકિત દર્શાવી રહ્યા છે. ઠેર ઠેર ગુરૂ વંદનાનાં કાર્યક્રમો ચાલી રહ્યા છે.

રાજકોટમાં કુવાડવા રોડ પર આવેલ શ્રી સદગુરૂ આશ્રમ ખાતે પૂ. સદગુરૂ દેવ શ્રી રણછોડદાસજી બાપુની કૃપા મેળવવા આજે સવારથી જ ભકતોની કતાર જામી છે જે મોડી રાત સુધી જોવા મળશે. સર્વ જીવો પ્રત્યે કરૂણા અને સદભાવના ધરાવતા પૂ. રણછોડદાસજી બાપુના આશ્રમે સવારે મંગળા આરતી ત્યારબાદ ગુરૂ પૂજન, પાદુકા પૂજન સહિતના વિવિધ અનુષ્ઠાનોમાં ગુરૂ ભકતો જોડાયા હતા અને સદગુરૂ દેવને વંદના કરીને સમર્પણ ભાવ વ્યકત કર્યો હતો. આજે સવારથી સુમધુર સ્વરોમાં કલાકારો સંતવાણી રજૂ કરી રહ્યા છે.

જે મોડી રાત સુધી ચાલશે. ગુરૂદેવ તથા સંતોના ભજનોમાં ભાવિકો રસ તરબોળ બન્યા હતા. આજે સવારથી ગુરૂપૂર્ણિમા નિમિતે મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવી રહ્યંપ છે. મોડી રાત સુધી મહાપ્રસાદનું વિતરણ થશે. મહાપ્રસાદમાં છોલે પુરી તથા ડ્રાયફ્રુટ લચકો આપવામાં આવી રહ્યો છે. આજે સવારે મેગા નેત્રયજ્ઞ કેમ્પ યોજવામાં આવેલ હતો. આજના દિવસે લગભગ ૫૦ હજારથી વધુ લોકો મહાપ્રસાદનો લાભ લેશે.

# રાજકોટના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે સંતોની નિશ્રામાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

## પૂ.અપૂર્વમુનિ સ્વામીનું ગુરૂમહિમા વિષયક પ્રેરક પ્રવચન, વૈદિક મહાપૂજાનો હરિભકતોએ લાભ લીધો



રાજકોટ,

ભારતીય સંસ્કૃતિમાં અષાઢી પૂર્ણિમાનો આજનો દિવસ 'ગુરૂપૂર્ણિમા' તરીકે પ્રસિદ્ધ છે. સનાતન ધર્મની પવિત્ર પરંપરા મુજબ વિષય, વ્યસન અને વહેમથી મુક્ત કરી, લૌકિક અને અલૌકિક સુખ પ્રદાન કરી, શિષ્યને બ્રાહ્મીસ્થિતિ કરાવી ભગવાનના અક્ષરધામ સુધી લઈ જનારા ગુણાતીતગુરુના અનંત ઉપકારોની સ્મૃતિ અને સ્તુતિ કરવાનું પર્વ એટલે ગુરુપૂર્ણિમા!સમસ્ત ભારતવર્ષ પોતાના ગુરૂનું પૂજન કરી શુભ પ્રેરણા મેળવે એ હિન્દુધર્મની પ્રણાલિકા છે. આ પ્રણાલિકા મુજબ બી.એ.પી.એસ. સંસ્થાના હજારો કેન્દ્રોની અંદર ધામધૂમપૂર્વક ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ ઉજવવામાં આવે છે.

આજે ગુરુપૂર્ણિમાના ઉત્સવે રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વહેલી સવારે ૬ વાગ્યે મંદિરેઠાકોરજીની મંગળા આરતી બાદ સંતો ભક્તોએ માળા જાપ અને પ્રદક્ષિણા દ્વારા મંગળા ભક્તિ અદા કરી હતી. સવારે ૭:૩૦ વાગ્યે શ્રી નીલકંઠવર્ણીની આરતી અને અભિષેક વિધિ યોજાઈ હતી. ત્યારબાદ ૭:૩૦ વાગ્યે ઠાકોરજીની શણગાર આરતી બાદ ઠાકોરજી અને ગુરુપરંપરા સમક્ષ પૂજ્ય સંતો દ્વારા ગુરુમહિમાના કીર્તનોનું ગાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંદિરના ઘુમ્મટ નીચેસંતો અને હરિભક્તોએ ગુરુહરિ મહંતસ્વામી મહારાજ સમક્ષ શાંતિપાઠ, સ્વસ્તિવાચન, પૂજન સંકલ્પ અને પુષ્પાંજલિ દ્વારા ગુરૂભક્તિઅર્ધ્ય અર્પણકર્યું હતું. રાજકોટ મંદિરના પૂજ્ય સંતોએ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંતસ્વામી મહારાજનું પૂજન કર્યું હતું. ત્યારબાદ હરિભક્તો પણ ગુરૂપૂજનમાં જોડાયા હતા.

આ દિવસે ગુરુપૂર્ણિમાના વિશિષ્ટપર્વે પૂજ્ય અપૂર્વમુનિ સ્વામીએ ગુરુપૂર્ણિમા પ્રવચનનો લાભ આપી ગુરુમહિમાની દ્રઢતા કરાવી હતી. સવારે ૮:૩૦ વાગ્યે ગુરુપૂર્ણિમા નિમિત્તે મંદિરે પરિસર પર વૈદિક મહાપૂજા યોજવામાં આવી હતી જેનો ઉપસ્થિત હરિભક્તોએ લાભ લીધો હતો. ગુરુપૂજન અને આરતી દ્વારા આ મહાપૂજાવિધિ પૂર્ણ કરવામાં આવી હતી.

સમગ્ર દિવસ દરમિયાન મંદિરે ઠાકોરજીના દર્શન અને ગુરુહરી મહંતસ્વામી મહારાજના પૂજનનો લાભ પ્રાપ્ત થશે તો રાજકોટની ભાવિક જનતા ગુરુપૂર્ણિમાએ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે સંતોના દર્શન અને આશીર્વાદનો લાભ લઈ શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે બોચાસણ મુકામે પરમ પૂજય મહંતસ્વામી મહારાજની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમપૂર્વક ઉજવાતો હોય છે. આ વર્ષે આ ઉત્સવ ઓનલાઈન માધ્યમથી દેશ-વિદેશમાં વસતા ભક્તો-ભાવિકો નિહાળ્યો હાતો

# સ્વામિનારાયણ ગુરુકુલમાં ભવ્ય ગુરુ પૂર્ણિમા ઉત્સવ





રાજકોટ

ગુરૂ સંગ્રહથી નહીં, પણ પરિગ્રહથી પૂજાય છે. સાધુઓએ પવિત્રપણે જીવન જીવવું અને સમાજને સદાચારને માર્ગે વાળી, પરિવારમાં સંપ અને રાષ્ટ્રીયતના પાઠ શીખવતા રહેવું એમ રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ઢેબર રોડ ઉપર યોજાયેલ ગુરુપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીએ કહ્યું હતું.

વિશેષમાં ઉપસ્થિત ગૃહસ્થ ભક્તોને કહ્યું હતું કે પુત્ર પરિવાર માટે સમય આપો. પાસે બેસો. એમની વાતને સાંભળો. ઘરના દરેક સભ્યનું હૃદય વડિલોના સ્નેહ, સહાનુભૂતિ અને આદરને ઝંખતું હોય છે. એ ન મળવાથી તણાવ, ડિપ્રેશન ઉભું થતાં ન ધારેલા પરિણામો ભોગવવા પડી રહેલા દેખાય છે.

પ્રાતઃકાળે શ્રી સ્વામિનારાયણ ભગવાનના ૨૦ મા પ્રતિષ્ઠોત્સવ પર્વે પંચામૃત તથા પુષ્પ પાંખડીઓથી સંતોએ અભિષેક કર્યો . શ્રી ભક્તિ મહિલા મંડળના બહેનો દ્વારા તૈયાર કરાયેલ ૧૨૫ વિવિધ વાનગીઓનો અન્નકૂટ શ્રી ઘનશ્યામ મહારાજને નિવેદિત કરવામાં આવેલ. ગુરૂપૂર્ણિમા મહોત્સવના પ્રારંભ પૂર્વે ગુરુણામ ગુરુ ભગવાન શ્રી સ્વામિનારાયણનું તથા તેમની પાદુકાનું તુલસીદલથી ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીએ પૂજન કર્યુ . ગુરુકુલના સ્થાપક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું પૂજન મહંત સ્વામી શ્રીદેવપ્રસાદદાસ સ્વામીએ કરેલું. જ્યારે પરંપરામાં સંતો તથા ગુરુકુળમાં સમર્પણ ભાવે સેવા આપી અક્ષર નિવાસી થયેલા ભુજનીય સંતોનો વિવિધ સંતોએ પૂજન કર્યું હતું . આ પ્રસંગે ઉપસ્થિત ૨૦૦ ઉપરાંત સંતોએ ગુરુવર્ય શ્રી દેવ કૃષ્ણદાસજી સ્વામી આદિ સંતોનું પુષ્પાહાર પહેરાવી ભોજન કરી આશીર્વાદ મેળવેલ . વિવિધ વિસ્તારોમાંથી પધારેલા હરિભકતો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ૨૦૦ સંતોનું પૂજન કર્યા બાદ ગુરુવર્ય શ્રી દેવ કૃષ્ણદાસજી સ્વામીએ સૌને વિશેષ આશીર્વાદ પાઠવેલ .ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ રાજકોટ તથા જુનાગઢ, ભાયાવદર, ત્રંબા, મોરબી , સુરેન્દ્રનગર , રામપર વગેરે ગુરુકુળોમાંથી પધારેલ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યશ્રીઓએ પૂજન અર્ચન કરી બાળ ગુરુપૂર્ણિમા મનાવી હતી આ પ્રસંગે બાળકોએ પ્રાર્થના, નૃત્ય, રૂપક,સંવાદ રજૂ કર્યા હતા. છેલ્લા વર્ષમાં વિશેષ ભજન ભક્તિ, સેવા, અભ્યાસ અને ઉત્તર પ્રવૃત્તિઓમાં સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીએ પ્રેરણા અને પ્રોત્સાહન સાથે ઈનામ આપી રાજી કર્યા હતા.

# રાજકોટમાં શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી ગુરુ સૂર્યના દિવ્ય તેજમાં ઝળહળ્યા



રાજકોટ,

ગુરુપૂર્ણિમાના પાવન પર્વે શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજે દિવ્ય રક્તવર્ણીય જરીભર્યા વાંધા ધારણ કરી અલૌકિક શોભા ધારણ કરી છે. મસ્તકે સુવર્ણમય મુકુટ અને દિવ્ય આભૂષણો મહારાજના તેજમાં અભિવૃદ્ધિ કરે છે. કંઠે મોતી અને રત્નજડિત હાર ભક્તિ અને વૈભવનું મનોહર દર્શન કરાવે છે.

પાછળની પિછવાઈમાં પ્રગટ સૂર્યનારાયણ ભગવાન શ્રી હનુમાનજીના ગુરુત્વનું સ્મરણ કરાવી ગુરુભક્તિનો મહિમા ઉજાગર કરે છે. એક હસ્તે આશીર્વાદમુદ્રા અને બીજા હસ્તે સુવર્ણ ગદા ધરી મહારાજ ભક્તોને નિર્ભયતાનો આશીર્વાદ આપે છે.

સુવર્ણમય સિંહાસન અને પુષ્પશોભા સમગ્ર દર્શનને દિવ્ય આભા અર્પે છે. આ ગુરુપૂર્ણિમાના પાવન શૃંગારના દર્શન ભક્તહૃદયમાં શ્રદ્ધા, સમર્પણ અને ગુરુપ્રત્યેની અખંડ ભક્તિ પ્રગટાવે છે.

# ગીર સોમનાથમાં તા. ૧ થી ૮ ઓગસ્ટ સુધી નારી વંદન સપ્તાહની ઉજવણી થશે

## મહિલા કેન્દ્રિત સુરક્ષા, કલ્યાણ, નેતૃત્વ, કર્મયોગી, સ્વાવલંબન, આરોગ્ય દિવસની ઉજવણી

વેરાવળ,

રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના સર્વાંગી વિકાસ માટે રાજ્યભરમાં શ્ઈઉ૯;નારી વંદન સપ્તાહશ્ઈઉ૯;ની ઉજવણી કરવામાં આવશે. જેના ભાગરૂપે ગીર સોમનાથ જિલ્લામાં પણ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આગામી તા. ૧ થી ૮ ઓગસ્ટ ૨૦૨૬ સુધી વિવિધ કાર્યક્રમો થકી નારી વંદન ઉત્સવની ઉજવણી કરવામાં આવશે.

કલેક્ટર શ્રી જીતેન્દ્રસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ સપ્તાહ દરમિયાન તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ મહિલા સુરક્ષા દિવસ, તા. ૩ ઓગસ્ટે બેટી બચાવો, બેટી પઢાવો દિવસ, તા. ૪ ઓગસ્ટે મહિલા કલ્યાણ દિવસ, તા. ૫ ઓગસ્ટે મહિલા નેતૃત્વ દિવસ, તા. ૬ ઓગસ્ટે મહિલા કર્મયોગી દિવસ, તા. ૭ ઓગસ્ટે મહિલા સ્વાવલંબન દિવસ અને તા. ૮ ઓગસ્ટે મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવશે.

આ ઉજવણીમાં પોલીસ વિભાગ, શિક્ષણ વિભાગ, જિલ્લા તથા તાલુકા કાનૂની સેવા સત્તામંડળ, સુરક્ષા સેતુ ટીમ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, વિવિધ બેંકો, રોજગાર અને તાલીમ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, શ્રમ અને રોજગાર વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, કૃષિ અને પશુપાલન વિભાગ તેમજ બાળ સુરક્ષા એકમ સહિતના વિવિધ વિભાગો સહભાગી બનશે.

# રાજકોટ -સૌરાષ્ટ્રના રેલવે પ્રશ્નો અંગે પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલની કેન્દ્રીય રેલવે મંત્રીને રજૂઆત

## સૌરાષ્ટ્ર મેઈલનો ઉપડવાનો સમય સાંજે ૧૮:૦૫ ના બદલે બપોરે ૧૫:૪૫ કલાકનો કરવા માંગ

રાજકોટ,રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારના મુસાફરોની સુવિધા તેમજ રેલ કનેક્ટિવિટી વધારવાના હેતુથી પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ મંત્રી ગોવિંદ પટેલે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર લખીને મહત્વની રજૂઆતો કરી છે. રાજકોટ સૌરાષ્ટ્રનું સૌથી મોટું વાણિજ્યિક અને ઔદ્યોગિક કેન્દ્ર હોવાથી પ્રજાની લાંબા સમયની પડતર માંગણીઓ સત્વરે સંતોષવામાં આવે તેવી અપીલ કરવામાં આવી છે.

પૂર્વ ધારાસભ્ય એ પત્રમાં મુખ્યત્વે ચાર મહત્વના મુદ્દાઓ પર કેન્દ્ર સરકારનું ધ્યાન દોર્યું છે.પ્રસ્તાવિત સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ બોટાદ થઈને ચલાવવાનું આયોજન છે. રાજકોટ સૌરાષ્ટ્રનું આર્થિક હબ હોવાથી અહીથી મુસાફરોનો ટ્રાફિક ખૂબ જ વધારે રહે છે. આથી આ ટ્રેનને બોટાદને બદલે રાજકોટ થઈને દોડાવવામાં આવે તો વિશાળ જનસંખ્યાને તેનો સીધો લાભ મળશે. ભાવનગર અને શ્રી નાથદ્વારા વચ્ચે પ્રસ્તાવિત વંદે ભારત ટ્રેનનું ઓરિજિન (શરૂઆત) ભાવનગરના બદલે રાજકોટથી કરવામાં આવે અથવા રાજકોટ-શ્રીનાથદ્વારા વચ્ચે નવી વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવામાં આવે, જેથી હજારો શ્રદ્ધાળુઓ અને વેપારીઓને સીધી સુવિધા મળી રહે.કોવિડ સમયગાળા બાદ રાજકોટ જંક્શનથી ટ્રેન નં. ૨૨૯૪૬ સૌરાષ્ટ્ર મેઈલનો ઉપડવાનો સમય સાંજે ૧૮:૦૫ ના બદલે બપોરે ૧૫:૪૫ કલાકનો કરી દેવાયો છે. આ નવા સમયને કારણે નોકરિયાત વર્ગ, વેપારીઓ અને વિદ્યાર્થીઓને ભારે અગવડતા પડી રહી હોવાથી ટ્રેનનો ઉપડવાનો સમય ફરીથી જૂનો (સાંજે ૧૮:૦૫) કરવામાં આવે.

રાજકોટ થઈને જતી જામનગર-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ (ટ્રેન નં. ૨૨૯૬૦) માં મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને એસી અને નોન-એસી કોચની સંખ્યામાં વધારો કરવામાં આવે.

# રાજકોટમાં આર.કે જૈન ફાઉન્ડેશન દ્વારા રાહતદરે વોકિંગ સ્ટીકનું વિતરણ

રાજકોટ,

છેલ્લા ૧૦ વર્ષ થી આર.કે જૈન ફાઉન્ડેશન તરફથી સેવાકીય પ્રવૃત્તિ મા સિનિયર સિટીઝન માટે ૧૦ રૂપિયાના ટોકન દરે ચશ્મા વિસ્તરણ કેન્દ્ર ચાલુ છે.આર.કે જૈન ફાઉન્ડેશન દ્વારા સિનિયર સિટીઝનની સેવા માટે વોકિંગ સ્ટીક (ચાલવા માટેની સ્ટીલની ટેકા લાકડી) જે બજાર કિંમત અંદાજિત ૪૦૦ રૂપિયા છે તે અમારા ફ ાઉન્ડેશન (ટ્રસ્ટ) તરફથી ૧૫૦ રૂપિયા ના ટોકન દરે આર.કે જૈન ફાઉન્ડેશન, ગૌતમ કોમર્શિયલ સેન્ટર, ઓફિસ નં. ૨૦૮, બોમ્બે હોટલની સામે, ગોંડલ રોડ, રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ દરમ્યાન આપવામાં આવશે. જેનો ૬૫ વર્ષ થી વધારે ઉંમરના જરૂરિયાતમંદ વડીલોએ જરૂરથી લાભ લેવો. આધાર કાર્ડ સાથે લાવવુ જરૂરી છે.

# વી આઈ ફાઉન્ડેશન અને એરિકસ્સને રોબોટ્ત્સવ કર્યો શરૂ

## વર્ગખંડની બહાર રોબોટિક્સ શિક્ષણને વ્યવહારિક સ્વરૂપ આપ્યું

રાજકોટ

વોડાફાન આઇડિયાની CSR શાખા વી આઇ ફાઉન્ડેશનએ એરિક્સસન સાથે ભાગીદારીમાં રોબોટ્ત્સ્વ – ટેકનોલૉજીનો તહેવારની જાહેરાત કરી છે. આ સ્કૂલો વચ્ચે રોબોટિક્સનું એક એવું પ્લેટફૉર્મ છે, જેને યુવાન વિદ્યાર્થીઓમાં ઈનોવેશન, રચનાત્મકતા અને જીુઈસ પ્રત્યે ઝૂનન પેદા કરવા માટે બનાવ્યું છે. રોબોટિક્સ લેબ પ્રોગ્રામ અંતર્ગત રોબોટ્ત્સ્વની વેબસાઇટ (https://robotsav.rog/)ને આજે અમારા નૉલેજ પાર્ટનર મોઇની ફાઉન્ડેશનના સહયોગથી લૉંચ કરી છે. આ પહેલનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને રોબોટિક્સ, 3D પ્રિન્ટિંગ, પ્રોગ્રામિંગ, વર્ચ્યુઅલ રિયાલિટી (VR) અને જનરેટિવ એ આઇ નો વ્યવહારિક અનુભવ આપવાનો છે. આ પહેલ પર વોડાફોન આઇડિયા અને વી આઇ ફાઉન્ડેશનના ચીફ રેગ્યુલેટરી એન્ડ કૉર્પોરેટ અફેર્સ ઑફિસર અમ્બિકા ખુરાનાએ કહ્યું હતું,

રોબોટ્ત્સ્વ એ અનેક પહેલોમાંથી એક છે, જે યુવાન વિદ્યાર્થીઓ માટે રોબોટિક્સ અને એ આઇ નો અભ્યાસ વધારે રસપ્રદ અને સરળતાપર્વક કરવા મોટા 'ડિજિટલ ઈન્ડિયા' અભિયાનમાં યોગદાન આપે છે. એરિકસ્સન ઇન્ડિયાના સસ્ટેનેબિલિટી અને કૉર્પોરેટ રિસ્પોન્સિબિલિટી હેડ સહર્ષ સિમોન ડેવિડે કહ્યું હતું રોબોટ્ત્સવ એક રોમાંચક પ્લેટફૉર્મ છે, જે વિદ્યાર્થીઓને એક્સપ્લોર કરવા, ઈનોવેશન કરવા અને રચનાત્મક રીતોથી ટેકનોલૉજીનો ઉપયોગ કરવા પ્રોત્સાહન આપે છે. તમામ સાત રાજ્યોમાં કાર્યરત ૨૦ રોબોટિક્સ લેબ મારફતે રોબોટિક્સ લેબ પ્રોગ્રામે દેશના આશરે ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ પર સકારાત્મક અસર કરી છે. રોબોટ્ત્સ્વ વેબસાઇટ મારફતે વી આઈ ફાઉન્ડેશન અને એરિકસ્સનનો ઉદ્દેશ એ અસરને વધારવાનો અને સાથે સાથે ભારતીય ટેકનોલૉજી ઈનોવેટરોની આગામી પેઢીને તૈયાર કરવાનો છે.

# રાજકોટમાં 'સાંપ્રત સમયમાં સામાજિક સંસ્થાઓ અને જાગૃત નાગરિકોની ભૂમિકા'' એ વિષય પર એક ચર્ચાસભા

રાજકોટ,

ભારત સેવક સમાજના સ્થાપના દિન નિમિત્તે ૭,ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ સવારે ૧૧ કલાકે "સાંપ્રત સમયમાં સામાજિક સંસ્થાઓ અને જાગૃત નાગરિકોની ભૂમિકા" એ વિષય ઉપર એક ચર્ચાસિભાનું આયોજન પ્રણવાનંદ સંસ્કૃત ભવન, ભારત સેવક સમાજ, રેસ કોર્સ ખાતે કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભારત સેવક સમાજના મંત્રી જનાર્દનભાઈ પંડ્યા, ગુ. વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ ડો.અનામિકભાઈ શાહ, કૌશિકકુમાર છાયા, યુથ ફોર ડેમોક્રેસીના પ્રમુખ એડવોકેટ હિંમતભાઈ લાબડીયા, લોક વિજ્ઞાન કેન્દ્રના નિયામક ડો.રમેશભાઈ ભાયાણી વગેરે હાજર રહેશે.

# રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવ દવેનો વોર્ડ ૭થી ૧૨માં સંગઠનાત્મક પ્રવાસ



રાજકોટ,

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેનો રાજકોટ મહાનગરના વોર્ડ નં. ૭ થી ૧૨ માં સંગઠનાત્મક પ્રવાસ યોજાયો હતો આ પ્રવાસમાં મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા સહિતજે તે વોર્ડમાં રહેતા પૂર્વ આગેવાન, હોદ્દેદારો,કોર્પોરેટર, પ્રમુખ, પ્રભારી સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આગામી વિધાનસભાની ચુંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થાય તે માટે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજીના નેતૃત્વમાં પ્રદેશ ભાજપની યોજના અનુસાર પાર્ટીના કાર્યકર્તાઓને મળવા માટે દરેક વોર્ડમાં શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા અને જે તે વોર્ડના કોર્પોરેટરઓ વોર્ડ નં. ૭ થી ૧૨ ના વોર્ડ પ્રમુખના નિવાસ સ્થાને રૂબરૂ મુલાકાત લઈ રાજકોટ શહેર સંગઠનને લગતી ચર્ચા-વિચારણા કરવામાં આવેલ હતી.

# આસામમાં ૩.૩૨ લાખ લોકો હજુ પણ પૂરથી પ્રભાવિત

## આસામમાં ચોમાસા દરમિયાન પૂરમાં અત્યાર સુધીમાં ૭૫ લોકોએ જીવ ગુમાવ્યા : ૭ જિલ્લાઓમાં હજુ પણ પૂરની સ્થિતિ,સરકારે મૃતકોના પરિવારોને આપવામાં આવતી સહાય રકમ વધારીને ૯ લાખ કરી

ગોવાહાટી,

છેલ્લા ૨૪ કલાકમાં આસામમાં પૂર સંબંધિત ઘટનાઓમાં વધુ સાત લોકોના મોત થયા છે. આસામમાં ૩.૩૨ લાખ લોકો હજુ પણ પૂરથી પ્રભાવિત છે. અધિકારીઓએ જણાવ્યું કે આસામમાં ચોમાસા દરમિયાન પૂરમાં અત્યાર સુધીમાં ૭૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આસામ સરકારે મૃતકોના પરિવારોને આપવામાં આવતી સહાય રકમ વધારીને ૯ લાખ કરી છે અને વળતર મેળવવાના નિયમોમાં પણ છૂટછાટ આપી છે.

આસામના અધિકારીઓએ જણાવ્યું હતું કે શિવસાગર, ગોલાઘાટ, જોરહાટ, ચરાઈદેવ, નાગાંવ, સોનિતપુર અને કામરૂપ મેટ્રોપોલિટન સહિત ૭ જિલ્લાઓ હજુ પણ પૂરની ઝપેટમાં છે. ૨૧ મહેસૂલ વિભાગો અને ૬૨૨ ગામો પ્રભાવિત થયા છે. પૂરથી પ્રભાવિત લોકોની સંખ્યા ૩.૩૨ લાખ સુધી પહોંચી ગઈ છે.

એ નોંધવું જોઈએ કે આસામનો ચરાઈદેવ જિલ્લો સૌથી વધુ પ્રભાવિત થયો છે, જેમાં ૧.૪૨ લાખ લોકો પ્રભાવિત થયા છે. ત્યારબાદ શિવસાગર ૯૭,૦૭૪ લોકો સાથે અને જોરહાટ ૫૭,૩૭૧ લોકો સાથે આવે છે. અધિકારીઓના



જણાવ્યા અનુસાર, ગયા મંગળવારે શિવસાગર જિલ્લાના નઝીરા મહેસૂલ વર્તુળમાં સાત લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ વર્ષે આસામમાં પૂર સંબંધિત ઘટનાઓમાં મૃત્યુઆંક ૭૫ પર પહોંચી ગયો છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આસામના અસરગ્રસ્ત જિલ્લાઓમાં ૮૧ રાહત શિબિરો કાર્યરત છે, જ્યાં ૩૨,૪૭૭ વિસ્થાપિત લોકો પહોંચ્યા છે. આ ઉપરાંત, ૩૪ રાહત સામગ્રી વિતરણ કેન્દ્રો પણ કાર્યરત છે. સેના, ભારતીય વાયુસેના, NDRF, SDRF, ફાયર વિભાગ, કટોકટી સેવાઓ અને સ્વયંસેવકો સહિત અનેક એજન્સીઓ સતત બચાવ કામગીરીમાં રોકાયેલા છે.

આસામના પૂરગ્રસ્ત જિલ્લાઓમાં ૪૫,૩૪૧ હેક્ટર જમીન પરનો પાક ડૂબી ગયો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પૂરગ્રસ્ત શિવસાગર જિલ્લામાં મોબાઈલ ફોન કનેક્ટિવિટી જાળવવા માટે 'ઈન્ટ્રા-સર્કલ રોમિંગ' સુવિધા ૩૦ જુલાઈ રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી અથવા આગળની સૂચના સુધી લંબાવવામાં આવી છે.

# શરદ પવાર બારામતીમાં પ્રેરણા સ્થળના ઉદ્ઘાટન માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપશે

## પવારે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના હરીફ જૂથોના સંભવિત વિલીનીકરણ અંગેની અટકળોને ફગાવી દીધી

પુણે,

બારામતીમાં શૈક્ષણિક સંસ્થા "વિદ્યા પ્રતિષ્ઠાન" ના ટ્રસ્ટીઓએ એનસીપી એસપી વડા શરદ પવારને વિનંતી કરી છે કે તેઓ "પ્રેરણા સ્થળ" નામના નવા બનેલા ગુંબજના ઉદ્ઘાટન માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપે. સંસ્થાના વડા પવારે ટ્રસ્ટીઓને ખાતરી આપી છે કે તેઓ તેમની લાગણીઓ વ્યક્ત કરવા અને આમંત્રણ આપવા માટે વડા પ્રધાન સાથે મુલાકાત લેશે. અગાઉના દિવસે, શરદ પવારે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના હરીફ જૂથોના સંભવિત વિલીનીકરણ અંગેની અટકળોને પણ ફગાવી દીધી હતી. મુંબઈમાં એનસીપીના બે જૂથો



એક સાથે આવવાના અહેવાલો અંગેના પ્રશ્નના જવાબમાં, પવારે કહ્યું કે તેનો કોઈ અર્થ નથી. તેમણે કહ્યું કે વિદ્યા પ્રતિષ્ઠાનના એક ટ્રસ્ટીએ તેમને જાણ કરી હતી કે સંસ્થાના કેમ્પસ પરના ગુંબજમાં ભગવાન બુદ્ધ, છત્રપતિ શિવાજી મહારાજ, રાજર્ષિ શાહુ મહારાજ, મહાત્મા જ્યોતિબા ફૂલે, ડૉ. બી.આર. આંબેડકર, અહિલ્યાદેવી હોલકર અને અન્નાભાઉ સાઠે સંબંધિત પ્રદર્શનો છે.

# અમેરિકાએ વિદેશી નિર્મિત હ્યુમનોઈડ રોબોટ્સની આયાત પર પ્રતિબંધ મૂક્યો

## ટ્રમ્પ-શી મુલાકાત પહેલાઅમેરિકાએ ચીનના પ્રભુત્વવાળા બજારને નિશાન બનાવ્યું

વોશિંગ્ટન/બીજિંગ,

યુનાઈટેડ સ્ટેટ્સે વિદેશી નિર્મિત હ્યુમનોઈડ રોબોટ્સ અને પાવર ઈન્વર્ટરની નવી આયાત પર પ્રતિબંધ મૂક્યો છે, જે ચીનને સૌથી વધુ અસર કરશે, કારણ કે ચીન આ ઉત્પાદનોમાં તેના બજાર પ્રભુત્વને કારણે સૌથી વધુ અસર કરશે.

એસોસિએટેડ પ્રેસે અહેવાલ આપ્યો છે કે રોબોટ્સ પર પ્રતિબંધ મૂકતી વખતે, યુએસ ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશને રાષ્ટ્રીય સુરક્ષા જોખમોનો ઉલ્લેખ કર્યો છે. આ નવા પગલાં સપ્ટેમ્બરમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત માટે ચીનના નેતા શી જિનપિંગની યુનાઈટેડ સ્ટેટ્સની આયોજિત મુલાકાત પહેલા લેવામાં આવ્યા છે.

હ્વઝ્રઝ્રનો તાજેતરનો પ્રતિબંધ ડ્રોન સહિત ચીની ઉત્પાદનોની આયાત પરના આવા પ્રતિબંધોની શ્રેણી અને ચીનમાં અદ્યતન યુએસ ટેકનોલોજીની નિકાસ પર પ્રતિબંધોને અનુસરે છે. આ પગલાના જવાબમાં, ચીનના વિદેશ મંત્રાલયે વોશિંગ્ટન પર ચીની કંપનીઓને દબાવવા માટે રાષ્ટ્રીય સુરક્ષાના ખ્યાલને વધુ પડતો ખેંચવાનો આરોપ મૂક્યો છે. તેણે કહ્યું કે બેઈજિંગ ચીની વ્યવસાયોના કાયદેસર અધિકારો અને હિતોનું રક્ષણ કરવા માટે "તમામ જરૂરી પગલાં" લેશે. મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે જણાવ્યું હતું કે, "સંરક્ષણવાદ યુએસને વધુ સ્પર્ધાત્મક બનાવતું નથી, અને તે ફક્ત યુએસ કંપનીઓ અને ગ્રાહકોના હિતોને નુકસાન પહોંચાડશે.

# લોકસભામાં હોબાળા વચ્ચે, જાહેર પરીક્ષા સુધારા બિલ ધ્વનિ મત દ્વારા પસાર કરવામાં આવ્યું

નવીદિલ્હી,

રાજ્યસભાએ બુધવારે રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ, ૨૦૨૬ પસાર કર્યું. આ સુધારો હવે રાષ્ટ્રગીત, "વંદે માતરમ" ને કાનૂની રક્ષણ પૂરું પાડશે. બિલ અનુસાર, રાષ્ટ્રગીતના ગાનમાં ઈરાદાપૂર્વક અપમાન કરવું અથવા અવરોધ કરવો હવે ફોજદારી ગુનો ગણવામાં આવશે. વિપક્ષના વિરોધ અને હોબાળા વચ્ચે આ બિલ પસાર કરવામાં આવ્યું હતું. સરકાર કહે છે કે આ પગલું રાષ્ટ્રીય સન્માન સાથે સંકળાયેલા પ્રતીકોને કાનૂની રક્ષણ પૂરું પાડવાનો છે.

આ સુધારો રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ

### રાજ્યસભાએ 'વંદે માતરમ' બિલ પસાર કર્યું

અધિનિયમ, ૧૯૭૧ ના અવકાશને વિસ્તૃત કરે છે. અત્યાર સુધી, આ કાયદામાં ફક્ત રાષ્ટ્રધ્વજ, બંધારણ અને રાષ્ટ્રગીત, "જન ગણ મન" ને જ કાનૂની રક્ષણ પૂરું પાડવામાં આવ્યું હતું. હવે, રાષ્ટ્રીય ગીત, "વંદે માતરમ" નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બિલ "વંદે માતરમ" ગાવામાં ઈરાદાપૂર્વક અવરોધ, અવરોધ અથવા અપમાન કરીને કોઈપણ કાર્યને સજાપાત્ર બનાવે છે. આ બિલ એવા સમયે પસાર કરવામાં આવ્યું જ્યારે 'વંદે માતરમ' ની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

રાજ્યસભાનું બપોરનું સત્ર શરૂ થતાં જ, વિરોધ પક્ષોએ દિલ્હીમાં નીટ પેપર લીક વિરોધીઓ સામે કથિત પોલીસ કાર્યવાહી અંગે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પાસેથી જવાબ માંગવા માટે સૂત્રોચ્ચાર શરૂ કર્યા. ઉપસભાપતિ હરિવંશે વિરોધ કરી રહેલા સભ્યોને ગૃહની શિષ્ટાચાર અને શિસ્ત જાળવવા અપીલ કરી. તેમ છતાં, વિરોધ ચાલુ રહ્યો. હોબાળા વચ્ચે, ઉપસભાપતિએ સૂચિબદ્ધ કાર્યવાહી ચાલુ રાખી અને બિલ પર ચર્ચા શરૂ કરી. બાદમાં, જ્યારે કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ રાજ્યમંત્રી રામદાસ આઠવલે બિલ પર બોલી રહ્યા હતા, ત્યારે વિપક્ષી પક્ષો ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા. સુધારા બિલનો હેતુ રાષ્ટ્રગીતને કાનૂની રક્ષણ પૂરું પાડવાનો છે, જે રાષ્ટ્રધ્વજ, બંધારણ અને રાષ્ટ્રગીત દ્વારા પહેલાથી જ પ્રાપ્ત રક્ષણ સમાન છે. આ અંતર્ગત, 'વંદે માતરમ'નું અપમાન કરવું, જાણી જોઈને તેના ગાવામાં અવરોધ ઊભો કરવો, અથવા રાષ્ટ્રીય સન્માન વિરુદ્ધ ગણાતા કાર્યો કાયદાના દાયરામાં આવશે. આ બિલ રાષ્ટ્રીય પ્રતીકોના અપમાન સાથે સંકળાયેલા ગુનાઓ માટે મહત્તમ ત્રણ વર્ષની જેલની સજાની જોગવાઈ કરે છે.

# ધરપકડ અને મૃત્યુનો ડર છતાં શેખ હસીના બાંગ્લાદેશ પાછા ફરવા તત્પર

ઢાકા,

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના, જેઓ ઓગસ્ટ ૨૦૨૪ માં સત્તા પરથી દૂર થયા પછી ભારતમાં રહે છે, તેમણે કહ્યું છે કે તેઓ ડિસેમ્બર સુધીમાં પોતાના દેશ પાછા ફરવા માટે કટિબદ્ધ છે, તેમ છતાં તેઓ જાણતા હતા કે તેમને ધરપકડ, કેદ અથવા મૃત્યુનો સામનો કરવો પડી શકે છે.

એક મીડિયા ઈન્ટરવ્યુમાં, શેખ હસીનાએ કહ્યું કે તેઓ જોખમોથી વાકેફ હતા પરંતુ ભારપૂર્વક કહ્યું કે તેમનો નિર્ણય તેમના લોકોના કોલ તરીકે વર્ણવવામાં આવ્યો હતો.

"મને મારી નાખવામાં આવી શકે છે. મારી ધરપકડ કરવામાં આવી શકે છે. મને જેલમાં મોકલી શકાય છે," ૭૮ વર્ષીય હસીનાએ ઈન્ટરવ્યુમાં મીડિયા દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના ઈમેઈલ જવાબમાં કહ્યું. "હું મારા ભાગ્યથી સંપૂર્ણપણે વાકેફ છું. છતાં, હું પાછા જવા માંગુ છું કારણ કે મારા લોકો મને બોલાવી રહ્યા છે."

રાજકીય અને કાનૂની કટોકટી છતાં પરત

વિદ્યાર્થીઓના નેતૃત્વ હેઠળના બળવાથી તેમના ૧૫ વર્ષના શાસનનો અંત આવ્યા પછી, હસીના ઓગસ્ટ ૨૦૨૪ માં બાંગ્લાદેશ છોડીને ભાગી ગઈ. વિરોધીઓએ તેમના સત્તાવાર નિવાસસ્થાન પર હુમલો કર્યા પછી તેણી હેલિકોપ્ટર દ્વારા દેશ છોડીને ભારત ગઈ.

સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું છે કે હસીનાની સરકારે સત્તામાં રહેવાનો પ્રયાસ કર્યો ત્યારે થયેલા કાર્યવાહી દરમિયાન ૧,૪૦૦ જેટલા લોકો માર્યા ગયા હતા.

# જો પીઓકે આપણા પ્રદેશનો ભાગ છે, તો ત્યાં બનતી ઘટનાઓ પર સરકાર ચૂપ કેમ : ફારુક અબ્દુલ્લા

## વિદ્યાર્થીઓ દ્વારા ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોને પણ ટેકો આપ્યો

શ્રીનગર,

નેશનલ કોન્ફરન્સ (એનસી) ના પ્રમુખ ફારુક અબ્દુલ્લાએ શ્રીનગરમાં એક કાર્યક્રમ પછી કેન્દ્ર સરકાર અને આંતરરાષ્ટ્રીય સમુદાયને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) માં લોકો દ્વારા થતી હત્યાઓ અને મુશ્કેલીઓ પર ધ્યાન આપવા વિનંતી કરી. તેમણે ભાર મૂક્યો કે જો નવી દિલ્હી આ વિસ્તારને પોતાનો માને છે, તો તેણે બોલવું જોઈએ.

પત્રકારો સાથે વાત કરતા ફારુક અબ્દુલ્લાએ કહ્યું કે તેમણે વારંવાર સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર સંસ્થાઓ, વડા પ્રધાન અને વિદેશ પ્રધાનને પીઓકેની પરિસ્થિતિ સુધારવા અને હસ્તક્ષેપ કરવા અપીલ કરી છે. તેમણે કહ્યું, "મેં સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર આયોગને આ વિસ્તારની મુલાકાત લેવા અને ત્યાંના લોકોની સમસ્યાઓનું મૂલ્યાંકન કરવા અને ઉકેલો શોધવાનો પ્રયાસ કરવા અપીલ કરી છે. મેં વડા પ્રધાન અને વિદેશ પ્રધાનને પણ અપીલ કરી છે."

કેન્દ્ર સરકારના વલણ પર સવાલ ઉઠાવતા, અબ્દુલ્લાએ કહ્યું કે સરકાર ઘણીવાર પીઓકેને ભારતનો અભિન્ન ભાગ ગણાવે છે, પરંતુ ત્યાં હત્યાઓ અને કથિત માનવાધિકાર ઉલ્લંઘનના અહેવાલો પર મૌન રહે છે. તેમણે કહ્યું, "જો તે તમારો ભાગ છે, તો તમે ત્યાં થઈ રહેલી ઘટનાઓ વિશે કેમ વાત નથી કરતા? તમે કેમ નથી કહેતા કે હત્યાઓ બંધ થવી જોઈએ? મેં તેમની પાસેથી કોઈ નિવેદન સાંભળ્યું નથી."

ફારુક અબ્દુલ્લાએ વિદ્યાર્થીઓ દ્વારા ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોને પણ ટેકો આપ્યો. તેમણે કહ્યું કે જો અધિકારીઓ પ્રદર્શનકારીઓની માંગણીઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય તો આંદોલન ચાલુ રહેશે. જો તેમને આપેલા વચનો પૂરા નહીં થાય અને તેમના પર એફઆઈઆર દાખલ કરવામાં આવશે, ધરપકડ કરવામાં આવશે અને હેરાન કરવામાં આવશે, તો આ ઝુંબેશ ચાલુ રહેશે.

# જુનિપર ગ્રીન એનર્જી લિમિટેડનો ipo આજથી ખૂલ્યો




**જુનિપર ગ્રીન એનર્જી લિમિટેડ નો ipo આજથી ખુલી ગયો છે. ઓફરની પ્રાઇસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ ૨૧૪થી ૨૨૫ રાખવામાં આવી છે બિડ લઘુતમ ૬૬ ઈક્વિટી શેર અને પછી ૬૬ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.ઈશ્યુ ૩૦ જુલાઈ એ ખુલશે અને ૩ઓગસ્ટ ના રોજ બંધ થશે.**

# ચકચારી કોલસા કૌભાંડ કેસમાં સુપ્રીમ કોર્ટે ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહને ક્લીન ચીટ આપી

## સીબીઆઈ દ્વારા દાખલ કરાયેલા બંને ક્લોઝર રિપોર્ટને માન્ય રાખ્યા

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે બુધવારે ભૂતપૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહ સામે ચાલી રહેલા કોલસા બ્લોક ફાળવણી કેસને સંપૂર્ણપણે બંધ કરી દીધો. સુપ્રીમ કોર્ટે તેમને અને અન્ય આરોપીઓને સમન્સ મોકલવાના ખાસ કોર્ટના આદેશને રદ કર્યો. આ સાથે, ડૉ. સિંહને ક્લીન ચીટ આપતો સીબીઆઇ રિપોર્ટ સ્વીકારવામાં આવ્યો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચે કેસની સુનાવણી કરી. બેન્ચે સીબીઆઈ દ્વારા દાખલ કરાયેલા બંને ક્લોઝર રિપોર્ટને માન્ય રાખ્યા. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે સીબીઆઈના ક્લોઝર રિપોર્ટને નકારી કાઢવા અને ડૉ. મનમોહન સિંહને સમન્સ મોકલવા માટે ટ્રાયલ કોર્ટ પાસે કોઈ નક્કર આધાર નથી. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે કેસની તપાસ કર્યા પછી, તે સ્પષ્ટ હતું કે સીબીઆઈનો રિપોર્ટ પ્રક્રિયાગત રીતે સાચો હતો. તેથી, કેસ ચાલુ રાખવાનો કોઈ વાજબીપણું નહોતું.

આ આખો કેસ ૨૦૦૫માં ઓડિશામાં તાલાબીરા-૨ કોલસા બ્લોકની ફાળવણી સાથે સંબંધિત છે. તે સમયે, ડૉ. મનમોહન સિંહ કોલસા મંત્રાલયનો હવાલો સંભાળતા હતા. તપાસ પછી, સીબીઆઈને કેસમાં કોઈ ગુનાહિત કાવતરું મળ્યું નહીં અને ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો.

જોકે, ખાસ કોર્ટે સીબીઆઈનો રિપોર્ટ રદ કર્યો હતો. માર્ચ ૨૦૧૫માં, ખાસ કોર્ટે ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહ, ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા અને ભૂતપૂર્વ કોલસા સચિવ પી.સી. પારખ અને અન્ય ત્રણ લોકોને આરોપી તરીકે. સુપ્રીમ કોર્ટે ત્યારબાદ આ આદેશ પર સ્ટે આપ્યો.

ડૉ. મનમોહન સિંહે શરૂઆતથી જ તેમના નિર્ણયમાં કોઈ ગુનાહિત ઈરાદો નકારી કાઢ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ફાળવણીનો નિર્ણય સંપૂર્ણપણે વહીવટી અને સ્થાપિત નીતિ પર આધારિત હતો. તેમણે જાહેર સેવકો પર કાર્યવાહી કરવા માટે જરૂરી કાનૂની પરવાનગી (મંજૂરી) ના અભાવ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો. હવે, સુપ્રીમ કોર્ટના આ અંતિમ નિર્ણયથી આ સમગ્ર વિવાદનો અંત આવ્યો છે.

# પશ્ચિમ બંગાળના બીરભૂમમાં બંધ મકાનમાંથી મોટી માત્રામાં વિસ્ફોટકો મળી આવતા ચકચાર

## પોલીસે ૮૦૦ કિલોથી વધુ એમોનિયમ નાઈટ્રેટ,૧૨૦૦ થી વધુ જિલેટીન સ્ટીક,૧૦૫ ડેટોનેટર અને ૩૬ ડિટોનેટિંગ ફ્યુઝ કોઈલ જપ્ત કરી

કોલકતા,

પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લાના નલહાટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે મોટી સફળતા મેળવી છે. તેમણે એક ત્યજી દેવાયેલા ઘરમાંથી મોટી માત્રામાં વિસ્ફોટક સામગ્રી જપ્ત કરી છે. એક ગુપ્ત માહિતીના આધારે, નલહાટી પોલીસ સ્ટેશનને મંગળવારે રાત્રે એક સૂચના મળી હતી, અને દરોડો પાડીને ગેરકાયદેસર વિસ્ફોટકોનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. જપ્ત કરાયેલા વિસ્ફોટકોમાં ૮૦૦ કિલોથી વધુ એમોનિયમ નાઈટ્રેટનો સમાવેશ થાય છે. વધુમાં, ઘરમાંથી ૧,૨૦૦ થી વધુ જિલેટીન લાકડીઓ મળી આવી હતી. ઘટનાસ્થળેથી ૧૦૫ ડેટોનેટર અને ૩૬ ડિટોનેટિંગ ફ્યુઝ કોઈલ પણ મળી આવ્યા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, "છેલ્લા કેટલાક દિવસોથી, ઘરમાંથી ઘણા લોકોના આવતા-જતા હોવાના અહેવાલો મળી રહ્યા છે. અજાણ્યા વ્યક્તિઓ વારંવાર ત્યજી દેવાયેલા ઘરની આસપાસ ફરતા જોવા મળી રહ્યા હતા." રાત્રિના અંધારામાં મોટા બોક્સ આવી રહ્યા હતા, જેના કારણે વિસ્તારમાં શંકા ઉભી થઈ રહી હતી. સચોટ માહિતી મળતાં, પોલીસે તાત્કાલિક એક ટીમ બનાવી અને ઘરમાં દરોડો પાડ્યો, જેમાં ગેરકાયદેસર વિસ્ફોટનો પર્દાફાશ થયો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઘરમાંથી એમોનિયમ નાઈટ્રેટ અને જિલેટીન સ્ટિક્સ ઉપરાંત, ૧૦૫ ડેટોનેટર અને ૩૬ ડેટોનેટિંગ ફ્યુઝ કોઈલ મળી આવ્યા હતા.

બીરભૂમ જિલ્લાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે ગુના સામે તેની શૂન્ય-સહિષ્ણુતા નીતિ મુજબ કાર્યવાહી ચાલુ રહેશે. પોલીસે સંબંધિત કલમો હેઠળ કેસ નોંધ્યો છે અને તપાસ શરૂ કરી છે. પોલીસ હવે એ નક્કી કરવાનો પ્રયાસ કરી રહી છે કે આટલી મોટી માત્રામાં વિસ્ફોટકો ક્યાંથી મેળવવામાં આવ્યા હતા અને તેનો ઉપયોગ કયા હેતુ માટે કરવાનો હતો. શું આ પાછળ કોઈ મોટું ગુનાહિત નેટવર્ક છે, પોલીસ દરેક ખૂણાથી આ બાબતની તપાસ કરી રહી છે.

નોંધનીય છે કે થોડા દિવસો પહેલા, બીરભૂમ જિલ્લાના મલ્લારપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના કોટ ગામમાં મોટી સંખ્યામાં જીવંત બોમ્બ મળી આવ્યા હતા. કોટ ગામમાં ચંદર મેદાન નજીક તળાવના કિનારે વાંસની ઝાડી પાસે ગ્રામજનોએ ઘણા જીવંત બોમ્બ પડેલા જોયા હતા. ઘટનાની જાણ થતાં જ વિસ્તારમાં ગભરાટ ફેલાઈ ગયો અને તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને અંદાજે ૩૧ જીવંત બોમ્બ જપ્ત કર્યા.

# રશિયાએ ટેલિગ્રામ એપના સ્થાપક પાવેલ દુરોવ પર આતંકવાદને મદદ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો

## રશિયા દ્વારા ટેલિગ્રામ પર પ્રતિબંધ મૂકવામાં આવતા દુરોવ સામે આરોપો મૂકવામાં આવ્યો

મોસ્કો,

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, રશિયાની મુખ્ય સ્થાનિક સુરક્ષા એજન્સીએ જણાવ્યું છે કે મેસેજિંગ એપ્લિકેશન ટેલિગ્રામના સ્થાપક પાવેલ દુરોવ પર "આતંકવાદને મદદ કરવાનો" આરોપ મૂકવામાં આવ્યો છે અને તેમને આંતરરાષ્ટ્રીય વોન્ટેડ યાદીમાં મૂકવામાં આવ્યા છે.

ટેલિગ્રામના વહીવટીતંત્રે "યુક્રેનિયન ગુપ્તચર એજન્સીઓ, આતંકવાદી અને ઉગ્રવાદી સંગઠનો દ્વારા રશિયામાં તોડફોડ અને આતંકવાદ, સામૂહિક હત્યા અને સાયબર છેતરપિંડીના કૃત્યો તૈયાર કરવા અને સંકલન કરવા માટે સક્રિય રીતે ઉપયોગમાં લેવાતા" "અસંખ્ય ચેનલો, ચેટ્સ અને બોટ્સ" દૂર કર્યા નથી, એજન્સીએ બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

રશિયા દ્વારા ટેલિગ્રામ પર પ્રતિબંધ મૂકવામાં આવતા દુરોવ સામે આરોપો મૂકવામાં આવ્યા છે

ફેડરલ સિક્યુરિટી સર્વિસને હ્વજીમ્ તરીકે પણ ઓળખવામાં આવે છે. રશિયા દ્વારા દેશની સૌથી લોકપ્રિય મેસેજિંગ એપ્લિકેશનોમાંની એક ટેલિગ્રામ પર પ્રતિબંધ મૂકવામાં આવતા દુરોવ સામે આરોપો મૂકવામાં આવ્યા છે. આ વર્ષની શરૂઆતમાં દુરોવે જાહેરાત કરી હતી કે રશિયન અધિકારીઓએ તેમની સામે ફોજદારી તપાસ શરૂ કરી છે અને "ગોપનીયતા અને વાણી સ્વતંત્રતાના અધિકારને દબાવવા" ના પ્રયાસના ભાગ રૂપે ટેલિગ્રામની ઍક્સેસને પ્રતિબંધિત કરવા માટે બનાવટી બહાના બનાવવાનો આરોપ મૂક્યો છે.


રશિયા-ઈરાન પ્રતિબંધ બિલ યુએસ સેનેટમાં આગળ વધ્યું

બીજા એક વિકાસમાં, યુએસ સેનેટે, દ્વિપક્ષીયતાના પ્રદર્શનમાં, એક બિલને ફાસ્ટ ટ્રેક કરવા માટે ભારે મતદાન કર્યું છે જે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને રશિયા અને ઈરાનથી તેલના મુખ્ય ખરીદદારો પર પ્રતિબંધો લાદવાની મંજૂરી આપશે, જેની અસર ભારત અને ચીન જેવા દેશો પર પડશે.

સેનેટે મંગળવારે ૮૬-૧૨ મતથી લિન્ડસે ઓ ગ્રેહામ સેક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬ ને આગળ વધારવા માટે ક્લોચર પ્રસ્તાવ રજૂ કરવા માટે મતદાન કર્યું, જે ૧૧ જુલાઈના રોજ અવસાન પામ્યા હતા, દક્ષિણ કેરોલિનાના સેનેટરને અંતિમ વિદાય આપવા માટે ભેગા થયાના કલાકો પછી.ક્લોચર એ સેનેટની એક ઔપચારિક પ્રક્રિયા છે જેમાં અંતિમ મતદાન થાય તે પહેલાં કોઈ મુદ્દા પર ચર્ચા અને સંબંધિત કાર્યવાહી માટે સમય મર્યાદા નક્કી કરવામાં આવે છે. સ્વર્ગસ્થ લિન્ડસે ગ્રેહામના અંતિમ સંસ્કાર માટે અહીં આવેલા યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથેની મુલાકાત પછી સેનેટરોએ ક્લોચર પ્રસ્તાવ પર મતદાન કર્યું.

ઝેલેન્સકી સેનેટ ગેલેરીમાં હતા, જ્યારે તેઓ મતદાન કરવા માટે લાઈનમાં ઉભા હતા ત્યારે સેનેટરોને હાથ હલાવી રહ્યા હતા અને સ્મિત કરી રહ્યા હતા. રિપબ્લિકન ગ્રેહામ અને ડેમોક્રેટિક સેનેટર રિચાર્ડ બ્લુમેન્થલે એક વર્ષથી વધુ સમય સુધી રશિયા પ્રતિબંધ બિલ પર કામ કર્યું હતું. ટ્રમ્પના કહેવાથી ઈરાનને બિલમાં ઉમેરવામાં આવ્યું હતું.

# કંપનીના એમડીના નામે એકાઉન્ટન્ટને મેસેજ કરી ૨૯ લાખનું સાયબર ફ્રોડ



## રાજકોટમાં 'બોસ ફ્રોડ'ની બીજી ઘટના

રાજકોટઃ સાયબર ક્રાઈમની ભાષામાં આ પ્રકારની ઠગાઈને બોસ ફ્રોડ કહેવામાં આવે છે. રાજકોટ સ્થિત પીજીવીસીએલ કચેરીના એમડીના નામે એકાઉન્ટન્ટને કોલ કરી લાખો રૂપિયા એક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવાયા હતા. જે અંગે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જોકે આ ફ્રોડનો ભેદ હજુ ઉકેલાયો નથી, ત્યાં ફરીથી આ જ રીતે વધુ એક ફ્રોડ થયું છે.

સાયબર ક્રાઈમ પોલીસે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, ગઠિયાએ પીજીવીસીએલની કચેરીના લેન્ડ લાઈન નંબર ઉપર કોલ કરી તેના એમડી અને એકાઉન્ટન્ટના નામ સહિતની વિગતો મેળવી લીધા બાદ ફ્રોડ કર્યું હતું. આ કિસ્સામાં પણ જગ મિન્ટ કંપનીના એમડી અને એકાઉન્ટન્ટના નામ મેળવી લઈ ફ્રોડ કરાયાની શંકા સાયબર ક્રાઈમ પોલીસે દર્શાવી છે.

ભવિષ્યમાં આ પ્રકારના 'બોસ ફ્રોડ' ન થાય તે માટે ટૂંક સમયમાં સાયબર ક્રાઈમ પોલીસ ચેમ્બર ઓફ કોમર્સ સાથે મળી સેમિનાર યોજવાનું વિચારી રહી છે. આ સેમિનારમાં કોઈપણ કંપનીના કર્મચારીને તેના બોસના નામે રકમ ટ્રાન્સફર કરવાના મેસેજ આવે તો તત્કાળ બોસને કોલ કરી તેની ખરાઈ કરી લેવા સહિતની બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

રાજકોટઃ રાજકોટ ખાતે પીજીવીસીએલના એમડીના નામે એકાઉન્ટન્ટને મેસેજ કરી લાખો રૂપિયા બેંક ખાતામાં જમા કરાવાયાના ઓનલાઈન ફ્રોડ જેવો વધુ એક કિસ્સો બહાર આવ્યો છે. રાજકોટની જગ મિન્ટ નામની ગોલ્ડ-સિલ્વરની રિફાઈનરી કંપનીના એમડીના નામે એકાઉન્ટન્ટ કવિતાબેન તેજશભાઈ શાહ (ઉ.વ.૪૩, રહે. વ્રજવીલા, વાવડી)ને મેસેજ કરી એક ખાતામાં રૂા.૨૯ લાખ ટ્રાન્સફર કરાવાયા હતા. સાયબર ક્રાઈમ પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં કવિતાબેને જણાવ્યું છે કે, તેની કંપનીના બેન્કિંગ વ્યવહારો તે સંભાળે છે. ગઈ તા.૧૬મીએ ઓફિસમાં બેઠા હતા ત્યારે બપોરના સમયે કંપનીના મોબાઈલમાં વોટ્સએપ મેસેજ આવ્યો હતો. જે મોબાઈલ નંબર કંપનીના એમડી ધર્મેન્દ્ર પારેખના નામથી સેવ હતો. તે મોબાઈલ નંબરના ડીપી એટલે કે ડીસ્પ્લે પિક્ચરમાં તેના એમડીનો ફોટો હતો.

મેસેજમાં કંપનીના બધા એકાઉન્ટનું બેલેન્સ ચેક કરી બધી ડીટેઈલ મોકલવા, તમામ કામ પડતાં મૂકી આ કામ કરવા જણાવાયું હતું. જેથી તેણે ઓકે લખી કંપનીના બેન્ક બેલેન્સના સ્ક્રીન શોટ તે નંબર ઉપર મોકલ્યા હતા. બીજા દિવસે તે નંબર ઉપરથી એક બેંક ખાતાની ડીટેઈલ આપી તેમાં રૂા.૨૯ લાખ ટ્રાન્સફર કરવા જણાવાયું હતું. જેથી તેણે ઓકેનો મેસેજ કર્યા બાદ બેંક એકાઉન્ટ એડ કર્યાનું કહ્યું હતું.

જેની સામે તે નંબર ઉપરથી પેમેન્ટ ટ્રાન્સફર કરવાની ના પાડી તા.૨૦ના રોજ બીજા એક એકાઉન્ટની ડીટેઈલ આપી તેમાં રૂા.૨૯ લાખ ટ્રાન્સફર કરવા જણાવાયું હતું. તેણે નિયમ મુજબ કંપનીના ઓપરેશન હેડ સમીર પાટડીયાને પુછતાં તેણે હા પાડી હતી. ત્યારબાદ કંપનીના ખાતામાંથી રૂા.૨૯ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. થોડીવાર બાદ ફરીથી તે નંબર ઉપરથી હમારી કંપની કે બેંક એકાઉન્ટમે કીતના બેલેન્સ બચા હૈ તેવો મેસેજ આવતાં તેણે કંપનીના તમામ બેંક એકાઉન્ટના બેલેન્સ અંગેનો મેસેજ કર્યો હતો.

તે સાથે જ તે નંબર ઉપરથી બીજા એક બેંક એકાઉન્ટમાં રૂા.૪૮.૦૫ લાખ ટ્રાન્સફર કરવાનો મેસેજ આવ્યો હતો. તેણે તેના એમડી ધર્મેન્દ્ર પારેખને કોલ કરી રૂા.૪૮ લાખ પછી રૂા.૫૦ હજાર છે કે રૂા.૫ હજાર તેવું પુછવા કોલ કરતા તેણે શેનું પેમેન્ટ કરવાનું છે તેમ પુછતાં તેને તેના જ મોબાઈલ નંબર પરથી પેમેન્ટ માટેનો મેસેજ આવ્યાની વાત કરતા પોતે વોટ્સએપમાં કોઈ મેસેજ કર્યાનો ઈન્કાર કરી ફ્રોડ થયાનું કહેતા તત્કાળ સાયબર ક્રાઈમના હેલ્પલાઈન નંબર ઉપર કોલ કર્યા બાદ આજે ફરિયાદ નોંધાવી હતી.

# ઓનલાઈન વજન ઉતારવાની દવા મંગવાનાર વૃદ્ધા સાથે ૮૪.૩૮ લાખની છેતરપિંડી

રાજકોટઃ રાજકોટમાં સાયબર ફ્રોડની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં ઓનલાઈન વેઈટ લોસની દવા મંગાવનાર ૬૨ વર્ષના વૃદ્ધાને સાયબર ગઠિયાઓએ જાળમાં ફસાવી યેનકેન પ્રકારે રૂ.૮૪.૩૮ લાખ જેવી માતબર રકમ પડાવી લીધી હતી. જે અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે આ કેસમાં દિલ્હીના રહેવાસી એવા મુખ્ય આરોપીની ધરપકડ કરી ફ્રોડમાં ગયેલ રકમ પૈકી ૨૬ લાખ રકમ રિકવર કરવામાં આવી છે. હાલ પોલીસે આરોપીના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.



રાજકોટ ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેરના કાલાવડ રોડ પર રહેતા કુસુમબેન પ્રદીપભાઈ ટાંક (ઉ.વ.૬૨) નામના વૃદ્ધાએ પોતાની ફરિયાદમાં પોલીસને જણાવ્યું હતું કે, તે હાલ એકલા રહે છે અને પુત્ર દુબઈમાં નોકરી કરે છે. તે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે. ૨૦૨૪માં ફેસબુકમાં વેઈટ લોસ માટેની જાહેરાત જોઈ તેમાં આપેલી લીક ઓપન કરી ફોર્મ ભર્યું હતું. બીજા દિવસે સવારે એક હેલ્થ કેર કંપનીમાંથી ડો. અમન મિશ્રા તરીકેની ઓળખ આપનારે હાઈટ, વેઈટ અને બોડી પેઈન વિશે માહિતી મેળવી એક માસની દવાના રૂ.૪૦૦૦ અને બે માસની દવા માટે બીજા રૂ.૩૦૦૦ થશે તેમ કહ્યું હતું.

આ પછી બીજા અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો અને તેને પણ વેઈટ લોશ અને દવા બાબતે વાતચીત કરી દવાથી ફેર ન પડતો હો તો વધુ હેવી ડોઝની દવા મોકલ આપવા બહાને વધુ રૂપિયા પડાવ્યા હતા. આગળ જતા ખોટા બીલો તેમજ ઈંમ્નાના ખોટા લેટર તથા હર્ષવર્ધન દ્વારા પોતાની ઓળખ ઈંમ્નાના અધિકારી તરીકે આપી ફરિયાદીને બ્લેકમેલ કરી અલગ અલગ સમયે મળી કુલ ૮૪.૩૮ લાખ પડાવી લીધા હતા જે અંગે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા આઈટી એક્ટ તેમજ મ્દ્નજી ની અલગ અલગ કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ તપાસ દરમિયાન આ કેસમાં ઈંમ્નાના અધિકારી તરીકે ઓળખ આપનાર હર્ષવર્ધનનું સાચું નામ મહમદ અલતમ્સ અલી હોવાનું અને તે પોતે દિલ્લીનો રહેવાસી હોવાનું સામે આવતા પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં આ કેસમાં પકડાયેલ મુખ્ય આરોપી હોવાનું સામે આવ્યું છે જે પોતે અલગ અલગ ત્રણથી ચાર બેન્ક એકાઉન્ટનો ઉપયોગ કરતો હતો જેમાં ફરિયાદી દ્વારા ૫૫ લાખ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા અને આ પૈકી કુલ ૨૬ લાખ રૂપિયા રિકવર કરવામાં આવ્યા છે.

# પેપર લીક સામે રાજકોટમાં રોષભેર ચક્કાજામ, જામનગરમાં ઉગ્ર રજૂઆત

રાજકોટઃ જામનગર સ્થિત ગુજરાત આયુર્વેદ યુનિવસટીની બીએએમએસ તૃતીય પ્રોફેશનલની શલ્ય તંત્ર-૧ વિષયની પરીક્ષાનું પેપર લીક થયાના ગંભીર આક્ષેપો વચ્ચે પ્રદેશ એનએસયુઆઈ દ્વારા રાજ્યવ્યાપી ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. રાજકોટમાં કાર્યકર્તાઓએ ચક્કાજામ કરીને જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા, જ્યારે જામનગરમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સમગ્ર પ્રકરણની ન્યાયિક અને નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરાઈ હતી.



તાજેતરમાં નીટ પેપર ફૂટવા મામલે રાજધાની દિલ્હીમાં કેન્દ્ર સરકાર સામે કોકરોચ પાર્ટીએ મોરચો માંડીને કડક કાયદો બનાવવા મજબૂર કરી છે, ત્યારે જ ગુજરાત આયુર્વેદ યુનિવસટીની બીએએમએસ પરીક્ષા શરૂ થાય તે પૂર્વે જ વોટ્સએપ પર વાયરલ થયેલા ૧૨ મહત્વના મુદ્દાઓમાંથી ૧૧ મુદ્દા પ્રશ્નપત્રમાં હૂબહૂ પૂછાતા શિક્ષણ જગતમાં ભારે ચકચાર મચી છે.

આ મુદ્દે આજે એનએસયુઆઈએ રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કર્યું હતું. રાજકોટમાં કોટેચા ચોક ખાતે રસ્તારોકો આંદોલન સાથે સરકાર વિરુધ્ધ સુત્રોચ્ચાર કરવામાં આવતા પોલીસે વિદ્યાર્થી આગેવાનોની અટકાયત કરી હતી. જ્યારે જામનગરમાં વિદ્યાર્થી આગેવાનો-કાર્યકરોએ ઉમટીને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. તેમનો આક્ષેપ છે કે પેપર તૈયાર કરનાર પ્રોફેસર ખુદ શંકાના દાયરામાં છે અને અગાઉથી જાણ કરવા છતાં યુનિવર્સિટી તંત્રની નિષ્ક્રિયતા ગંભીર બેદરકારી દર્શાવે છે. અગાઉ અનેક પરીક્ષાઓના પેપર લીક થયા હોવા છતાં સરકાર માત્ર કાગળ પર કડક કાયદાની વાતો કરે છે પરંતુ નક્કર પગલાં લેતી નથી.

વધુમાં એનએસયુઆઈએ ચેતવણી આપી છે કે જો પેપર સેટર અને જવાબદાર અધિકારીઓ સામે ત્વરિત ફોજદારી કાર્યવાહી નહીં થાય, તો વિદ્યાર્થીઓના હિતમાં રાજ્યવ્યાપી ઉગ્ર આંદોલન છેડવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી વહીવટી તંત્રની રહેશે.

# સૌરાષ્ટ્રને હાઈકોર્ટની બેન્ચ આપવા ફરી લડતના મંડાણ

## ૧૧ જિલ્લાના બાર એસોસિએશન હડતાળમાં જોડાયા, અન્ય રાજ્યોમાં એકથી વધુ બેન્ચ તો ગુજરાતમાં કેમ નહીં?

રાજકોટઃ સૌરાષ્ટ્રમાં રાજકોટને હાઈકોર્ટની બેન્ચ આપવાની માગ ફરી એકવાર ઉઠી છે. છેલ્લા એક વર્ષથી રાજકોટ બાર એસોસિએશન દ્વારા આ માંગ મુકવામાં આવી છે અને રજુઆત પણ કરવામાં આવી રહી છે જે અંતર્ગત આજરોજ રાજકોટ સહીત સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છના બાર એસોસિએશન દ્વારા એક દિવસની હડતાલ પાડી સરકારને આવેદનપત્ર પાઠવી લેખિત રજુઆત કરવામાં આવી છે.


સૌરાષ્ટ્ર કચ્છના ૮૦ તાલુકાના ૫૦૦૦થી વધુ ગામડાઓ આવેલ છે અને ગુજરાત હાઈકોર્ટમાં ૪૦% લીટીગેશનના કેસ રાજકોટ સૌરાષ્ટ્ર કચ્છમાંથી આવેલા છે જેથી હાઈકોર્ટનું ભારણ પણ ઘટશે અને લોકોને ઝડપી ન્યાય પણ મળશે. બીજી તરફ મધ્યપ્રદેશ, રાજસ્થાન, બંગાળ, કર્ણાટક જેવા રાજ્યોમાં પણ એકથી વધુ હાઈકોર્ટ બેન્ચ આવેલી છે તો ગુજરાત કેમ નહિ તે સવાલ સાથે ભાર પૂર્વક રજુઆત કરવામાં આવી છે.

ગુજરાત બાર એસોસિએશનના પૂર્વ ચેરમેન અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્ય દિલીપભાઈ પટેલએ જણાવ્યું હતું કે, રાજકોટને હાઈકોર્ટ બેંચ મળે એ માટે વર્ષોથી રજુઆત કરવામાં આવી રહી છે અને છેલ્લા એક વર્ષથી ફરી લડત ચલાવવામાં આવી રહી. અગાઉ પણ બેઠક કરવામાં આવી હતી એ રીતે શનિવારે પણ સૌરાષ્ટ્રના અલગ અલગ બાર એસોસિએશન સાથે બેઠકનું આયોજન કરી આજે ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ એક દિવસીય હડતાલનું એલાન કરી સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છના બાર એસોસિએશન આજે કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહી સરકારને આવેદન પત્ર પાઠવી રૂબરૂ લેખિત રજુઆત કરી હતી.

તેમને વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટમાં હાઈકોર્ટની બેચથી સૌરાષ્ટ્રના લોકોને સીધો ફાયદો થશે તેવું તમામ બાર એસોસિએશનનું માનવું છે માટે આ લડત મજબૂત રીતે આગળ વધારવા પ્રયત્ન કરી રહ્યા છીએ. થોડા દિવસ અગાઉ કાયદામંત્રીને રજુઆત કરવામાં આવી હતી એમને હકારાત્મક અભિગમ રાખ્યો છે. અને આ જ રીતે સૌરાષ્ટ્રના તમામ ધારાસભ્ય અને સાંસદ સભ્યોને પત્ર લખી લેખિત રજુઆત કરવામાં આવી છે અને આગળ પણ આ જ રીતે રજૂઆતને મજબૂત બનાવી લડત આગળ વધારવામાં આવશે.

# જેતપુરમાં ૪ વર્ષના બાળકનું પાણીના ટાંકામાં ડૂબી જવાથી મોત

## બાંધકામ સ્થળે રમતા રમતા ખુલ્લા ટાંકામાં પડ્યો



રાજકોટઃરાજકોટ જિલ્લાના જેતપુરમાં એક ઘટના સામે આવી છે. નકલંગ રોડ પર આવેલા એક બાંધકામ સ્થળે રમતા રમતા ચાર વર્ષનું માસૂમ બાળક પાણીના ખુલ્લા ટાંકામાં ડૂબી ગયું હતું. આ દુર્ઘટનામાં બાળકનું મોત નીપજ્યું છે.

માહિતી મુજબ, જેતપુરના નકલંગ રોડ પર સ્પેસ સ્કૂલ પાછળ ટેનામેન્ટનું બાંધકામ ચાલી રહ્યું છે. મૂળ દાહોદ જિલ્લાનો એક શ્રમિક પરિવાર અહીં મજૂરી કામ માટે આવ્યો હતો. પરિવારના સભ્યો જ્યારે કામમાં વ્યસ્ત હતા, ત્યારે તેમનો ચાર વર્ષનો દીકરો બાંધકામ સ્થળની આસપાસ રમી રહ્યો હતો.

રમતા રમતા બાળક અચાનક જમીનમાં બનાવેલા ખુલ્લા પાણીના ટાંકા પાસે પહોંચી ગયો અને તેમાં પડી ગયો. લાંબા સમય સુધી બાળક ન દેખાતા પરિવારે તેની શોધખોળ શરૂ કરી.

શોધખોળ દરમિયાન પરિવારજનોએ પાણીના ટાંકામાં તપાસ કરતા બાળક ડૂબેલી હાલતમાં મળી આવ્યો. બાળકને તાત્કાલિક ટાંકામાંથી બહાર કાઢી સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો.આ દુર્ઘટનાની જાણ થતા જ જેતપુર સિટી પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે અને હોસ્પિટલ પહોંચી હતી. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો છે અને વધુ તપાસ શરૂ કરી છે.

# DCPએ CP કચેરીમાંથી સ્કૂટર ડિટેન કર્યું, માલિકને ફોન કર્યો તો કહ્યું 'મારું સ્કૂટર બે વર્ષ પહેલાં ચોરાયું છે'!

## આજી ડેમ ચોકડી પાસેથી ચોરાયેલું સ્કૂટર કમિશનર કચેરીમાં કોણ મૂકી ગયું, તપાસ શરૂ

રાજકોટઃશહેર ટ્રાફિક પોલીસની નંબર પ્લેટ વગર દોડતા વાહનો વિરુદ્ધ ચાલતી ઝુંબેશમાં બગાસું ખાતા પતાસું મળ્યા જેવો ઘાટ થયો છે.

પોલીસ કમિશનર કચેરીમાંથી ડિટેન કરાયેલું એક એક્ટિવા બે વર્ષ પહેલાં ચોરાયાની વિગતો પ્રકાશમાં આવતા પોલીસ પણ ચોંકી ઊઠી હતી અને સીસીટીવી ફૂટેજના આધારે વાહનચોરને પકડવા કવાયત આદરી છે.રાજકોટ શહેર ટ્રાફિક ડીસીપી હરપાલસિંહ જાડેજા દ્વારા નંબર પ્લેટ વગર દોડતાં વાહનો સામે કડક ઝુંબેશ આદરવામાં આવી છે. જેના ભાગરૂપે પ્રથમ તબક્કામાં ૩ દિવસમાં જ શહેરમાંથી કુલ ૬૦ ટૂ-વ્હિલર ડિટેન કરાયાં હતાં.જેમાંથી ૧૨ જેટલાં વાહન પોલીસ કમિશનર કચેરીમાંથી જ પકડાયાં હતાં. જોકે, સીપી કચેરીમાંથી ડિટેન કરાયેલા એક નંબર વગરના એક્ટિવાના ચેસિસ નંબર પરથી માલિકને શોધી દંડ ભરવા ફોન કરાતાં ચોંકાવનારો ખુલાસો થયો હતો.

માલિકે જણાવ્યું હતું કે, તેમનું એક્ટિવા તો બે વર્ષ પહેલાં ચોરાઈ ગયું છે અને આજી ડેમ પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાયેલી છે. આ સાંભળી પોલીસ ચોંકી ઊઠી હતી અને સીપી કચેરીમાં જ ચોરાઉ વાહન મૂકી જનાર વાહનચોરની શોધખોળ શરૂ કરી છે.

ડીસીપી હરપાલસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ચોરાયેલા એક્ટિવાનો કબજો આજી ડેમ પોલીસ મથકના તપાસનીશ કર્મચારીને સોંપવામાં આવ્યો છે.

આજી ડેમ પીઆઈ એચ.એન. પટેલે જણાવ્યું હતું કે, સીપી કચેરીમાંથી મળી આવેલું એક્ટિવા નવા થોરાળા રામનગર સોસાયટી શેરી નં.૫માં રહેતા અને આઈટીઆઈ પાસે પાનનો ગલ્લો ધરાવતા કરણસિંહ નટુભા ઝાલાનું છે. ગત તા.૧૨-૫-૨૦૨૪ના રોજ ભાવનગર રોડ પર રવિવારી બજારના ગેટ પાસેથી તેમનું એક્ટિવા ચોરાયું હતું, જે અંગે તા.૨૧-૫-૨૦૨૪ના રોજ આજી ડેમ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ટૂંક સમયમાં જ વાહન મૂકી જનારને પકડી પાડવામાં આવશે.હાલમાં ટ્રાફિક શાખા દ્વારા નંબર પ્લેટ વગરના વાહનો વિરુદ્ધ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે તે ગુનાખોરીને અંકુશમાં લેવામાં તો મદદગાર સાબિત થશે જ પરંતુ કાયદાનો ભંગ કરતા લોકો માટે પણ એક શીખ સાબિત થશે. ત્યારે લોકોમાંથી એવા સવાલ ઊઠી રહ્યા છે કે ટ્રાફિક પોલીસ જોડીસીબી, પીસીબી, એસઓજી અને પોલીસ સ્ટેશનોમાં ચેકિંગ કરે તો નંબર પ્લેટ વગરના ?વાહન લઈને આવતા અનેક પોલીસ કર્મચારીઓ ઝપટે ચડવાની શક્યતા નકારી શકાય નહી.

# કાર લે-વેચ કરતા યુવાને પોલીસ કમિશનર કચેરીમાં ફિનાઈલ પીધું

રાજકોટઃરજનીશભાઈ પાલા (ઉ.વ.૪૦) કાર લે-વેંચનો ધંધો કરે છે અને તેઓ બે ભાઈમાં મોટા છે તેમજ તેમને સંતાનમાં બે દિકરા હોવાનું સામે આવ્યું છે. નડીયાદના અનીલ નામનો વ્યક્તિ અને રાજકોટના તેના ભાણેજ અમિતને એક થાર કાર રજનીશભાઈએ વહેંચી હતી જે બંનેએ કાર પોતાના નામે કરાવી લઈ પુરી રકમ આપી ન હતી જે અંગે ભક્તિનગર પોલીસમાં અરજી પણ કરી હતી જે અંગે પીઆઈને રજુઆત કરતા કાર તુરંત કાર્યવાહીથી પરત અપાવવા સૂચના આપી હતી પણ જેની પાસે તપાસ હતી તે પોલીસ સ્ટાફે ગંભીરતાથી તપાસ ન કરી હોવાના આક્ષેપ સસથે પોલીસ કમિશનર કચેરીએ આવી ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. હાલ પોલીસે તેનું નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### લોનના હપ્તા ચડી જતા પ્રૌઢે ઝેરી દવા પીધી

કોઠારીયા રોડ પર રહેતા પ્રકાશભાઈ નીતિનભાઈ સિદ્ધપુરા (ઉ.વ.૪૫) ગઈકાલે સાંજે ૪ વાગ્યા આસપાસ ગોંડલ હાઈવે ઉપર કોરાટ ચોક નજીક ખોડીયાર હોટલ પાસે હતા ત્યારે ઝેરી દવા પી લેતા તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તાત્કાલિક દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં પ્રકાશભાઈ એક ભાઈ અને એક બહેનમાં મોટા હોવાનું સામે આવ્યું છે. તેમને સંતાનમાં એક દીકરી છે.પોતે ખોખળદળ નજીક વેલ્ડીગ ફેબ્રિકેશનનું કારખાનું ધરાવે છે જેમાં ધંધા માટે તેઓએ લોન લીધી હતી. આ લોનના હપ્તા ચડી જતા આર્થિક ભીસ આવતા પગલું ભર્યાનું અનુમાન છે. હાલ પ્રકાશભાઈ સારવાર હેઠળ છે જેનું નિવેદન લેવા પોલીસે તજવીજ હાથ ધરી છે.

# ૫ લાખના ચેક રિટર્ન કેસમાં જય સોમનાથ એન્ટરપ્રાઈઝના માલિકને એક વર્ષની કેદ

રાજકોટઃલીઝની રોયલ્ટી અને પેનલ્ટી ભરવા માટે મિત્ર પાસેથી લીધેલા રૂ. ૫ લાખના ચેક રિટર્ન કેસમાં રાજકોટની અદાલતે જય સોમનાથ એન્ટરપ્રાઈઝના માલિક કપીલ મનોજભાઈ દવેને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. ગીરસોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના ટોબરા ગામે લીઝનો વ્યવસાય કરતા ફરિયાદી હસમુખ ભીખાભાઈ બાંભણિયાએ સંબંધના આધારે આરોપીને રૂ.૫ લાખ આપ્યા હતા. રકમ પરત કરવા અપાયેલો ચેક બેંકમાં રજૂ કરતાં "અપૂરતા ભંડોળ"ના કારણે પરત ફર્યો હતો અને કાયદેસરની નોટિસ છતાં ચૂકવણી ન થતાં ફરિયાદીએ રાજકોટ કોર્ટમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી.

સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષના એડવોકેટ સુરેશ ફળદુએ દસ્તાવેજી પુરાવા અને સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટના ચુકાદાઓના આધારે કેસ મજબૂત રીતે પુરવાર કર્યો હતો. તમામ પુરાવા ધ્યાને લઈ કોર્ટ દ્વારા આરોપીને દોષિત ઠેરવી એક વર્ષની કેદ તથા રૂ.૫ લાખ વળતર ચૂકવવાનો ચુકાદો આપ્યો છે.

# જેતપુરમાં નેશનલ હાઈવે પર ધારેશ્વરથી તત્કાલ ચોકડી સુધીના ગેરકાયદેસર દબાણો પર બુલડોઝર ફેરવાયું

રાજકોટઃજેતપુરમાં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ધારેશ્વરથી તત્કાલ ચોકડી સુધીના માર્ગ પર ગેરકાયદેસર દબાણો હટાવવાની મેગા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. માર્ગ સલામતી અને ટ્રાફિક વ્યવસ્થા સુધારવાના હેતુથી આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ અભિયાનમાં હોટલો, ટી-શૉપ્સ, પાન-ગલ્લા અને અન્ય મોટા કોમર્શિયલ સ્ટ્રક્ચર્સને બુલડોઝરની મદદથી તોડી પાડવામાં આવ્યા હતા.

પોરબંદર-જેતપુર નેશનલ હાઈવે નંબર ૨૭ ના અર્બન સેક્શનમાં સર્વિસ રોડ અને દ્વઊઁછૈં પર ગેરકાયદેસર દબાણો થયા હતા. જેમાં ટી-શૉપ્સ, પાન-ગલ્લા, વેરહાઉસ અને ફેક્ટરીઓની બાઉન્ડ્રી વોલનો સમાવેશ થતો હતો. આ દબાણોને કારણે સ્થાનિક ટ્રાફિક અને સર્વિસ રોડ પર વાહનચાલકોને ભારે મુશ્કેલી પડતી હતી, તેમજ રોડ યુઝર્સની સુરક્ષા સામે પણ જોખમ ઊભું થયું હતું.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા ,



રાજકોટ ઓફિસના અધિકારી પ્રશાંત રંગારીએ જણાવ્યું હતું કે,અગાવ દબાણકર્તાઓને નોટિસ આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું. લોકોને તેમના કોમર્શિયલ સ્ટ્રક્ચર્સ અન્ય સ્થળે ખસેડવા માટે ત્રણ-ચાર મહિનાનો પૂરતો સમય આપવામાં આવ્યો હતો. જોકે, કેટલાક લોકો દ્વારા સ્વેચ્છાએ દબાણો દૂર ન કરાતા, પોલીસ સુરક્ષા સાથે આ ડિમોલિશનની કાર્યવાહી ફરજિયાતપણે શરૂ કરવી પડી.

# ગોપાલ ચોક ડબલ મર્ડરઃ૮ દી' બાદ વધુ એક આરોપી શિવા ડોંડા ઝડપાયો

રાજકોટઃ રાજકોટના ગોપાલ ચોક પાસે ૨૦ જુલાઈની મધરાતે ૯ કરોડની વિવાદિત જમીનના રૂપિયાના વિવાદમાં બે સગાં ભાઈની હત્યાના કેસમાં યુનિવર્સિટી પોલીસે મંગળવારે વધુ એક આરોપીની ધરપકડ કરી હતી.

પૈસાની ભાગબટાઈમાં થયેલા ડબલ મર્ડરમાં હથિયાર સાથે આરોપી લાખાની ધરપકડ બાદ પોલીસે વધુ એક આરોપી શિવા ડોંડાને ઝડપી લીધો છે. ઘટનાના આઠ દિવસ બાદ ૨૮ જુલાઈએ આરોપી પોતાના ઘર પાસે આવ્યો હોવાની ચોક્કસ બાતમી મળતા યુનિવર્સિટી પોલીસ મથકના સ્ટાફે વોચ ગોઠવી તેની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, શિવા ડોંડા છેલ્લા આઠ દિવસથી ફરાર હતો. હવે તેની કોર્ટમાં રિમાન્ડની માગણી કરવામાં આવશે. રિમાન્ડ દરમિયાન આરોપી આ સમયગાળા દરમિયાન ક્યાં છુપાયો હતો, કોના સંપર્કમાં રહ્યો હતો, કોને આશરો આપ્યો હતો તેમજ બનાવમાં તેની ચોક્કસ શું ભૂમિકા હતી તે અંગે સઘન પૂછપરછ કરવામાં આવશે.

તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, ઝડપાયેલો શિવા ડોંડા અગાઉ ઝડપાયેલા આરોપી લાખાનો ફઈનો દીકરો ભાઈ થાય છે. બંને વચ્ચે થયેલા સંપર્કો અને ઘટનાના દિવસે તેમની ભૂમિકા અંગે પણ પોલીસ પુરાવા એકત્ર કરી રહી છે. કેસમાં હજુ અન્ય પાસાઓની તપાસ ચાલુ છે અને શિવાની પૂછપરછથી સમગ્ર હત્યાકાંડના વધુ મહત્ત્વના તથ્યો બહાર આવે તેવી પોલીસનેઆશા છે.